
ગોસ્વામી શ્રી તુલસીદાસજી વિરચિત

# રામચરિતમાનસ

# લંકાકાંડ



*

ભાવાત્મક પદ્યાનુવાદ



## - શ્રી યોગેશ્વર

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


*


**e-book**

Title : Lanka-kand
Language : Gujarati
Version : 4.1
Pages : 128
Created : July 21st 2024.


*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

*

## ૧.આરંભ

रामं कामारिसेव्यं भवभयहरणं कालमत्तेभसिंहं
योगीन्द्रं ज्ञानगम्यं गुणनिधिमजितं निर्गुणं निर्विकारम ।
मायातीतं सुरेशं खलवधनिरतं ब्रह्मवृन्दैकदेवं
वन्दे कन्दावदातं सरसिजनयनं देवमुर्वीशरूपम ॥१॥

(શાર્દૂલવિક્રિડિત – જે ચૈતન્ય ચરાચરે)

વંદું કામારિસેવ્ય ભવભયહરતા કાળમત્તેભસિંહ
યોગી ને જ્ઞાનગમ્ય ગુણનિધિ અજિત નિર્ગુણ નિર્વિકાર,
માયાસ્વામી સુરેશ ખદ્યવધનિરત બ્રહ્મબ્રહ્માંડદેવ
મેઘશ્યામ પ્રતાપી સરસિજનયન રામ ઉર્વીશરૂપ.

*

शंखेन्द्वाभमतीवसुन्दरतनुं शार्दूलचर्माम्बरं
कालव्यालकरालभूषणधरं गंगाशशांकप्रियम ।
काशीशं कलिकल्मषौघशमनं कल्याणकल्पद्रुमं
नौमीड्यं गिरिजापतिं गुणनिधिं कन्दर्पहं शङ्करम ॥२॥

(શાર્દૂલવિક્રિડિત)

જે છે શંખ શશાંક કાંતિતન ને શાર્દૂલ ચર્મામ્બર
કાળવ્યાલ કરાળ ભૂષણધર ગંગા શશાંકપ્રિય,
પ્રાર્થું તે કલિકલ્મષૌઘશમન કલ્યાણ કલ્પદ્રુમ
ગૌરીના પતિ શંભુ સદગુણનિધિ કંદર્પના નાશક.

*

यो ददाति सतां शम्भुः कैवल्यमपि दुर्लभम ।
खलानां दण्डकृद्योऽसौ शङ्करः शं तनोतु मे ॥३॥

(અનુષ્ટુપ)

સજ્જનો સમર્પે જે અતિદુર્લભ મુક્તિને,
દુષ્ટોને દંડ દેનારા ભક્તોના અભયંકર;
કાશીશને સ્તવું છું એ આશીર્વાદ મને ધરો,
કરો કલ્યાણ, સુખની અભિવૃદ્ધિ સદા કરો.

(દોહરા)

લવ નિમેષ પરમાણુ યુગ વર્ષ કલ્પ શર ચંડ,
ભજે ન કાં મન રામને કાળ જેનું કોદંડ ?

*

## ૨.સેતુરચના

સિંધુવચનને સાંભળી સચિવ વદ્યા હે રામ,
વિના વિલંબ કરો હવે સેતુતણું શુચિ કામ.

કહ્યું જાંબવાને તરત રામ ભાનુકુલ કેતુ,
નામ આપનું સેતુ છે ભવ તરવાને હેતુ.

અલ્પ સિંધુને તો પછી તરવામાં શી વાર ?
હનુમાન વદ્યા સિંધુને શોષી લો તત્કાળ.

વડવાનલસમ દિવ્ય છે પ્રભુપ્રતાપ ભારી,
રડવા લાગી કિન્તુ સૌ શોકે રિપુનારી.

અશ્રુધારથી એમની ફરી ભરાયો એ
વળી બની ખારો ગયો. અત્યુકિત સુણીને.

કપિ હર્ષિત સઘળા બન્યા; કહ્યું જાંબવાને,
નલનીલ ધરો રામના પ્રભાવને ધ્યાને.

રચના સેતુતણી કરો કપિ ને ભાલુ મળી,
રામચરણપંકજ ઉરે કરો સહાય ધરી.

કપિ ને ભાલુ પછી વદી જયજય શ્રીરઘુવીર,
પર્વત તેમજ વૃક્ષને ઉપાડી લઈ ધીર.

લાગ્યા નલ ને નીલને નેહથકી દેવા,
મંડાયા ત્યાં સેતુના શ્રીગણેશ એવા.

(આખ્યાન)

શૈલ વિશાળ વાનરે આણ્યા, નલનીલે કંદુકસમ જાણ્યા;
રચના સેતુતણી અતિસુંદર જોઈ બોલ્યા પ્રભુ અભયંકર.

ભૂમિ રમ્ય ઉત્તમ છે આ, વર્ણવાય મહિમાને ના;
સ્થાપું શિવને હવે અહીં, ભાવના પરમ હૃદય રહી.

દૂત જઈ સુગ્રીવતણા લાવ્યા મુનિવર શ્રેષ્ઠ ઘણા;
લિંગસ્થાપના તરત કરી પૂજા વિધિવત સર્વ ધરી.

શિવસમાન પ્રિય અન્ય નહીં રામે અનુભવવાત કહી;
શિવદ્રોહી મુજ ભક્ત મનાય સ્વપ્ને તો મુજને ન પમાય.
શંકરવિમુખ ભક્તિ મુજ ચહે મૂર્ખ અબુધ એ નરકે રહે.

(દોહરા)

શંકરપ્રિય મુજ દ્રોહી, શિવદ્રોહી મુજ દાસ,
તે બંને નર કલ્પ સુધી કરે નરકમાં વાસ.

(આખ્યાન)

જે રામેશ્વરદર્શન કરે તેને મારો લોક મળે;
ચઢાવશે ગંગાજલ જે સાયુજ્ય લભે મુક્તિ તે.

છળ છોડી નિષ્કામ બની કરશે રામેશ્વર સેવન;
ભક્તિ પામશે મુજ સ્વરૂપની શિવની કૃપાથકી તે પણ.

દર્શન સેતુતણું કરશે અનાયાસ તે ભવ તરશે.
રઘુપતિની છે એવી રીત પ્રણત ઉપર પ્રીત કરે નીત.

નીલનલે શુચિ સેતુ કર્યો, કૃપાથકી યશ શ્રેષ્ઠ મળ્યો.
ડૂબે ઉપલ ડુબાડે જે બન્યા વહાણ બરાબર તે.

પથ્થર ગુણ કપિની કરણી શક્તિ જલધિની ના સઘળી,
મહિમા રઘુવરનો સઘળો, પંડિત સમજે ભેદ ખરો.

(દોહરા)

જે રઘુવીર પ્રતાપથી સિંધુ તર્યા પાષાણ,
ભજે અન્ય તેને તજી તે નર મૂર્ખ સમાન.

(આખ્યાન)

સુદૃઢ સેતુની સૃષ્ટિ કરી કૃપાસિંધુ મન ગયું ઠરી;
સૈન્ય વધ્યું વર્ણન નવ થાય, ગરજ્યા મર્કટ ભટ સમુદાય.

ચઢી સેતુહૃદયે રઘુરાય જોવા લાગ્યા સિંધુ વિશાળ;
દર્શન કરવા કરુણાકંદ પ્રગટ્યાં સર્વે જલચરવૃંદ.

મગરમચ્છ મીન વળી વ્યાલ શત યોજન તનનાં સુવિશાળ,
ભક્ષણ કરે એમનું જે ડરે જંતુ બીજાથી ને

કરી રહ્યાં તે પ્રભુદર્શન પરમ અનુભવી આકર્ષણ,
મગ્ન બન્યાં પ્રભુરૂપમહીં, હઠ્યાં હઠાવ્યા છતાં નહીં.

ચાલ્યું સૈન્ય મળ્યે આદેશ, કોણ વર્ણવે એને લેશ ?

(દોહરા)

ભીડ સેતુબંધે થઈ ચાલ્યા કપિ નભપંથ,
ચાલ્યા જલચર પર ચઢી વાનરવીર અનંત.

કૌતુક દેખી અનુજસહ કૃપાસિંધુ રઘુરાય,
ઊતર્યા તટ પર સૈન્યસહ કરતાં દિવ્ય સહાય.

મુકામ સિંધુતટે થતાં આજ્ઞા તરત કરી,
ફળાદિને આરોગવા સેના ગઈ વળી.

ઋતુ કે કાળ વિચારને ત્યાગી વૃક્ષ ફળ્યાં,
રામકાજ સૌએ સરસ ફળને મધુર ધર્યાં.

વૃક્ષ હલાવ્યાં વાનરે ફળ ખાઈ રસસાથ,
પર્વતશિખરોનો કર્યો લંકા તરફ પ્રપાત.

ઘેરી રહ્યા નચાવતા રાક્ષસ કો મળતાં,
નાકકાન કાપી પરમયશ પ્રભુનો કથતા.

એવા અસુરોએ કહી રાવણને સૌ વાત;
સમુદ્ર બંધાયો સુણી કંપ્યાં એનાં ગાત.

બાંધ્યો વનનિધિ નીરનિધિ જલધિ સિંધુ વારીશ,
ખરે તોયનિધિ કંપતિ ઉદધિ પયોધિ નદીશ ?

*

## ૩.મંદોદરીની શિખામણ

(દોહરા)

વ્યાકુળ રાવણ ભય તજી કૃત્રિમ હાસ્ય હસી,
ગયો હર્મ્યમાં; મનમહીં શંકા ઘોર વસી.

આવ્યા પ્રભુ સાગર વળી બંધાયો જાણી,
મંદોદરી વદી પરમ સુધાછલી વાણી.

ચરણે શીશ નમાવતાં પાલવ પાથરતાં,
બોલી, ક્રોધ તજી સુણો પ્રિય, વચનોને આ.

બુદ્ધિબળથી જેહને જીતી નાથ શકાય,
વેર ઉચિત તેના થકી કરવું કહ્યું સદાય.

દિનકર ને ખદ્યોતશું અંતર ખરે રહ્યું,
રામમાં તમારામહીં સાચી વાત કહું.

મધુકૈટભ બળવાન ને દિતિસુતને માર્યા,
બલિને બાંધ્યો ને હણ્યો સહસ્ત્રભુજને હા,

તે પ્રભુ હરવાકાજ છે પ્રગટ્યા પૃથ્વીભાર
વિરોધ ન કરો તેમનો; જીવ કર્મ ને કાળ

દાસ તેમના; રામને સીતા સોંપી દો,
શ્રેય હોય જો સાધવું સર્વ પ્રકારે તો,

ચરણકમળ મસ્તક મૂકી પુત્રને દઈ રાજ,
વસી વને ભાવે ભજો રઘુનંદનને આજ.

(આખ્યાન)

દીનદયાળ નાથ રઘુરાય; વાઘ પણ શરણ જતાં ન ખાય;
તમે ચહ્યું તે સકળ કર્યું, ચરાચર જગત બળે હર્યું.

નીતિ કહે પંડિત મનભાવન વસે વૃદ્ધ બનતાં નૃપ કાનન;
ભજે તેમને જે છે ભર્તા કર્તા પાલક ને સંહર્તા

છે રઘુવીર પ્રણત અનુરાગી, ભજો એમને મમતા ત્યાગી;
કરે એમનો મુનિ અનુરાગ ભૂપ વળી તપ ખાતર ત્યાગ.

રામ કોશલાધીશ રસાળ આવ્યા કરવા કૃપા કૃપાળ;
માની મારી સત્ય શિખામણ પામો યશ ત્રિભુવનમાં પાવન.

(દોહરા)

કંપિત કાયે પદ ગ્રહી ભરી નયનમાં નીર,
બોલી રામ ભજો કરો સૌભાગ્ય અચળ, વીર !

(આખ્યાન)

કહ્યું રાવણે દંભ કરી મિથ્યા પ્રિયા, રહી તું ડરી;
વિશ્વે મારાસમ કો વીર, યુદ્ધે કોનું વધ્યું ખમીર ?

વરુણ કુબેર પવન યમકાળ જીત્યા ભુજબળ મેં દિગપાલ;
દેવદનુજ વશ સકળ કર્યા, મુજથી મુનિનરલોક ડર્યા.

સમજાવીને કહેતાં એમ મરણાસન્ન જીવની જેમ;
કર્યો સભામાં પછી પ્રવેશ પ્રકાશ ના પામી લવલેશ.

કરી રહી પ્રમદા અનુમાન કાળવશ કરે છે અભિમાન.

*

## 4.પ્રહસ્તની સલાહ

(દોહરા)

સચિવોને પૂછ્યું કહો યુદ્ધ કેમ કરવું,
કહ્યું એમણે નાથ, ના લેશ ઘટે ડરવું.

કોનો ભય છે, મનુજ સૌ વાનર ભાલુ વળી,
આહાર કહ્યા આપણા, જશે બધાય મરી.

રાવણપુત્ર પ્રહસ્ત પણ બોલ્યો, નીતિ તજી,
ઘટે વર્તવું ના, વખત વીત્યો નથી હજી.

સ્વલ્પ બુદ્ધિ સચિવોતણી, ખુશામત કરે સર્વ;
કપિ આવીને એક દિન હણી ગયેલો ગર્વ.

ચરિત્ર એનું આજ પણ નગરજનો સૌ ગાય;
ત્યારે ક્ષુધા ગયેલ કયાં, કેમ બન્યા અસહાય ?

પુરને બાળ્યું ના કર્યો ત્યારે કપિ-આહાર;
ચારેકોર કર્યો સતત એણે હાહાકાર.

સચિવોનો મત પ્રિય છતાં દુઃખદાયક બનશે,
અહંકાર અજ્ઞાન ને પોતાને હણશે.

સિંધુ રમતમાં બાંધતાં ઊતર્યા સેના સાથ,
સુવેલ ગિરિ પર ભીડશો તેની સાથે બાથ ?

માનો માનવ એમને એ જ પરમ અજ્ઞાન;
કાયર ના માનો મને, ધરો વચનને ધ્યાન.

પ્રિય વચનોને સાંભળે અને કહે એવા,
અનેક માનવ છે જગે પ્રિય લાગે તેવા.

કઠોર પણ વચનો વદે હિતનાં તેમ સુણે,
એવા માનવ અધિક ના જગમાં કિન્તુ મળે.

દૂત પાઠવીને પ્રથમ સીતા મુક્ત કરો,
રામની કરો મિત્રતા, ઉપાય એ જ ખરો.

નારી પામી જાય તો વધારશો ના કલેશ,
સમરાંગણથી અન્યથા ગભરાશો ના લેશ.

સલાહ મારી માનશો યશ તો મેળવશો;
દસકંઠ વદ્યો રોષથી, શઠ પ્રલાપ કર શો ?

દુર્બુદ્ધિ કોણે ધરી, સંશય કેમ કરે,
અયોગ્ય વંશમહીં વિમળ વેલો બન્યો ખરે.

વાણી કઠોર તાતની સુણતાં પ્રહસ્ત એ,
ગૃહે ગયો અંતે કહી અંતિમ વચનોને.

હિતની સલાહ ના ગમે મારી આ તમને,
જેમ કાળવશ માનવી ઔષધને ન ગ્રહે.

*

રાવણ પર્વત શિખર પર સંધ્યાસમય થતાં,
આવ્યો હર્મ્યે કિન્નરો ગાતા જ્યાં સઘળા.

વીણા ઝાંઝ પખાજ ત્યાં મધુર રહ્યાં વાગી,
અપ્સરા વળી નર્તવા લાગી અનુરાગી.

સહસ્ત્ર ઈન્દ્રસમાન એ કરતો નિશદિન ભોગ,
ચિંતા છોડી શિર હતો જોકે રિપુનો યોગ.

પૂર્વ દિશામાં રઘુવરે પેખી પ્રગટ મયંક,
કહ્યું સર્વ ને વિધુ જુઓ સિંહસમો નિશ્શંક

(આખ્યાન)

પૂર્વદિશા ગિરિગુહાનિવાસી પરમપ્રતાપ તેજબળરાશી,
તમિસ્ત્રથર ગજશીશ વિદારી શશિકેસરી ગગન વનચારી.

વિખર્યાં મોતી નભના તારા નિશાસુંદરી ભૂષણ ન્યારાં;
શ્યામ ડાઘ છે વિધુમાં જે પૂછ્યું પ્રભુએ શું છે તે,
નિજ નિજ મતિ અનુસાર કહો અનુભવરસને લેશ લહો.

સુગ્રીવ વદ્યા હે રઘુરાય, શશિમાં પ્રગટે ધરતીછાંય,
વદ્યા અન્ય કે માર્યો માર ચંદ્રસાથ લડતાં કદિકાળ,
ઘોર રાહુએ અંતર શ્યામ તેથી થયું ચંદ્રનું રામ !

વિધિએ રતિનું વદન કર્યું રૂપ તે સમે વિધુનું હર્યું,
છિદ્ર હૃદયમાં વિધુના તે પ્રગટ કરે નભછાયાને.

બોલ્યા પ્રભુ વિષ વિધુનો ભ્રાત રાખ્યો એથી હૃદયે સાથ,
વિષમય કરનો કરી પ્રસાર બાળે વિરહવંત નરનાર.

(દોહરા)

હનુમંત વદ્યા પ્રભુ સુણો શશિ છે તમ પ્રિય દાસ,
પ્રભુપ્રતિમા વિધુ ઉર વસે એ શ્યામતા-આભાસ.

પવનતનયનાં વચનથી વિહસ્યા રામ સુજાણ;
અવલોકી દક્ષિણ દિશા બોલ્યા કૃપાનિધાન.

(આખ્યાન)

જુઓ વિભીષણ દક્ષિણ ખાસ ઘન ઘમંડ દામિની વિલાસ;
મધુર મધુર ગરજે ઘન ઘોર, વૃષ્ટિ કરે છે કરા કઠોર.

વદ્યા વિભીષણ સુણો કૃપાળ, નથી તડિત કે વાદળમાળ,
લંકાશિખર ઉપર આગાર રાવણ નીરખે નૃત્ય રસાળ.

છત્ર શ્યામ શિર મેઘસમાન ઘટા જલદની એ બળવાન;
ચમકે ચપલાશાં કુંડળ મંદોદરી શ્રવણ સુંદર.

વાગે મૃદંગ તાલ અનુપ એ જ શબ્દ સુમધુર સુરભૂપ !
વિહસ્યા પ્રભુ જાણી અભિમાન, ધનુષ ચઢાવી તાકયું બાણ.

(દોહરા)

છત્ર મુકુટ કુંડળ તરત તોડ્યાં એક જ બાણ,
પડ્યાં સર્વના દેખતાં, થયું ન મર્મનું જ્ઞાન.

કૌતુક કરતાં રામશર આવ્યું ફરી નિષંગ;
ભય પામી રાવણસભા થતાં મહારસભંગ.

*

## ૫. મંદોદરીનો ઉપદેશ

(આખ્યાન)

ભૂકંપ ન નવ વાયુવિશેષ અસ્ત્રશસ્ત્ર નવ નીરખે નેન;
કરી રહ્યા સૌ ક્ષણિક વિચાર અપશુકન થયા આજ કરાળ.

નીરખીને ભયભીત સભા હસી રાવણે વચન કહ્યાં,
પતન શીશનું જેને શુભ તેને મુકુટ પડ્યે શું અશુભ ?

સુખે ગૃહ જઈ શયન કરો, ગયા ગૃહે સઘળા અસુરો.
કુંડળ પડ્યાં ધરિત્રી ઉપર બની ત્યારથી સતત વિકળ,
સજલ નયનથી કર જોડી મંદોદરી વ્યથિત થોડી.

વદી પ્રાણપ્રિય અરજ કરું, સુણો શ્રેયનું વચન ખરું,
વિરોધ ત્યાગો રામતણો, તમે એમને નર ન ગણો.

(દોહરા)

વિશ્વરૂપ રઘુવંશમણિ કાંત, કરો વિશ્વાસ,
વેદ કલ્પતા એમના અંગમહીં બ્રહ્માંડ.

(આખ્યાન)

પદ પાતાળ શીશ અજધામ અપર લોક અંગે કૃતકામ,
ભ્રૂકુટિવિલાસ ભયંકર કાળ નયન દિવાકર કચ ઘનમાળ.

ઘ્રાણ ઉભય અશ્વિનીકુમાર, નિમેષ દિન ને રાત અપાર,
શ્રવણ દસ દિશા વેદ વખાણ વાયુ શ્વાસ વેદ વળી વાણ.

અધર લોભ યમ દશન કરાળ, માયા હાસ્ય બાહુ દિગપાલ;
આનન અનલ અંબુપતિ જીભ,સૃષ્ટિ સ્થિતિ લય ક્રિયા અમીટ.

અષ્ટાદશ ઔષધિઓ રોમ, શૈલ અસ્થિ નસ સરિતાસ્ત્રોત;
ઉદધિ ઉદર ઈન્દ્રિય યાતના નરક, કરે કો પ્રભુકલ્પના ?

(દોહરા)

અહંકાર શિવ બુદ્ધિ અજ મન શશિ ચિત્ત મહાન,
રામ મનુષ્ય રૂપે વસે વિશ્વાત્મા ભગવાન.

એમ વિચારી પ્રાણપ્રિય, મનનો મેલ હરો,
પ્રીત કરી રઘુપતિપદે અચલ સુહાગ ધરો.

(આખ્યાન)

હસ્યો સુણી નારીની વાણ અહો મોહમહિમા બળવાન,
વિચિત્ર સ્ત્રીનો ખરે સ્વભાવ, અવગુણ આઠ રહે ઉરમાંહ્ય.

સાહસ અનૃત ચપળતા છળ, ભય અવિનય નિર્દયતા મળ;
રિપુના ગુણ તેં કહ્યા વિશાળ, ભય દર્શાવ્યો મને કરાળ.

પ્રિયા, સહજ વશ વિશ્વ મને, સમજાયો મહિમા ન તને;
પ્રિયા, ચતુરતા તુજ જાણી, બોલી મુજ પ્રતાપવાણી.

ગૂઢ વાત તુજ મૃગલોચની, સમજ્યે સુખપ્રદ ભયમોચની;
કર્યો સતીએ એમ વિચાર પતિને મતિભ્રમ થયો અપાર.

(દોહરા)

વિનોદ કરતાં એમ એ પ્રભાતમાં દસકંધ,
સભામહીં આવ્યો સહજ નિર્ભય મદથી અંધ.

અમૃતજલ વરસે છતાં નેતર ના જ ફળે,
જાગે મૂર્ખ ન એમ જો ગુરુ બ્રહ્માય મળે.

*

## ૬.અંગદનું દૂતકાર્ય

(દોહરા)

પ્રાત:કાળે રઘુવરે પૂછી સચિવ સલાહ,
કહ્યો જાંબવાને કરી વંદન ઉચિત ઉપાય.

(આખ્યાન)

હે સર્વજ્ઞ સકળ ઉરવાસી, ધર્મ તેજ મતિ બળ ગુણરાશી,
કહી રહ્યો નિજ મતિ અનુસાર, દૂત પાઠવો વાલિકુમાર.

લાગી રુચિકર સૌને વાણ; અંગદ બોલ્યા કૃપાનિધાન,
વાલિતનય મતિબળગુણધામ, અવસર આવ્યો કરવા કામ.

રિપુથી વદવી એવી વાણ એનું હો જેથી કલ્યાણ,
હેતુ આપણો સકળ સરે, રોગી ઊગરે રોગ મરે.

(દોહરા)

આજ્ઞા શિર ધારી નમી બોલ્યો અંગદ વીર,
કૃપા કરો તે થાય છે ગુણસાગર ને ધીર.

સ્વયંસિદ્ધ કાર્યો છતાં મને નિમિત્ત કરો,
રોમાંચિત હર્ષિત બન્યો, આદર મને ધરો.

પ્રણમી પ્રભુને ઉર ધરી પ્રભુતા નમવી શિર,
સૌને ચાલ્યો વાલિસુત રણપરાક્રમી વીર.

પ્રવેશતાં પુરમાં થયો રાવણસુત મેળાપ,
લડવા લાગ્યા વાતમાં બળથી ઉભય અમાપ.

અસુરે મારી લાત તો તેનો પગ પકડી,
પૃથ્વી પર નાખ્યો તરત વાલિસુતે પટકી.

નિશિચરનિકર મહાન એ યોદ્ધાને ભાળી,
ભીત બની ભાગી ગયા, શક્યા ન પોકારી.

કહી શક્યા એ મર્મને કોઈને પણ ના;
કહ્યું પુરજને પ્રથમનો આવ્યો વાનર આ;
લંકા બાળી બાળશે તનને તે સહુનાં.

સ્મરી રામપદકમળને ગયો રાજ્યદરબાર,
ધીર વીર વનરાજસમ જોવા લાગ્યો દ્વાર.

રાવણના આદેશથી દૂત ગયા દોડી,
લાવ્યા અંગદને તરત હિંમતને જોડી.

સજીવ કાજળ ગિરિસમો બેઠેલો જોયો,
રાવણને ત્યાં અંગદે તો પણ ના મોહ્યો.

(આખ્યાન)

ભૂજા વિટપ શિર શૃંગસમાન રોમસમૂહ લતા જ પ્રમાણ;
નયન નાસિકા મુખ ને કાન ગિરિકંદરા ગુફા અનુમાન.

(દોહરા)

અંગદ અતિબલ નિર્ભય આવ્યો સભામહીં,
ઊઠ્યા સભાસદ દેખતાં કપિવર શ્રેષ્ઠ લહી.

સિંહ મત્ત ગજજૂથમાં ચાલે નિર્ભય જેમ,
રામપ્રતાપ સ્મરી નમી અંગદ બેઠો એમ.

(આખ્યાન)

દસકંઠ વદ્યો કવણ છે બંદર, હું રઘુવીર દૂત અભયંકર;
મારા પિતાસાથ તુજ સખ્ય, આવ્યો તુજ હિતકાજ સહર્ષ.

ઉત્તમ કુળ પુલસ્ત્ય ઋષિપૌત્ર પૂજ્યા બહુવિધ બ્રહ્મારુદ્ર;
વર પામી સિદ્ધ કર્યાં કાજ, જીત્યા લોકપાલ સૌ રાજ.

રાજમદથકી મોહથકી વા હરી પુનિત સીતા જગદંબા,
હજુય માન શુભ વચન સલાહ ક્ષમા કરે પ્રભુ તો અપરાધ.

દશન તૃણ ગ્રહી કંઠ કુઠાર, પરિજનસહિત સંગ નિજનાર,
જનકસુતાને આગળ કરી સાદર ભયને ચાલ હરી.

(દોહરા)

પ્રણતપાલ રઘુવંશમણિ રક્ષા રામ કરો,
આર્ત ગિરાને સાંભળી ધરશે અભય ખરો.

સંભાળીને બોલજે કપિસુત, કોણ કહે,
તારો જનક તું કોણ ને ક્યાં એ મિત્ર રહે ?

મને ઓળખ્યો તેં નથી, દેવોનો રિપુ હું;
અંગદ બોલ્યો વાલિનો કુમાર અંગદ છું.

મેળાપ થયો તેમની સાથ કદી તારો ?
ક્ષોભિત બોલ્યો રાવણ, વાનર એ ન્યારો.

એ જ વાલિનો પુત્ર તું કુળઘાતક પાક્યો,
વંશાનલ તેં બાહુબળસ્વાદ નથી ચાખ્યો.

દૂત થયો તાપસતણો; વાલિ કુશળ ક્યાં છે ?
કહ્યું અંગદે દસ દિવસ વીત્યા પછી તને,

મેળાપ થશે વાલિનો, આલિંગી ત્યારે,
કુશળ એમનું પૂછજે ભાવથકી ભારે.

રામવિરોધીનું તને કુશળ કહેશે તે;
હોય હૃદય ના રામ તો કુશળ થવાયે શે ?

કુળઘાતક હું સત્ય તું કુળપાલક દસશીશ;
બધિર અંધ પણ ના કહે; નયન કાન તુજ વીસ.

(આખ્યાન)

શિવવિરંચિ સુરમુનિસમુદાય પ્રીત જેમની ચહે સદાય,
દૂત એમનો અલ્પ થયો, કુળતારક હું પરમ બન્યો.

બુદ્ધિ વિપરીત છે તારી, બંધ પડે ઉર ના ભારી;
કઠોર કપિની સુણતાં વાણ બોલ્યો રાવણ ક્રોધિત પ્રાણ,
નીતિધર્મની વાત લહું તેથી કટુ તુજ શબ્દ સહું.

બોલ્યો કપિ તું ધર્મપ્રાણ, પરસ્ત્રી ચોરી ધરતાં ધ્યાન.
કરી દૂતની રક્ષા તેં, ધર્મવ્રતી તું ઉત્તમ છે,

નાક કાન વિણ ભગિની થઈ તોય દંડ તેં કર્યો નહીં,
ધર્મ વિચારી ક્ષમા કરી, ધર્મશીલતા ખ્યાત ખરી.
દર્શન પામી તારું આજ બડભાગ થયો કાયમકાજ.

(દોહરા)

જડ કપિ, ના કર જલ્પના, નિહાળ મુજ ભુજને,
લોકપાલ બળ વિપુલ શશિ, રાહુ કાળરૂપ એ.

નભસર મમકરનિકરના કમળે કરતાં વાસ,
સુશોભિત બન્યો હંસસમ શંભુસહિત કૈલાસ.

અંગદ, તારા સૈન્યમાં યુદ્ધ કરે મુજ સાથ,
એવો યોદ્ધો કોણ છે ભીડે યમથી બાથ ?

(આખ્યાન)

તુજ પ્રભુ સ્ત્રીવિરહે બળહીન, અનુજ એજ દુ:ખથકી મલિન;
સરિતાતટના વૃક્ષસમાન તું ને એ સુગ્રીવ મહાન.

ભીરુ વિભીષણ મંત્રી વૃદ્ધ જાંબવાન શું કરશે યુદ્ધ ?
શિલ્પકળા જાણે નલનીલ; કપિ એક મહા છે બળશીલ,

બાળ્યું જેણે પુર તે કાળ; સુણીને વદ્યો વાલિકુમાર,
સત્ય કહે હે નિશિચરનાથ, નગર વાનરે બાળ્યું સાચ ?

યોદ્ધો માની કરે વખાણ સૈન્યમહીં તે નથી મહાન,
સુગ્રીવતણો પાર્ષદ તે, વીર નથી કહેવાતો એ,
સમાચાર લેવા આવ્યો સેવક છેક જ એ નાનો.

(દોહરા)

પ્રભુની અનુમતિ વિણ ખરે પુર એણે બાળ્યું,
એ ભયથી સુગ્રીવને વદન નવ બતાવ્યું.

સત્ય વદે રાવણ બધું, સુણી થતો ના રોષ,
લડતાં શોભે સંગ તુજ વીર ન એવો કોય.

પ્રીતિ વિરોધ સમાનથી એવી નીતિ ગણાય,
મૃગપતિ મંડૂકને હણે ઉત્તમ તો ન મનાય.

રામ હણે તુજને નથી શોભા એમાં લેશ,
તોપણ ક્ષત્રિય જાતિનો કઠિન ક્રોધ કે દ્વેષ.

વક્રોક્તિના બાણથી બાળ્યો રાવણપ્રાણ;
શબ્દસાણસે દસમુખે કાઢયાં જાણે બાણ.

રાવણ બોલ્યો, કપિતણો ગુણ છે ભારે એક,
પાળનારનું હિત કરે કરી ઉપાય અનેક.

(આખ્યાન)

કપિને ધન્ય જે નિજ પ્રભુકાજ નાચે જ્યાં ત્યાં તજતાં લાજ;
નાચીકૂદી હર્ષ ધરે, ધર્મનિપુણતા એ જ ખરે.

સ્વામીભક્ત ખરે તુજ જાત, કેમ કહે નવ પ્રભુગુણવાત ?
ગુણગ્રાહક હું પરમસુજાણ કટુ પ્રલાપ તુજ ન ધરું ધ્યાન.

બોલ્યો કપિ ગુણગ્રાહકતા પવનસુતે તુજ કહી પુરા;
કર્યો નગર સુત વનનો નાશ માન્યો તોપણ દોષ ન ખાસ.

સ્વભાવ સરસ વિચારી એ કરી ધૃષ્ટતા સાચે મેં;
કથન કપિતણું સત્ય થયું લાજ રોષ ના તને કશું.

(દોહરા)

વાલિ વિમળયશનું તને કારણ જાણીને,
નથી મારતો અધમ ને જડ અભિમાનીને.

જગમાં રાવણ કેટલા કહીશ રાવણ, તે ?
સાંભળજે મેં ખ્યાતિને સુણી કાનથી જે.

બલિરાજાને જીતવા એક ગયો પાતાળ,
બાંધ્યો તેને બાળકે અનાયાસ હયશાળ.

રમતાં બાળક એહના કરતાં ઉપર પ્રહાર,
બલિએ દાખવતાં દયા છોડાવ્યો તત્કાળ.

જંતુસમો પકડી વળી સહસ્ત્રભુજ લાવ્યો,
પુલસ્ત્યમુનિએ ત્યાં જઈ તેને છોડાવ્યો.

વળી વાલિએ એકને દાબ્યો ભરતાં બાથ,
એમાં તું રાવણ કયો કહે વીરતા સાથ.

(આખ્યાન)

શઠ, હું તે રાવણ બળવાન જેના બાહુબળતણું જ્ઞાન,
છે હરને હરગિરિને તેમ શિરસુમને સાધ્યાથી ક્ષેમ.

ઉતારતાં શિરકમળ સપ્રેમ પૂજ્યા શિવ મેં વાર અનેક;
ભુજપ્રતાપ જાણે દિગપાલ ડરે સદાયે સમજી કાળ.

મદોન્મત્ત ગજ ઉપર ચઢે નૌકા નાની તો ડગમગે,
ડોલે ધરતી સ્પર્શે તેમ જેના જાણી સ્વામી જેમ,

જગપ્રસિદ્ધ રાવણ તે હું પરમપ્રતાપી સત્ય કહું,
પ્રલાપ તોપણ કેમ કરે, નથી સાંભળ્યું નામ ખરે ?

(દોહરા)

તે રાવણને લઘુ કહી નરનાં કરે વખાણ,
રે કપિ બર્બર તુચ્છ ખલ, એ તારું અજ્ઞાન.

(આખ્યાન)

કહી અંગદે સકોપ વાણ, અરે અધમ માની અજ્ઞાન,
કાર્તવીર્યભુજ ગહન અપાર દહન અનલસમ પરશુ કરાળ.

જેની પરશુસિંધુની ધાર ડૂબ્યા નૃપ અનેક બહુ વાર,
હર્યું એમનું પણ અભિમાન પ્રથમ મુલાકાતે જ પુરાણ.

રામ તે મનુજ ના ભગવંત; ધન્વી કામ ન, નદી ન ગંગ;
કામધેનુ પશુ અન્ન ન દાન, સુધા ન રસ સાધારણ જાણ.

કલ્પવૃક્ષ ના પ્રાકૃત વૃક્ષ, લોક ન સાધારણ વૈકુંઠ;
ગરુડ વિહંગ સર્પ ના શેષ, ચિંતામણિ પથ્થર ના લેશ.
રામભક્તિ સામાન્ય ન લાભ, આલંબન સામાન્ય ન આભ.

(દોહરા)

માન હણી સેનાસહિત પુરવન નષ્ટ કરી,
માર્યો જેણે પુત્ર તે કપિ હનુમાન વળી ?

ચતુરતા બધી પરહરી ભજ કૃપાળુ રઘુરાય;
દ્રોહી રામતણો બચે કદી ન કોટિ ઉપાય.

બ્રહ્મા શંકરથીય ના કદી શકે ઊગરી;
રામશરે શિર તુજ જશે ધરતી ઉપર ઢળી.

ભાલુ તેમ કપિ શિરરૂપી કંદુકથી રમશે;
રઘુનાયક રણભૂમિમાં ઘોર કોપ કરશે,

સુતીક્ષ્ણ સાયક એમનાં ક્ષુધાર્તશાં છૂટશે,
મિથ્યાભિમાન તે સમે માટીમાં મળશે.

માટે ભજ શ્રીરામને. સુણતાં એ વચનો,
રાવણ પ્રજળ્યો, અગ્નિ જ્યમ હોમ થતાં ઘૃતનો.

કુંભકર્ણ છે બંધુ મુજ ઈન્દ્રજીત સુત ખ્યાત,
બોલ્યો રાવણ શૌર્યનું પ્રતીક હું સાક્ષાત.

(આખ્યાન)

શઠ, વાનરની લઈ સહાય સેતુ રચ્યો ના પ્રભુતા કાંય;
ઓળંગે ખગ લક્ષ સમુદ્ર ગણાય તેથી તે ના શૂર.

મમ ભૂજસાગર જળભરપૂર, ડૂબ્યા એમાં સુરનરશૂર;
પયોધિ વીસ અગાધ અપાર પામે કોઈ વીર ન પાર.

દિગપાલો છે મારા દાસ, યશ ગાય છતાં નૃપનો ખાસ;
જેની ગાતો ગુણની ગાથ હોય સુભટ તે તારો નાથ,

દૂત મોકલે તો શા કાજ, પ્રીતિ કર્યે ના આવે લાજ ?
હરગિરિમથન બાહુ મુજ જો, સ્તવ પછી પ્રભુ તુજ ચાહે તો.

(દોહરા)

શૂર કોણ રાવણસમો નિજ કર કાપી શીશ,
હોમ્યાં જેણે અનલ બહુ, સાક્ષી છે ગૌરીશ.

(આખ્યાન)

બળતાં જ્યારે હતાં કપાલ વાંચ્યા લેખ વિધિતણા ભાલ,
નરથી મરણ થશે મુજ કે, હસ્યો જાણતાં ભવિષ્ય તે.

થયો વૃદ્ધ વિધિને ભ્રમ ખૂબ, ભય લાગે મુજને નવ દૂત;
લાજ છતાં સઘળી ત્યાગી બન્યો અન્યનો તું રાગી.

(દોહરા)

બોલ્યો અંગદ તુજસમો લાજવાન જગમાં,
નથી અન્ય વર્ણન કરે જે નિત નિજ ગુણનાં.

કૈલાસ તથા શિરતણા બલિદાનતણી વાત,
વીસ વાર તેં વર્ણવી કરવા મુજને ભ્રાંત.

કાર્તવીર્ય બલિવાલિને જીત્યા જેથી તેં,
ઉરમાં રાખ્યું બાહુબળ જતન કરીને એ.

મસ્તક કાપ્યે થાય છે શૂરવીર કોઈ ?
કાપે નિજ હાથે તરત પોતાની કાયા,

તોય વીર એને કહે નહીં રંકરાયા,
ઈન્દ્રજાળ કરનારની માયાને જોઈ.

પતંગ મોહથકી જલે, ભાર વહે ખર તેમ,
તોપણ શૂર મનાય ના, સમજ સાનમાં એમ.

વાત વધાર નહીં, સુણી વચન છોડ અભિમાન;
સંધિકાજ આવ્યો નથી, રામ કૃપાળુ મહાન,

વાંરવાર વદે હણ્યે શિયાળને નવ લેશ,
યશ વાધે મૃગપતિતણો; વચનો એ લંકેશ,

યાદ કરીને કટુ સહ્યા શબ્દો મેં તારા,
નહિ તો તારી મોતને ધરી હોત માળા.

નિશિચરપતિ ગર્વિષ્ઠ તું, રઘુપતિ સેવકદૂત,
હું ડરતો અપમાનથી રઘુનંદનના ખૂબ.

નહિ તો પટકીને તને સેનાને મારી,
વેરાન કરી નગરને યુવતીસહ તારી,

લઈ જાત ક્ષણ વારમાં સીતાને સાથે,
સદગતિ પામ્યો હોત તું સત્વર મુજ હાથે.

એમ કરું તોપણ નહીં મોટાઈ એમાં,
મારવામહીં મૃતકને મનુષ્યતા છે ના.

(આખ્યાન)

કૌલ કામવશ કૃપણ વિમૂઢ અપયશમય અતિ દરિદ્ર વૃદ્ધ,
સદા વ્યાધિવશ સંતત ક્રુદ્ધ વિષ્ણુવિમુખ શ્રુતિ સંત વિરુદ્ધ,

તનપોષક નિંદક અઘખાણ, ચૌદ જીવતાં એ નિષ્પ્રાણ,
એમ વિચારી વધ ન કરું, શબ્દ ન તુજ ગંભીર ગણું.

બોલ્યો સકોપ નિશિચરનાથ અધર દબાવી મસળી હાથ,
કપિ તું મરવા અધમ ચહે, લઘુ મુખ મોટી વાત કહે.

(દોહરા)

રે જડ, જેના બળથકી પ્રલાપ કટુક કરે,
તેનામાં બળતેજ ના પ્રતાપબુદ્ધિ મળે.

અગુણ અમાની એહને મળ્યો વિકટ વનવાસ,
એ દુ:ખમાં સ્ત્રીનો વિરહ નિશદિન ને મુજ ત્રાસ.

એના બળનો ગર્વ પણ એવા મનુજ અનેક,
ખાય રાક્ષસો રાતદિન, પામ વિમૂઢ વિવેક.

(આખ્યાન)

નિંદા સુણતાં રઘુપતિતણી અંગદ ક્રોધિત ગયો બની;
હરિહરનિંદા સુણતાં કાન પાપ થાય ગોઘાતસમાન.

કરી તરત કિકિયારી ઘોર કર્યો પ્રહાર બાહુનો ઓર;
ધરતી ડોલી અસુર હલ્યા, ભયથી નાસી સકળ ગયા.

રાવણ પડતાં ઊગર્યો માંડ, ચાલુ થયો મુકુટોનો કાંડ;
મુકુટ પડ્યા પૃથ્વી પર સર્વ, પહેર્યા થોડા તજતાં ગર્વ.

અન્ય મુકુટ પ્રભુપાસ ગયા, અંગદ દ્વારા ભેટ થયા;
વાનર ઉલ્કાપાત ગણી ચાર વજ્ર અથવા સમજી,
નીરખી એ ભયભીત બન્યા રામે ત્યારે વચન કહ્યાં.

(દોહરા)

ઉલ્કા વજ્ર નથી, નથી રાહુ કેતુ કે આ,
રાવણમુકુટ જ અંગદે ફેંકેલા સઘળા.

હનુમાને મુકુટો સકળ મૂક્યા પ્રભુની પાસ;
જોતા કૌતુક ભાલુકપિ, સૂર્યસમાન પ્રકાશ.

બોલ્યો ક્રોધિત રાવણ વાનરને પકડો,
મારી નાખો, રીંછને કપિને સકળ હણો.

મર્કટહીન મહી કરો, ઉભય તપસ્વી ભ્રાત,
જીવતા જ બંદી કરો, સુણો સેવકો વાત.

અંગદ વદ્યો સકોપ, રે કુળનાશક તુજને,
લાજ નથી બકવાદની; કાપી ગરદનને,

હત્યા કર તારી હવે દેખી બળ મારું,
હૃદય તૂટતું કેમ ના જડતાભર તારું ?

કુમાર્ગગામી મંદમતિ ખલ મલનિધિ સ્ત્રીચોર,
કામી દાનવ દુષ્ટ તું કરે કાળવશ શોર,

સંનિપાતથી; પામશે તેનો બદલો તું;
રામ મનુજ કહેતાં નથી જીભ તૂટતી શું ?

કરશે વાનરભાલુ સૌ તુજ પર રણે પ્રહાર,
પડશે મસ્તક તૂટતાં જિહ્વા તરત બહાર.

વાલિને હણ્યો બાણથી નર તે ના દસકંધ,
જન્મ વૃથા તુજ અજ્ઞ હે છતે લોચને અંધ.

(અનુષ્ટુપ)

તુજ શોણિતની પ્યાસ તૃષિત રામસાયકનિકર,
તેને કાજ તજું તને કટુ જલ્પક રાક્ષસ અધમ.

*

(આખ્યાન)

દશન તોડવા છું તુજલાયક, આજ્ઞા પણ ન કરી રઘુનાયક,
રોષ થાય છે મુજને ખૂબ, તોડી નાખી તારાં મુખ,

ઉઠાવતાં લંકાને આજ નાખું સમુદ્રમાં સોલ્લાસ,
ઉંબરાતણા ફળશી પુરી કીટ તમે સૌ તેની મહીં;

ખાતાં મને ન લાગે વાર, પરંતુ ના આદેશ ઉદાર,
આપ્યો રઘુપતિએ મુજને, નહિ તો છોડત ના તુજને.

હસ્યો સાંભળી રાવણ વાત બોલ્યો કરે વ્યર્થ બકવાદ,
અસત્ય ભાષણ મૂઢ કરે, તપસી મળતાં બન્યો લબાડ.

(દોહરા)

દઢતાપૂર્વક અંગદે સ્મરતાં રામપ્રતાપ,
કહ્યું ક્રોધ સાથે બન્યો સૌનો તું અભિશાપ.

(આખ્યાન)

હઠાવશે જો મારો પાય કરશે મુજને તો નિરુપાય,
જશે છોડતા સીતા રામ સેનાસહિત નિરાશ તમામ.

(દોહરા)

ઈન્દ્રજીત જેવા વિવિધ યોદ્ધાઓ બળવાન,
રાવણના આદેશથી દ્વિગુણિત કરી ગુમાન,

હઠાવવા લાગ્યા બળે અંગદના પગને,
તોપણ સફળ થયા નહીં, નતમસ્તક શરમે,

બેઠા સ્વસ્થાને જઈ છેવટ એ સઘળા,
વારંવાર ઊઠ્યા સકળ, સફળ થયા ન છતાં.

વિષયીજનથી મોહનું વૃક્ષ શકે ન હઠી,
અંગદનો પગ એમ ના હઠયો ધરા પરથી.

કોટિ સંકટે સંતમન નીતિ તજે ન ચળે,
પગ તેમ ચળ્યો લેશ ના રિપુના પરમબળે.

મદ દૂર થયો સર્વનો; થતાં તરત પડકાર,
રાવણ લાગ્યો પકડવા પગને વિવિધ પ્રકાર.

બોલ્યો અંગદ મુજ ચરણ પકડ્યે શું વળશે,
ચરણને પકડ રામનાં શઠ, સંકટ ટળશે.

રાવણ એ સુણતાં ફર્યો પાછો શરમસમેત,
બની તેજશ્રીથી રહિત મધ્યદિવસ શશિ જેમ.

નતમસ્તક બેઠો જઈ છેવટ સિંહાસન,
દીન બન્યો ક્ષણ વારમાં જેમ ગુમાવી ધન.

(આખ્યાન)

પ્રાણનાથ જગદાત્મા રામ વિમુખ લહે ક્યાંથી વિશ્રામ ?
થતાં રામનો ભ્રકુટિવિલાસ થાય સૃષ્ટિસર્જન ને નાશ.
તૃણને કુલિશ કુલિશ તૃણ કરે, દૃઢપ્રતિજ્ઞા કેમ જ ટળે ?

(દોહરા)

નિતિ કહી કપિએ છતાં રાવણ ના માન્યો,
કાળ નિકટ આવી રહ્યો મર્મ નહીં જાણ્યો.

રિપુમદ મથતાં અંગદે પ્રભુયશને ગાયો,
ભયભીત કરી અસુરને રામપાસ આવ્યો.

*

## ૭.મંદોદરીનાં વચન

(દોહરા)

સંધ્યાસમયે ભવનમાં રાવણ ગયો ઉદાસ;
મંદોદરી વદી વચન હજુ પણ છે અવકાશ.

(ચોપાઈ)

કાંત, સમજો કુમતિને છોડો, મન રઘુપતિપ્રીતથી જોડો;
કરી રામાનુજે રેખા નાની, તમે ઓળંગી ના શક્યા માની.
એવી વીરતા ખ્યાત તમારી યુદ્ધે દાખવશો કોને ન્યારી ?

જેના દૂતનાં દૈવી છે કામ તેને જીતશો કયાંથી સંગ્રામ ?
કપિ ઓળંગી સાગર આવ્યો તોય અસુરસમૂહ ના ફાવ્યો.

કર્યું ઉજ્જડ વનને આખું માર્યો સુતને બાળી પુર નાખ્યું,
ગર્વ બળનો ગયેલો ક્યાં ત્યારે, કરો અભિમાન નવ અત્યારે.

રાજા રઘુપતિને નવ માનો, નાથ જગના અમિતબળ જાણો;
જાણ્યો મારીચે બાણપ્રતાપ, માન્યા તેના કહ્યાથી ના આપ.

હતા મિથિલામાં મોટા ભૂપાલ, તમે બળવાળા અતુલ વિશાળ,
તોડી ધનુને વર્યા વૈદેહી એની વીરતા કલ્પો છો કેવી ?

જાણે બળને જયંત જરીક, બન્યો અંધ પ્રહારે ઘડીક;
દશા શૂર્પણખાતણી જોઈ તોય સન્મતિ સઘળી ખોઈ.

(દોહરા)

વિરાધ ખરદૂષણ તથા મારી વીર કબંધ,
હણ્યો વાલિને એક શર એ નર નવ દસકંધ !

બાંધી સાગર રમતમાં ઊતર્યા સદલ સુવેલ,
કરુણામય પ્રભુએ વળી દૂત પાઠવ્યો ઘેર.

હસ્તિ સમૂહે સિંહસમ આવીને એણે,
બળને માપ્યું, હિત તણાં વચન કહ્યાં પ્રેમે.

(ચોપાઈ)

દાસ અંગદ હનુમંત જેના અતિનિપુણ રણે યમ જેવા,
તેને માનવ કેમ કહો છો, વ્યર્થ મમતા મદમાન વહો છો.

કર્યો રામની સાથે વિરોધ કરી કાળના સદનની શોધ;
હજુ ઊપજે ના અંતરે જ્ઞાન, સમજી ના શકતા કલ્યાણ.

કાળ દંડ લઈને ના મારે, ધર્મબળ બુદ્ધિતર્કને ટાળે,
જેનો સાંઈ, સમીપે હો કાળ ભ્રમ થાય છે એને અપાર.

(દોહરા)

બે સુત મર્યા, નગર બળ્યું, સમજો હજુ પણ નાથ,
કૃપાસિંધુ રઘુનાથ ભજો રહે વિમળ યશ સાથ.

(ચોપાઈ)

સુણી શબ્દને શરના સમાન છોડ્યું દસકંધરે ના ગુમાન;
ભય ભૂલી પ્રગટતાં પ્રભાત ગયો સભામાં સચિવસંગાત.

રામે અંગદને બોલાવ્યો, આવી અંગદ ચરણોમાં નામ્યો;
ભાવે બોલ્યા બેસાડીને પાસે, પૂછું સત્યને સુણવાની આશે.

કુળતિલક જે રાક્ષસકેરું, બળ જેનું છે જગમાં અનેરું;
એવા મુકુટો રાવણકેરા ચાર પામ્યો ક્યાંથી તું શક્તિના સાર.

બોલ્યો અંગદ પ્રભુ સુખસાર, એ તો રાજાતણા ગુણ ચાર,
સામ દામ તથા દંડ ભેદ; વસે નૃપના ઉરે કહે વેદ.

(દોહરા)

નીતિધર્મનાં ચરણ એ કહ્યાં નૃપતિનાં ચાર;
ધર્મ નથી રાવણમહીં એથી થયાં અસાર.

ધર્મહીન પ્રભુપદ વિમુખ કાળવિવશ દસશીશ,
એથી આવ્યા ગુણ તજી સુણો કોશલાધીશ.

સુણી ચાતુરી કપિતણી રઘુપતિ હસ્યા ઉદાર;
વાલિકુમારે તે પછી કહ્યા પુર સમાચાર.

*

## ૮. યુદ્ધનો આરંભ

(ચોપાઈ)

સુણી શત્રુતણા સમાચાર મંત્રી તેડાવ્યા રામે તત્કાળ,
કહ્યું ચાર વિકટ લંકાદ્વાર, કેમ લડવું કરો એ વિચાર.

જાંબવાન સુગ્રીવ વિભીષણ સ્મરી રાઘવ રઘુકુળભૂષણ,
કરવા લાગ્યા કર્તવ્યવિચાર, દળ બનાવ્યાં એમણે ચાર.

સાનુકુળ સેનાપતિ નીમ્યા, યૂથપતિને બોલાવી ઘડીમાં,
કહ્યો પ્રભુનો અપાર પ્રતાપ, કર્યો કપિએ દોડી સિંહનાદ.

હર્ષે રામચરણ શિર ઢાળી દોડ્યા શૈલશિખર શૂર ધારી;
બોલ્યા ઉલ્લાસે ભાલુ-કપીશ જય રઘુવીર કોશલાધીશ.

દુર્ગ દુર્ભેદ્ય લંકાનો જાણ્યો, ભય પ્રભુના પ્રતાપે ના માન્યો,
ચાલ્યા લંકા ચતુર્દિશ ઘેરી બજવી ડંકા નિશાન ને ભેરી.

(દોહરા)

જય રઘુવર જય લક્ષ્મણ જય કપીશ સુગ્રીવ,
કરતા કપિ સૌ ગર્જના ભાલુ સિંહસમ વીર.

(ચોપાઈ)

થયો શોર લંકામહીં ભારે બોલ્યો અભિમાની રાવણ ત્યારે,
જુઓ ધૃષ્ટતા વાનર કેરી, સૌના માથે વાગે કાળભેરી.

આવ્યા કપિ ભલે કાળના પ્રેર્યા, મારા રાક્ષસ ભૂખ્યા બધા આ,
વિધિએ ભોજન સામેથી આપ્યું, અટ્ટહાસ્ય કરી એવું ભાખ્યું.

વીરો, ચારે દિશામાં જાઓ ભાલુ-વાનરને ભલે ખાઓ;
સુવે ચત્તી જ માની ટિટોડી પડે નભ તો પગે રાખું રોકી,
એવું રાવણનું મિથ્યાભિમાન, ઘોર વ્યાપેલું હૈયે અજ્ઞાન.

શૂલતોમર પરિઘ કૃપાણ પરશુ મુદગર શૈલ કરાળ,
ભિંડિપાલ બરછી સાંગ સાથે ચાલ્યા રાક્ષસો વાટે ને ઘાટે.

લાલ પથ્થર નિકર નિહાળી દોડે ખગ અજ્ઞ માંસાહારી,
ચાંચ તૂટવાનું નવ કલ્પે તેમ દોડ્યા અસુર એ સહુયે.

(દોહરા)

વિવિધ ચાપશરને લઈ જાતુધાન બલવીર,
કોટકાંગરા પર ચઢ્યા કોટિકોટિ રણધીર.

(ચોપાઈ)

મેરુશિખરે વાદળ મન મોહે તેમ કાંગરે કપિ સહુ સોહે;
વાગ્યાં યુદ્ધના ઢોલનિશાન, નાચ્યા યોદ્ધાના લડવાને પ્રાણ.

વાગી શરણાઈ અગણિત ભેરી છાતી કંપાવી કાયરકેરી;
જોયા યોદ્ધા વિશાળ અનેક ભાલુ વાનર વીર દરેક.

કોઈ દોડે તો ગરજે કોઈ પાડે કિકિયારી શત્રુને જોઈ;
તોડી પર્વત માર્ગ બનાવે, હોઠ કરડે ઉમંગ મનાવે.

રામ-રાવણના જયકારે થયો યુદ્ધનો આરંભ ત્યારે;
ફેંક્યા પર્વતખંડ અસુરે, ફેંક્યા પકડીને પાછા કપિએ.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

ગિરિખંડ ખૂબ પ્રચંડ વાનર ભાલુ ગઢ પર નાખતા,
પકડી અસુરનાં ચરણ પટકી ધરિત્રી પર નાસતાં;
પડકારતા ચંચળ પ્રતાપી ભાલુકપિ કિલ્લે ચઢી,
જ્યાં ત્યાં ભવનમાં પ્રવેશીને રામયશ હરખે વદી.

(દોહરા)

એક એક નિશિચર ગ્રહી ચાલ્યા કપિ બળવાન,
રાક્ષસ પર પડતા રહ્યા હરતાં સૌના પ્રાણ.

(ચોપાઈ)

રામબળથી બલી કપિજૂથ મસળે નિશિચર સૂભટવરૂથ;
ચઢે દુર્ગ ઉપર કપિ રંગે બોલી જય રઘુવરની ઉમંગે.

પવને વિખરાય ઘનસમુદાય તેમ રાક્ષસો નાઠા બધાય;
થયો પુરમાં હાહાકાર ભારે, કર્યાં ક્રંદન શિશુ રુગ્ણ નારે.

દેવા લાગ્યાં રાવણને સૌ ગાળ રાજ કરતાં બોલાવ્યો કે કાળ;
દળ વિચળ થયું જાણ્યું જ્યારે કહ્યું ક્રોધે દશાનને ત્યારે.

થશે સમરવિમુખ જે કોઈ તેને તલવારે મારીશ જોઈ;
ભોગો ભોગવી સર્વસ્વ ખાઈ પ્રિય પ્રાણ ગણ્યા કેમ ભાઈ ?

સુણી કટુ વચનો ગભરાયા, વીર લડવા ક્રોધે ભયે ચાલ્યા;
માની સમરમરણ શૂરશોભા પ્રાણલોભ તજી લડ્યા યોદ્ધા.

(દોહરા)

અનેક આયુધસહ સુભટ લડ્યા કરી પડકાર,
વ્યાકુળ કરતાં ભાલુકપિ ત્રિશૂળપરિઘપ્રહાર.

(ચોપાઈ)

મુખ્ય મુખ્ય યોદ્ધાઓને મારી દેતા પ્રભુ પાસે ફેંકી ભારી;
કહેતા સૌનાં વિભીષણ નામ, દેતા રામ સૌને નિજ ધામ.

ખલ મનુજ દ્વિજામિષભોગી ગતિ પામતા યાચે જે યોગી;
રામ કોમળ કરુણાનિધાન કરતા વેરે સ્મરતાનું કલ્યાણ.

એવા કોણ કૃપાળુ છે અન્ય, ભજે એમને માનવ ધન્ય;
ભજે ભ્રમણાને જે નવ ત્યાગી મંદમતિ તે મનુષ્ય અભાગી.

કર્યો દુર્ગે હનુમંતે પ્રવેશ બોલ્યા અંગદ ને અવધેશ;
સોહે લંકામાં એ બંને કેવા, સિંધુ મથનારા મંદર જેવા.

(દોહરા)

ભુજબળથી રિપુદળ હણી થતાં દિવસનો અંત,
કૂદી બંને શ્રમરહિત આવ્યા જ્યાં ભગવંત.

પ્રભુપદકમળે શીશને મૂકી કર્યા પ્રણામ;
બંનેને પેખી થયા પ્રસન્ન પુલકિત રામ.

કૃપા કરી મધુરો કર્યો દૈવી દૃષ્ટિપાત;
સુખી બન્યા એથી ઉભય, ઊતર્યો સઘળો થાક.

(ચોપાઈ)

ગયા જાણી અંગદ હનુમાન કર્યું વાનરસૈન્યે પ્રયાણ,
થતાં રાક્ષસો સાયંકાળ દોડ્યા લડવા માટે તત્કાળ.

ફર્યા વાનરયોદ્ધાઓ પાછા, લાગ્યા લડવા રાખી જય આશા;
બંને સેના હતી બળવાન, લડી ઉત્સાહે મૂકીને પ્રાણ.

હતા રાક્ષસો વીર ને કાળા, કપિ વિવિધરંગી પુષ્ટ ન્યારા,
વળી સઘળા વિશાળ-શરીર, ડરતા યુદ્ધથકી ના લગીર.

વર્ષા શરદનાં વાદળ જેવા બંને દેખાતા દૂરથી કેવા,
લડતા પવનથી પ્રેરિત જાણે, પ્રિય જીવનને નવ માને.

અતિકાય અકંપન માયા રચી અસુરો તરફથી આવ્યા,
થયો અંધાર એથી પળમાં, જાગ્યો ક્ષોભ વાનરના દળમાં.

(દોહરા)

લોહી પથ્થર રાખની વૃષ્ટિ થવા લાગી,
કપિ પોકાર કરી રહ્યા દૃષ્ટિને ત્યાગી.

(ચોપાઈ)

મર્મ સઘળો રઘુનાયકે જાણ્યો ભ્રમ વાનરસૈન્યનો ટાળ્યો;
દોડ્યા ક્રોધે અંગદ હનુમાન, દીધું રામે રહસ્યનું જ્ઞાન.

રામે ધનુષ હસીને ચઢાવ્યું, સદ્ય પાવકબાણ ચલાવ્યું;
થયું તેજ રહ્યું ના અંધારું જ્ઞાન પ્રગટ્યે સંશય જેમ ચારુ.

શ્રમભયથકી મુક્ત પ્રસન્ન થઈ વાનરસેના અનંત;
ગરજ્યા હનુમાનઅંગદ રણમાં, નાઠા રાક્ષસો હાકથી ક્ષણમાં.

જતા યોદ્ધાને પાડીને મારે કપિભાલુ ઉત્સાહથી ભારે;
પગ પકડી સમુદ્રમાં નાખે, ઝેરી જલચર એમને ચાખે.

(દોહરા)

મર્યા, થયા ઘાયલ, ગયા ગઢ પર ચઢી અનેક;
ખળભળાવતાં શત્રુદળ ગરજ્યા વાનર નેક.

*

## ૯. માલ્યવંતની સલાહ

(દોહરા)

રાતે કપિસેના ગઈ રામપાસ જ્યારે,
રામકૃપા દ્રષ્ટિથકી થાક મટ્યો ત્યારે.

(ચોપાઈ)

પુરમાં રાવણે સચિવો બોલાવ્યા, કહ્યું યોદ્ધા અનેક મરાયા,
થયો અડધી સેનાનો સંહાર, હવે કરવો ઘટે શો વિચાર ?

રાવણ માતપિતા મંત્રી શુદ્ધ માલ્યવંત નિશાચર વૃદ્ધ,
વદ્યો વચનો નીતિતણાં ત્યારે મારી શીખ સુણી લો અત્યારે.

તમે સીતાને લાવ્યા હરીને નથી મંગલ પામ્યા ફરીને;
યશ વર્ણવે વેદપુરાણ એના વિરોધે નવ કલ્યાણ.

(દોહરા)

રામવિમુખ સુખ ના લહે; અપશુકન થતા રોજ;
શાંતિ તેમ સુખ પામશો જશો શરણમાં તો જ.

હિરણ્યાક્ષ ભ્રાતાસહિત મધુકૈટભ બળવાન,
મારનાર છે અવતર્યા કૃપાસિંધુ ભગવાન.

કાળરૂપ ખલવનદહન ગુણાગાર શુચિબોધ,
શિવવિરંચિથી સેવ્યનો કરશો નહીં વિરોધ.

(ચોપાઈ)

છોડી વેર છોડો વૈદેહી, ભજો પરમકૃપાળુ સ્નેહી;
લાગ્યાં વચન તેનાં જાણે બાણ; કહ્યું કર અભાગી કલ્યાણ.

કાળું મોઢું કરી જાને ચાલી, મોઢું દેખાડતો નહીં આવી;
થયો વૃદ્ધ તું નહિ તો મારી કરી હોત ગતિ તારી ન્યારી.

કર્યું માલ્યવંતે અનુમાન હણવા ચાહે છે કરુણાનિધાન;
બોલ્યો મેઘનાદ ક્રોધે ત્યારે, જોજો શક્તિને મારી સવારે.

(દોહરા)

સુતના શબ્દોને સુણી પ્રગટ થયો વિશ્વાસ,
પ્રેમસહિત આસન ધર્યું એને અંકે ખાસ.

*

## ૧૦. મેઘનાદનો શક્તિપાત

(ચોપાઈ)

વીતી રજની થયું ને સવાર, કપિ ગોઠવાયા ચારે દ્વાર;
ઘેર્યો દુર્ગમ કિલ્લાને ત્યારે થયો નગરે કોલાહલ ભારે.

દોડ્યા રાક્ષસ આયુધ સાથે, ફેંક્યાં પર્વતશિખરોને હાથે;
ગોળા ગગડવા શૈલના લાગ્યા,મેઘ પ્રલયના જાણે કે જાગ્યા.

લડતાં કપિ થયા ઘાયલ રણમાં તોયે હિંમતને ધારી મનમાં,
કરવા કિલ્લા પર લાગ્યા પ્રહાર, મર્યા રાક્ષસો પડવાથી માર.

(દોહરા)

કિલ્લો ઘેર્યો વાનરે એમ સુણી ચાલ્યો,
કિલ્લા પરથી ઊતરતાં મેઘનાદ સામો.

કહ્યું ગરજતાં એહણે સકળ લોકવિખ્યાત,
ધન્વી કોશલરાજસુત ક્યાં છે બંને ભ્રાત ?

ક્યાં નલનીલ દ્વિવિદ વળી અંગદ ને હનુમાન,
ક્યાં સુગ્રીવ વિભીષણ બંધુદ્રોહમય પ્રાણ ?

આજ સર્વને તેમ તે દ્રોહીને મારું,
બાણ એમ બોલી કઠિન ધનુષ ઉપર ધાર્યું.

શરસમૂહ છૂટ્યાં વિવિધ સપક્ષ સર્પસમાં,
સન્મુખ કોઈ ના થયું, વાનર મર્યા ઘણા.

યુદ્ધતણી ઈચ્છા તજી પલાયન થયા સર્વ,
પ્રાણ શેષ કપિના રહ્યા, મટ્યા બધાંના ગર્વ.

દસ દસ શર માર્યા, પડ્યા પૃથ્વી પર કપિ વીર,
સિંહનાદ કરતો રહ્યો મેઘનાદ રણધીર.

(ચોપાઈ)

પેખી હનુમંત કટક બેહાલ દોડ્યા ક્રુદ્ધ બની જાણે કાળ;
મહાપર્વત તરત ઉપાડ્યો, રોષે મેઘનાદ પર નાખ્યો.

ગયો જોઈ એને એ આકાશે, આવ્યો પડકાર્યો તોય ના પાસે;
રથસારથિ અશ્વને માર્યા, યુદ્ધે પરચા અનેક બતાવ્યા.

મેઘનાદ ગયો રામપાસ કરવા લાગ્યો પ્રલાપને ખાસ;
અસ્ત્રશસ્ત્ર અનેક ચલાવ્યાં, રામે રમતમાં સૌને હઠાવ્યાં.

રામશક્તિ જોઈ મૂઢ લાજ્યો ભિન્ન માયા કરવા વળી લાગ્યો;
નાના સર્પો ગરુડને ડરાવે તેમ પ્રભુને ડરાવવા લાગ્યો.

(દોહરા)

જેની માયા વશ કરે બ્રહ્મા શિવ સૌને,
દર્શાવી માયા રહ્યો રાક્ષસ જડ તેને.

*

(ચોપાઈ)

નભથી વરસ્યા વિપુલ અંગાર, પ્રગટી પૃથ્વીથકી જલધાર,
લાગ્યાં નાચવા વિવિધ પિશાચ બોલી મારોકાપો નાચો નાચ.

વિષ્ટા રક્ત પરૂ વાળ હાડ, લાગ્યો વરસવા તેમ પહાડ;
કર્યું અંધારું વરસાવી ધૂળ, સૂઝ્યું કાંઈ ના એહના પુર.

કપિ માયા દેખી અકળાયા જોઈ મરણની સઘળે છાયા;
કર્યું રામે નિહાળીને સ્મિત જાણી વાનરોને ભયભીત.

એક બાણે મારી બધી માયા ટાળે જેવી રીતે રવિ છાયા;
કૃપાદૃષ્ટિથી સૌને નિહાળ્યા; બન્યા પ્રબળ રણે ન રોકાયા.

(દોહરા)

આજ્ઞા માગી રામની અંગદાદિ કપિ સાથ,
પ્રસ્થાન કર્યું લક્ષ્મણે ક્રુદ્ધ બાણ ધનુ હાથ.

(ચોપાઈ)

નેત્રો લાલ ઉરબાહુ વિશાળ, ગૌર હિમગિરિ તન લેશ લાલ.
યોદ્ધા રાવણના પણ આવ્યા, અસ્ત્રશસ્ત્રને ધારીને ધાયા.

નખ પર્વત વૃક્ષોને ધારી દોડ્યા વાનર રામ પોકારી;
દ્વંદ્વયુદ્ધ સમાનશું કરતા રહ્યા જયની અપેક્ષાથી લડતા.

મુષ્ટિ પાદપ્રહાર કરીને દાંતે કરડીને પ્રાણ હરીને,
પકડો શીશ તોડી નાખો મારો, લડતા શબ્દ કરાળ કરીને.

શબ્દ વ્યાપી રહ્યા ખંડેખંડ, ધડ દોડતાં જ્યાં ત્યાં પ્રચંડ;
જોતા કૌતુક દેવ અનંત પામી ખેદ આશ્ચર્ય આનંદ.

(દોહરા)

જામ્યા ખાડા રુધિરના ધૂળે ઢંકાઈ,
અંગારે હો શબતણી રાખ જેમ છાઈ.

(ચોપાઈ)

વીર ઘાયલ સોહતા કેવા વૃક્ષ કુસુમિત ખાખરા જેવા;
મેઘનાદ લક્ષ્મણ બંને વીર લાગ્યા લડવા બતાવતાં હીર.

એકમેકને જીતી શક્યા ના, કર્યા રાક્ષસે છળને ઘણા હા !
દેખી અનીતિને લક્ષ્મણે રથ તોડ્યો માર્યો સારથિને તરત.

કર્યા લક્ષ્મણે વિવિધ પ્રહાર, પડ્યો રાક્ષસને ઘણો માર;
કર્યું મેઘનાદે અનુમાન હવે હણી લેશે મારો પ્રાણ.

વીરઘાતિની શક્તિને છોડી તેજે લક્ષ્મણઉરને તોડી;
થયો લક્ષ્મણ શીઘ્ર અચેત; ગયો મેઘનાદ પાસે છેક.

(દોહરા)

ઉપાડી રહ્યા અગણિત મેઘનાદ શા વીર,
ઉપાડી શક્યા તોય ના, ચાલ્યા છોડી ધીર.

ક્રોધાનલ જેનો શકે ચૌદ ભુવન બાળી,
સુરનર જડચેતન કરી સેવાને ન્યારી,

જેની જીવે તેમને કોણ શકે મારી,
કોનાથી સંગ્રામમાં તે બેસે હારી ?

રામકૃપા વિણ કોણ એ લીલાને જાણે,
જાણે તે વિષયો તજી ભક્તિરસ માણે.

*

સંધ્યા સમયે સૈન્ય બે પાછાં ફરી રહ્યાં,
કૃપાસિંધુ ભુવનેશ્વર વિભુએ વચન કહ્યાં.

લક્ષ્મણને તેથી લઈ આવ્યા ત્યાં હનુમંત,
તૂટ્યા પ્રભુના પેખતાં સઘળા સ્નેહસંબંધ.

જાંબવાનથી માહિતી મેળવતાં હનુમાન,
લઘુરૂપ લઈને ગયા લંકામાં તત્કાળ.

રામપદમહીં પ્રણમતાં પર્વત ઔષધનામ,
કહ્યું સુષેણે સૂચવ્યું પવનપુત્રને કામ.

*

## ૧૧. સંજીવની માટે પ્રયાણ

(દોહરા)

રામચરણ ઉરમાં ધરી ચાલ્યા પવનકુમાર;
દૂતે રાવણને કહ્યા ગુપ્ત સહુ સમાચાર.

કાલનેમિની રાવણે સહાયતા માગી;
કહ્યું રાક્ષસે વાત ના ઉચિત મને લાગી.

(ચોપાઈ)

સૌના જોતાં નગર જેણે બાળ્યું તેને કોઈ નથી રોકનારું,
ભજી રામને કરો કલ્યાણ, તજો મિથ્યા પદાર્થોનું ધ્યાન;
નીલકમળ સુંદરતન શ્યામ રાખો અંતરે નયનાભિરામ.

હું તું મારું એ મૂઢતા ત્યાગો, મહામોહની નિદ્રાથી જાગો.
કાળવ્યાલના ભક્ષક છે જે કદી સ્વપ્નેય જીતાય ના તે.

(દોહરા)

રાવણ કંપ્યો ક્રોધથી ત્યારે કર્યો વિચાર,
રામદૂત હાથે મરું પામું જીવનસાર.

રાવણ ખલ આસક્ત છે કુકર્મમાં, એને,
હાથે મરવાથી નહીં મુક્તિ મળે કેમે.

*

(આખ્યાન)

એણે રચી માર્ગમાં માયા, સરમંદિરને બાગ બનાવ્યાં;
મારુતસુત દેખી શુભ આશ્રમ જલ પી મટાડવા મારગશ્રમ.

મુનિ મળવા તૈયાર થયા આશ્રમમાં સુખસાથ ગયા;
કપટવેશમાં રાક્ષસ એ જ હરખાયો જોઈને છેક.

દૂત પરમ માયાપતિનો મોહિત કરવા ભાવ કર્યો,
પવનસુતે પણ કર્યા પ્રણામ, અસુરે ગાયાં પ્રભુ ગુણગાન.

લડી રહ્યા રાવણ ને રામ, રામ જીતશે ગુણના ધામ;
બોલ્યો અસુર દેખતો હું દિવ્યદૃષ્ટિથી દૃશ્ય બધું.

હનુમાને માગ્યાથી જલ એણે ધર્યું લઘુ કમંડલ;
થોડા જલથી નહીં ધરાઉં કહ્યું હનુમાન સહજ સ્વભાવ.

(દોહરા)

વદ્યો અસુર આવો તમે સરમાં સ્નાન કરી,
દીક્ષા આપું તે પછી રહેશે જ્ઞાન મળી.

સરમાં પ્રવેશતાં ગ્રહ્યો મગરીએ પગને,
હણતાં વિમાનમાં ગઈ દિવ્યદેહે ગગને.

(આખ્યાન)

કપિ, તુજ દર્શનથી નિષ્પાપ બની, મટ્યો મુનિવરનો શાપ;
મુનિ એ નથી, અસુર છે ઘોર, સત્ય વચન માની લે મોર.

અપ્સરા ગઈ વદતાં એમ, ચાલ્યા પવનપુત્ર સપ્રેમ;
બોલ્યા પ્રથમ દક્ષિણા લો, મંત્ર મને પાછળથી દો.

પટકયો પૃથ્વી પર તેને, પ્રાણ ટકી ન શકયો કેમે;
પ્રગટ કર્યું તન મરણસમે રામનામ લીધું અસુરે,
હરખી આગળ કર્યું પ્રયાણ હનુમાને એ સુણતાં વાણ.

ઓળખી શક્યા ઔષધિ ના હનુમંત પુનિત પર્વતમાં,
ઉપાડતાં ગિરિને હાથે અવધ પહોંચ્યા એ રાતે.

(દોહરા)

વિશાળ રૂપ નિહાળતા નિશિચર અનુમાની,
માર્યું બાણ ફરા વિના ભરતે ધનુ તાણી.

(આખ્યાન)

મૂર્છિત પડ્યા વાગતાં સાયક રટતાં રામરામ રઘુનાયક;
દોડ્યા ભરત વચન પ્રિય સુણી, સમીપ આવ્યા આતુર બની.

આપ્યું કપિને આલિંગન; જાગ્યા ના જગવ્યા તોપણ;
ખિન્નમુખ બન્યા પરમ દુ:ખી, બોલ્યા નયને અશ્રુ ભરી.

રામવિમુખ જીવનને કર્યું વિધિએ દારુણ દુ:ખ ધર્યું;
રામપદે તનમનવચને સત્ય પ્રેમ જો હોય મને,

હોય વળી રઘુપતિ અનુકૂળ કપિ તો બનો વિગતશ્રમશૂલ,
ઊઠ્યા વચન સુણતાં જ કપીશ જય હો કહી કોશલાધીશ.

(અનુષ્ટુપ)

કપિને આલિંગન ધર્યું તન પુલકિત લોચન સજલ;
પ્રીત સમાઈ ના ઉરે સ્મરી રામ રઘુકુલતિલક.

(આખ્યાન)

કહો કુશળતા સુખનિધાનની સહિત અનુજ અને માત જાનકી;
કપિએ કહ્યો કથાસંક્ષેપ, સુણતાં થયો ભરતને ખેદ.

દૈવ, જગે હું જનમ્યો કેમ; રામનો પ્રબળ પ્રાણે પ્રેમ,
તોપણ કામ ન આવ્યો એક, નિરર્થક થયું જીવન છેક.

ધૈર્ય ધર્યું અશુભ ગણી કાળ, કહ્યાં વચન ભરતે તત્કાળ,
જતાં લાગશે તમને વાર, કામ બગડશે થતાં સવાર;
ચઢો બાણ પર શૈલસમેત પહોંચાડું જ્યાં કૃપાનિકેત.

કપિમનમાં ઊપજ્યું અભિમાન, મુજ ભારે નહિ ચાલે બાણ;
કરતાં રામપ્રભાવ વિચાર કપિએ કહ્યું જોડતાં હાથ.

(દોહરા)

પ્રતાપ સ્મરતાં આપનો જઈશ નાથ, તુરંત;
ભરતચરણ વંદન કરી ચાલ્યા શ્રીહનુમંત.

ભરત બાહુબળ શીલગુણ પ્રભુપદપ્રીત અપાર,
વારંવાર વખાણતા ચાલ્યા પવનકુમાર.

*

(આખ્યાન)

લક્ષ્મણને જોઈને રામ બોલ્યા પ્રાકૃતજન અનુસાર,
કપિ ના'વ્યા મધરાત ગઈ; ભેટ્યા હૃદયે ભાવ ભરી.

કોમળ તારો બંધુ સ્વભાવ, દેખી શકે ન દુ:ખપ્રભાવ,
માતતાત મુજ કાજ તજ્યાં, ટાઢતાપ વન વાયુ સહ્યાં.

ગયો હવે ક્યાં ભાઈ પ્રેમ, ઊઠે આર્તવચને ના કેમ;
જાણત બંધુવિરહ વનમાં પિતાવચન પાળત ન બધાં.

સુત-વિત-નાર ભવન-પરિવાર મળે જાય જગ વારંવાર,
મળે ન કિન્તુ સહોદર ભ્રાત એમ વિચારી જલદી જાગ.

જેમ પાંખ વિણ ખગ અતિદીન મણિ વિણ ફણિ કરિવર કરહીન,
દૈવ ભલે મુજ રાખે જીવ, જીવન તુજ વિણ તેમજ દીન.

(દોહરા)

સ્ત્રી માટે પ્રિય બંધુને ખોઈ કયા મુખે,
જઉં અવધમાં; સહત હું અપયશ પૂર્ણ સુખે.

સ્ત્રીની હાનિ વિશેષ ના હાનિ જગતમાં હોત.
મારું જડ નિષ્ઠુર હૃદય અપયશ તેમજ શોક,
બંનેને સહશે હવે જીવી મૃત્યુલોક.

(આખ્યાન)

નિજ જનનીનો એક કુમાર એના પ્રાણતણો આધાર;
જાણી સુખદ હિતેચ્છુ મને સુપ્રત મુજને કર્યો તને.

કહીશ એ જનનીને શું, કેમ મને ન જણાવે તું ?
કરી રહ્યા એમ સતત શોક ભરી લોચને જલનો ધોધ.

રામ અખંડ એકરસ એક લીલા કરતા શ્રેષ્ઠ અનેક,
સાધારણ માનવની જેમ સધાય ભક્તતણું હિત તેમ.

(અનુષ્ટુપ)

પ્રભુપ્રલાપ સુણતાં સકળ તરત બન્યા વાનર વિકળ;
આવ્યા ત્યાં હનુમાન, કરુણ રસે જેમ વીરરસ.

*

## ૧૨. કુંભકર્ણનો નાશ

(આખ્યાન)

ભેટ્યા મુદિત રામ હનુમાન, અતિકૃતજ્ઞ પ્રભુ પરમસુજાણ;
સત્વર વૈદે કર્યો ઉપાય, લાવ્યા લક્ષ્મણ જાગૃતિમાંહ્ય.

ભેટ્યા લક્ષ્મણને શ્રીરામ, સેના હરખાઈ કૃતકામ;
સુષેણને લાવેલા જેમ પવનસુતે પહોંચાડ્યા તેમ.

(દોહરા)

વૃત્તાંત સુણી રાવણે વિષાદ વ્યક્ત કર્યો,
કુંભકર્ણને જતનથી નિદ્રાથી જગવ્યો.

(આખ્યાન)

કુંભકર્ણ દેખાયો કેવો કાળે દેહ ધર્યો હો એવો;
પૂછ્યું આર્ત બન્યો છે પ્રાણ મુખમંડળ કેમ બન્યું મ્લાન ?

કહી જાનકીહરણ કથા, અનુભવી નહીં લેશ વ્યથા;
કપિએ કર્યો અસુરસંહાર પ્રમુખ વીરને માર્યો માર.

દુર્મુખ સુરરિપુ નરભક્ષક અતિકાય અકંપન રક્ષક;
અન્ય મહોદર સરખા વીર રણે હણાયા સૌ રણધીર.

(દોહરા)

કુંભકર્ણ શબ્દો સુણી વ્યથાતુર વદ્યો વાણ,
જગદંબા લાવી હરી મૂર્ખ ચહે કલ્યાણ ?

(આખ્યાન)

સારું નવ કર્યું નિશિચરનાથ, જગવ્યો મુજને શાને કાજ ?
હજુય તજ તારું અભિમાન, ભજી રામને કર કલ્યાણ.

દૂત જેમના છે હનુમાન મનુજ તેમને ના તું જાણ;
બંધુ, ભૂલ તેં પરમ કરી, વાત કહી ના પ્રથમ જરી.

કર્યા વિરાધી એવા દેવ સુરશિવ કરતા જેની સેવ,
ભજે વળી બ્રહ્મા જેને રિપુ માન્યા શેને તેને ?

હવે કરી લે આલિંગન, કમળનયન શ્રી રઘુનંદન,
નિહાળતાં ધન્ય કરું નેન, ત્રિતાપમોચન કરશે ક્ષેમ.

(દોહરા)

રામરૂપગુણને સ્મરી મગ્ન બની ક્ષણ એક,
માગ્યા એણે કોટિ ઘટ મદ ને મહિષ અનેક.

(આખ્યાન)

કરી મહિષસહ મદિરાપાન ગરજ્યો વજ્રાઘાત સમાન,
કુંભકર્ણ દુર્મદ રણરંગ ચાલ્યો તજતાં દુર્ગ અસંગ.

જોતાવેંત જ કર્યા પ્રણામ વિભીષણે બોલીને નામ;
આપ્યું એને આલિંગન ભક્ત સમજતાં રઘુનંદન,
દર્શાવ્યો આનંદ અપાર; અનુજે કહ્યો કથાનો સાર.

કલ્યાણતણી કહેતાં વાત મારી મને રાવણે લાત;
આવ્યો એથી ગ્લાનિભર્યો, રઘુપતિ મનને તરત ગમ્યો.

બન્યો કાળવશ સાચે રાવણ તેથી માને કેમ શિખામણ;
ધન્યધન્ય તું ધન્ય વિભીષણ બની ગયો નિશિચર કુળભૂષણ,
કર્યો વંશને ખરે ઉજાગર ભજી રામ શોભાસુખસાગર.

(દોહરા)

વચન-કર્મ-મન છળ તજી ભજ રાઘવ રણધીર;
સૂઝે મને ન નિજ પર બન્યો કાળવશ, વીર !

વિભીષણ સુણી શબ્દને બંધુતણા ચાલ્યો,
ત્રિભુવનભૂષણ રામની પાસ તરત આવ્યો.

(આખ્યાન)

નાથ, ભૂધરાકાર શરીર કુંભકર્ણ આવે રણધીર,
સુણી વિભીષણકેરી વાણ દોડ્યા વાનર અતિબળવાન.

કોટિ વૃક્ષ ગિરિશિખરપ્રહાર કર્યા ભાલુ કપિએ વિકરાળ,
તોપણ તન ના લેશ ડગ્યું મન તેનું ના તેમ ચળ્યું.
આકડાતણો કર્યે પ્રહાર ગજ પર જેમ પડે ન પ્રભાવ.

મુક્કો હનુમાને માર્યો ધરતી પર એને ઢાળ્યો;
એણે તરત જ કરી પ્રહાર પાડ્યા કપિવરને તત્કાળ.

પાડ્યા નલનીલ વળી વીર, નાઠી સેના બની અધીર,
વરતાવ્યો ભય તેમજ ત્રાસ, રહી નહીં જયકેરી આશ.

(દોહરા)

અંગદાદિ સુગ્રીવને અચેત અન્ય કરી,
દાબી સુગ્રીવ બાહુમાં ચાલ્યો વીર ફરી.

અહિગણ સાથે જેમ કો ખેલ ગરુડ ખેલે,
તેમ કરી લીલા રહ્યા રઘુનંદન પ્રેમે.

ભ્રકુટિવિલાસે કાળનો કરે કોળિયો જે,
એવું યુદ્ધ લડી શકે સ્વપ્ને પણ ના તે.

પાવન યશનો વિશ્વમાં વિભુ વિસ્તાર કરે,
જેને ગાઈ માનવી ભવનિધિ ઘોર તરે.

સુગ્રીવે મૂર્છા મટ્યે કાખથકી સરકી,
કુંભકર્ણનાં નાક ને કાન તરત કરડી.

ગર્જના કરી ગગનના પંથે કર્યું પ્રયાણ,
ત્યારે તેના પ્રતિ ગયું કુંભકર્ણનું ધ્યાન.

પગ પકડી તેને તરત પૃથ્વી પર નાખ્યો,
સુગ્રીવતણા સ્વાદને એણે પણ ચાખ્યો.

નાક કાન વંચિત બન્યો કુંભકર્ણ શોકાર્ત,
ફર્યો ક્રોધથી યુદ્ધમાં જગાવવાને ત્રાસ.

જય જય જય રઘુવંશમણિ કરતાં કપિ જયકાર,
દોડ્યા એના પર કરી પર્વતવૃક્ષપ્રહાર.

*

(આખ્યાન)

કુંભકર્ણ રણરંગ વિરુદ્ધ, સન્મુખ ગયો કાળસમ ક્રુદ્ધ;
કોટિ કોટિ કપિ પકડી ખાય, જેમ ગુફામાં તીડ સમાય.

મસળ્યા કોટિ શરીરથી ગ્રહી, નાખ્યા કોટિ ચોળતાં મહીં;
નાસિકા વદન શ્રવણથકી નાઠા વાનરભાલુ ટકી.

રણમદમત્ત ધરીને દર્પ ગળવા લાગ્યો સર્જન સર્વ;
સુભટ ફર્યા નવ પાછા ફરી બન્યા અંધ પોકાર કરી.

(દોહરા)

કપિની સેના વિખરતાં દોડયું રાક્ષસસૈન્ય;
વ્યાકુળ દેખી સર્વને રજનીચરને ધન્ય,

બોલ્યા રામ, વિભીષણ લક્ષ્મણ ને સુગ્રીવ,
સંભાળો સેના તમે જોઉં રિપુબળવીર.

(આખ્યાન)

સજી ભાથું કટિ સારંગ હાથ અરિદલ દલનકાજ રઘુનાથ,
ચાલ્યા કરી ધનુષ ટંકાર, રિપુદલ બધિર બન્યું તત્કાળ.

સત્યસંઘ પ્રભુકેરાં બાણ કાળસર્પશાં સપક્ષપ્રાણ,
ચાલ્યાં જ્યાંત્યાં શોર કરી, અસુર ધરા પર રહ્યા ઢળી.

કાપ્યા પદ ઉર શિર ભુજ દંડ, કર્યા શૂરતનના શત ખંડ;
ઘાયલ પડ્યા મહી પર વીર, ફરી ઊઠ્યા કો વિરલ અધીર.

ગરજે વીર વાગતાં બાણ મેઘસમા; પ્રિય માની પ્રાણ,
કોઈ નાસે, ધડ દોડે, પાડો કાપો સ્વર છોડે.

(દોહરા)

પ્રભુનાં બાણો ક્ષણમહીં કાપી રાક્ષસ ઘોર,
નિષંગમાં પાછાં ફર્યાં શાંત કરીને શોર.

*

(આખ્યાન)

કુંભકર્ણને થયો વિચાર મરી અસુરસેના ક્ષણવાર;
ક્રુદ્ધ બનીને મહાબલવીર સિંહનાદ કરતાં ગંભીર,

એણે ઊંચકી પર્વતખંડ નાખ્યા વાનર ઉપર અખંડ,
પરંતુ પ્રભુએ મારી બાણ કાપ્યા એ સૌને તત્કાળ.

રામે ધનુ ખેંચી સક્રોધ વરસાવ્યો કટુ શરનો ધોધ;
અસુરશરીર પ્રવેશી સર્વ બહાર આવ્યાં માણી પર્વ.

શોણિત સ્ત્રવતું શરીર શ્યામ કજ્જલ ગિરિમાં મેરુસમાન;
વ્યાકુળ બન્યો છતાંય હસ્યો, રણથી ના તિલમાત્ર ખસ્યો.

(દોહરા)

મહાઘોર ગરજી રહ્યો કોટિ ગ્રહીને કીસ,
પછાડતાં ગજરાજશો શપથસહિત દસશીશ.

(આખ્યાન)

ભાગ્યાં ભાલુ તેમ કપિજૂથ વરુથી જેવાં મેષવરૂથ;
વિકળ પોકારી કરુણ વાણ નાઠાં બચાવવાને પ્રાણ.

કહેવા લાગ્યા, અસુર અકાળ કપિકુળ પર પડશે તત્કાળ,
કૃપાવારિધર રક્ષો રામ શરણાગતવત્સલ અભિરામ.

કરુણ વચન સુણતાં ભગવાન ચાલ્યા ધરી ધનુષ ને બાણ,
સૈન્ય સકળ રાખી પાછળ ચાલ્યા લડવાને આગળ.

શત શર માર્યાં રોષ કરી, અસુરશરીરે ગયાં મળી,
દોડ્યો કુપિત વાગતાં બાણ, ડોલ્યા ધરતી પર્વત પ્રાણ.

શૈલ ગ્રહ્યો કરમાં એણે, તોડ્યો રઘુપતિએ તેને;
વામ કરમહીં ગિરિ ધારી દોડ્યો ત્યારે શર મારી,

પ્રભુએ તે કર પણ કાપ્યો, તેના જુસ્સાને માપ્યો,
પંખહીન મંદરગિરિ જેમ જોવા લાગ્યો યમની જેમ.

(દોહરા)

ત્રિલોકને ગ્રસવા થયો હોય જેમ તૈયાર,
દોડ્યો ક્રોધે તેમ તે ઘોર કરી ચિત્કાર.

ભયભીત બની સિદ્ધ ને સુર સઘળા નભમાં,
હાહાકાર કરી રહ્યા શોક ભરી મનમાં.

(આખ્યાન)

દેવ સભય કરુણાનિધિ જાણી શ્રવણ સુધી ધનુ છેવટ તાણી,
શરનિકરે મુખ એનું ભર્યું તોપણ તન નીચે ન ઢળ્યું.

સામે દોડ્યો બનતાં કાળ શરભર વદનસહિત વિકરાળ;
પ્રભુએ સુતીક્ષ્ણ છોડી બાણ મસ્તક અલગ કર્યું તત્કાળ.

શિર તે પડયું દશાનન પાસ, વ્યાકુળ બની ગયો તે ખાસ,
સર્પ જેમ મણિ વિના અસાર જીવન લાગ્યું કરુણ અપાર.

(દોહરા)

ધડની દોટથકી ધરા ધસી ઘડીક અખંડ,
પ્રભુએ કાપીને કર્યા ધરતીના બે ખંડ.

ઉભય સૈન્યને દાબતા નીચે ખંડ પડ્યા,
બે પર્વત પૃથ્વી ઉપર પડે તેમ નભના.

તેજ સમાયું એહનું પ્રભુના વદનમહીં,
એથી સુરમુનિને રહ્યું અતિઆશ્ચર્ય થઈ.

દેવ દુંદુભિ વગાડતાં હરખ્યા, સ્તુતિ કરતાં,
પુષ્પો વરસાવી રહ્યા, નારદ ત્યાં પ્રગટ્યા.

(આખ્યાન)

કર્યું ગગન હરિગુણ ગણગાન, થયો ઉલ્લસિત પ્રભુનો પ્રાણ;
સત્વર શઠને હણો કહ્યું; તન રઘુપતિનું શોભી રહ્યું.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

સોહ્યા સમરમાં રામ કેવા અતુલબળ કોશલધણી,
શ્રમબિંદુ મુખ રાજીવલોચન અરુણ તન શોણિતકણી;
ભુજદ્વયમહીં ધનુબાણ ધાર્યું, ચતુર્દિશ કપિભાલુ છે,
બહુ વદનથી ના શેષ પણ ગાઈ શકે એ રૂપને.

(દોહરા)

અસુર અધમ અઘખાણશો અર્પ્યું એને ધામ,
મંદબુદ્ધિ તે માનવી ભજે નહીં જે રામ.

*

## ૧૩. મેઘનાદનું મૃત્યુ

(દોહરા)

દિનના અંતે સૈન્ય બે પાછાં ઉભય ફર્યાં;
યોદ્ધાઓ રણભૂમિમાં શ્રમિત થયેલ ઘણા.

પાવક પામી ઘાસને પ્રબળ બને છે જેમ,
વાનર દળ પણ વધ્યું રામકૃપાથી તેમ.

પોતાના મુખથી કહ્યે સુકૃત જેમ ઘટે,
નિશિચર એમ અહર્નિશ ઘટતા ગયા બધે.

બંધુશીશ ઉર રાખતાં કર્યો રાવણે શોક,
નારી છાતી કૂટતાં રડવા લાગી ફોક.

કહ્યું મેઘનાદે હવે જોજો મુજ પુરુષાર્થ,
ઈષ્ટદેવથી બળ અને રથને પામ્યો સાર્થ,

તે બળનું દર્શન નથી કદી કરાવ્યું મેં,
મહિમા મારો મુજ મુખે કહી બતાવું શે ?

સવાર પડતાં વાનરો ચઢ્યા ચતુર્દિશ દ્વાર;
રાક્ષસ પણ લડવા થયા કાળસમા તૈયાર.

માયામય રથ પર ગયો ગગને ને ગરજ્યો,
મેઘનાદ ભય જગવતો અટ્ટહાસ્ય કરતો.

(આખ્યાન)

શૂલશક્તિ તલવાર કૃપાણ અસ્ત્રશસ્ત્ર પરશુ વળી બાણ,
આયુધ વજ્રસમાન અપાર વૃષ્ટિ પરિઘની કરી કરાળ.

ગયાં છવાઈ નભમાં બાણ વરસ્યાં વાદળ જેમ રસાળ;
પકડો મારો વ્યાપ્યો શોર, પ્રહાર ચાલ્યા ચારેકોર.

ગિરિતરુસહ સેના દોડી, મારનાર ન મળ્યું કોઈ;
વિષાદગ્રસ્ત વળ્યા પાછા વાનર તેથી મદમાતા.

ઘાટ વાટ ને ગિરિ સઘળા સદન બન્યા જાણે શરના,
મેઘનાદ કેરી માયા વ્યાપી એમ સજી છાયા.

મારુતસુત અંગદ નલનીલ વ્યાકુળ કર્યા બધા બળશીલ,
પછી વિભીષણ ને સુગ્રીવ ઘાયલ કર્યા સુમિત્રાવીર.

રઘુપતિ સાથે યુદ્ધ કર્યું શરે સર્પનું રૂપ ધર્યું;
વાગ્યાં રઘુપતિને બહુ બાણ, રિપુએ હરવા લાગ્યો પ્રાણ.

(દોહરા)

એક અખંડ સ્વતંત્ર જે અવિનાશી સંપૂર્ણ,
નાગપાશથી રામ તે બંધાયા બહુમૂલ.

નટની પેઠે વિવિધ તે માયાચરિત કરે,
તોપણ સદા સ્વતંત્ર ને ઈશ્વર એક રહે.

નામ જપીને જેમનું મુનિ તોડે ભવપાશ,
કેમ કરી બંધાય તે વ્યાપક વિશ્વનિવાસ ?

પ્રભુ બંધાયા સમરની શોભાકાજ સપ્રેમ,
દેવોને ભય થાય ના એ દેખીને કેમ ?

(આખ્યાન)

ચરિત રામના સગુણ અગાધ પામે પાર ન બુદ્ધિવાણ,
વિરક્ત જ્ઞાની સમજી એમ તર્ક તજીને ભજે સપ્રેમ.

*

વ્યાકુળ સૈન્ય કરી ઘનનાદ પ્રગટ થયો કરતાં દુર્વાદ;
સુણતાં જાંબવાન પડકાર અસુરે કર્યો ત્રિશૂળપ્રહાર.

પકડી ત્રિશૂળ તે ન્યારું અસુરતણા ઉરમાં માર્યું;
જાંબવાનનો થતાં પ્રહાર પડ્યો ધરા પર રિપુ વિકરાળ.

પુનઃ ઘુમાવીને પટકયો પૃથ્વી પર પણ તે ન મર્યો,
નાખ્યો ત્યારે લંકા પર, નિરર્થક બન્યું રિપુનું બળ.

(દોહરા)

દેવર્ષિના સૂચનથી પહોંચી રઘુપતિપાસ,
માયા સર્પસમૂહનો ગરુડે કરતાં નાશ,

માયામુક્ત બની ગયા વાનર સઘળા એ,
દોડ્યા ધારી વૃક્ષ ને પર્વતપથ્થરને.

હર્ષાન્વિત કપિસૈન્યનો પામી પ્રબળ પ્રહાર,
વ્યાકુળ બનતાં રાક્ષસો નાઠા ગઢની પાર.

(આખ્યાન)

મેઘનાદને આવ્યું ભાન, થયો એહનો લજ્જિત પ્રાણ;
ગિરિગુફામહીં તરત ગયો, જપયજ્ઞસંકલ્પ કર્યો.

અતુલબળ વળી ઉદાર રામ વદ્યા વિભીષણ, પૂરણ કામ !
મેઘનાદ ખલ યજ્ઞ કરે, ફળે યજ્ઞ તો નહીં મરે.

રામે લક્ષ્મણ સાથ જઈ કપિને આજ્ઞા તરત કરી,
નાશ યજ્ઞનો કરવાકાજ; કહ્યું લક્ષ્મણે સજતાં સાજ,

ભાથું કમર પર બાંધી ધનુ પર સુંદર શર સાંધી,
રામપ્રતાપ હૃદય ધારી, દુશ્મનને નાખું મારી.

માર્યા વિના આજ આવું દાસ રામનો ન કહાવું,
શતશંકર પણ કરે સહાય, બચશે રિપુ તોપણ ન જરાય.

(દોહરા)

રઘુપતિચરણે શિર મૂકી ચાલ્યા તરત અનંત,
અંગદ નીલ મયંદનલ સુભટ સંગ હનુમંત.

*

(આખ્યાન)

પાડા રુધિરની આહુતિ દેતો જઈ વાનરે એને દેખ્યો;
કર્યો યજ્ઞનો વાનરે નાશ ઊઠ્યો તોય ના બનતાં નિરાશ.

ત્યારે કપિએ પકડ્યા વાળ, મારી એને અગણિત લાત;
આવ્યો ત્રિશૂળસાથ ધસી લક્ષ્મણ સન્મુખ કમર કસી.

દોડ્યા અંગદ ને હનુમાન સંતપ્ત કરી ક્રોધે પ્રાણ,
કરી હૃદય પર કિન્તુ પ્રહાર પાડ્યા પૃથ્વી પર પળવાર.

ત્રિશૂળ લક્ષ્મણ પર છોડ્યું, શર મારી તેને તોડ્યું;
આવ્યા અંગદ ને હનુમાન, થયો ક્ષૂબ્ધ ના એનો પ્રાણ.

શર છૂટ્યાં લક્ષ્મણનાં ઘોર ચારેકોર કરીને શોર,
ત્યારે તે અદૃશ્ય થઈ વિવિધ રૂપથી રહ્યો લડી.

(દોહરા)

અસુરને અજય દેખતાં વાનર થયા નિરાશ;
નિરધાર કર્યો લક્ષ્મણે કરવા ખેલ ખલાસ.

(આખ્યાન)

સ્મરી કોશલાધીશ પ્રતાપ છોડ્યું શર બળસાથ અમાપ,
લાગ્યું હૃદયે તરત જ બાણ, કપટ તજીને ત્યાગ્યો પ્રાણ.

(દોહરા)

રામાનુજ ક્યાં રામ ક્યાં કહેતાં છોડ્યો પ્રાણ;
ધન્ય માત તારી, વદ્યા અંગદ ને હનુમાન.

*

વિના પરિશ્રમ દેહને એના પવનકુમાર,
ઉપાડતાં પાછા વળ્યા રાખી લંકાદ્વાર.

મૃત્યુ સુણી ગંધર્વસુર વિમાનમાં આવ્યા,
વ્યોમે, વરણી સુમનને યશ ગાવા લાગ્યા,

વાદ્ય વગાડી, આપનો જય હો જગદાધાર,
જય અનંત, સૌ દેવને કર્યા પીડથી પાર.

પ્રશસ્તિ કરતાં દેવ ને સિદ્ધ ગયા પાછા;
કપિસેનાની પાંગરી જયની અભિલાષા.

મંદોદરી રુદન કરી છાતી કૂટી તેમ,
પોકારી ત્યારે રહી પ્રગટ કરીને પ્રેમ.

નગરજનો વ્યાકુળ બન્યા કહી નૃપતિને નીચ;
રાવણ સ્ત્રીઓને રહ્યો સમજાવી કે નીત,

જન્મે જીવ મરે જગે, નાશવંત છે રૂપ,
સમજી લો તો ક્ષણમહીં મળશે શાંતિ અનૂપ.

નીચ છતાંયે રાવણે કર્યો જ્ઞાનઉપદેશ,
વાણી વિશુદ્ધ શુભ છતાં વર્તનમાં ના લેશ.

પરોપદેશે કુશળ જન જગમાં ઘણા મળે,
કિન્તુ ચાલતા તે મુજબ માનવ વિરલ ખરે.

*

## ૧૪. રણમાં રાવણ

(ચોપાઈ)

રાત વીતી થયું ને સવાર, દોડ્યા ભાલુ કપિ ચારે દ્વાર;
બોલ્યો રાવણ સુભટ બોલાવી, યુદ્ધ જેમને ના શકે ફાવી,

દિલ લડતાં ડરે વળી જેનું, ઘેર રહેવામાં શ્રેય છે તેનું;
બાહુબળથી મેં વેર વધાર્યું, યોગ્ય ઉત્તર શત્રુને વાળું.

રથ વાયુસમા વેગવાળો કહી એમ તૈયાર કરાવ્યો,
વાગ્યાં વાજાં ને વીર સૌ ચાલ્યા જાણે કાજળવાદળાં ફાલ્યાં.
થયા અપશુકનો બધે ભારે, ગર્વે ગણકાર્યા ના એણે ત્યારે.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

અતિગર્વને લીધે શુકન અપશુકન ગણકાર્યા નહીં;
હથિયાર હાથથકી પડ્યાં, યોદ્ધા પડ્યા રથથી મહી;
ગજ અશ્વ ચિત્કારો કરીને નાસવા લાગ્યા બધે,
ગર્દભ શિયાળો ગીધ કાગ વદી રહ્યા કર્કશપણે,
યમદૂત જેવા ઘુવડ બોલ્યા રડ્યા શ્વાનો કટુસ્વરે.

(દોહરા)

ભૂતદ્રોહરત મોહવશ રામવિમુખ રતિકામ,
તેને સંપદશુકન શુભ સ્વપ્ને નવ વિશ્રામ.

*

ચાલી સેના અસુરની ચતુરંગિણી અપાર,
વિવિધ સવારી વાહનો રથધ્વજસહિત વિશાળ.

(ચોપાઈ)

જૂથ મત્ત ચાલ્યાં ગજકેરાં જેમ વર્ષાવાદળ વાયુપ્રેર્યાં,
વેશ વિવિધ વરણના ધારી માયા જાણનારા વીર ભારી.

સેના વીર વસંતે સજેલી એવી ચિત્રવિચિત્ર બનેલી,
ચાલી ત્યારે દિગ્ગજ ડગ્યા, ડોલ્યા ગિરિ, સાગર ક્ષોભથી બોલ્યા.

સૂર્ય ધૂળે રહ્યો ઢંકાઈ, થાક્યો પવન, પૃથ્વી અકળાઈ;
ઢોલવાજાં ભયંકર વાગ્યાં જાણે પ્રલયનાં વાદળ ગાજ્યાં.

ભેરીનફેરી શરણાઈ વાદ્ય વાગ્યાં છોડી સુખદ મારુ રાગ;
સિંહનાદ કરી રહ્યા વીર બની યુદ્ધને માટે અધીર.

કહ્યું રાવણે સુભટ સુણી લો, ભાલુકપિને હવે મસળી દો;
બંને રાજપુત્રોને હું મારું કહી સૈન્યને સામે ચલાવ્યું.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

દોડ્યા વિશાળ કરાળ વાનર ભાલુ કાળસમાન એ,
પર્વતસમૂહો રહ્યા ઊડી ધરી જાણે પાંખને;

વર્ણે વિવિધ, નખ દાંત પર્વત વૃક્ષ હથિયારો લઈ,
શ્રીરામ રાવણ મત્ત ગજ મૃગરાજ યશ વર્ણન કરી.

(દોહરા)

જયકાર કરી બે તરફ શોધીને નિજ જોડ,
રાવણ રામ વખાણતાં લડ્યા લઈને કોડ.

*

## ૧૫. રામનો રથ

(આખ્યાન)

રાવણ રથી વિરથ રઘુવીર બન્યા વિભીષણ જોઈ અધીર;
પ્રીત અધિક થયો સંદેહ, વંદી ચરણે કહ્યું કરી નેહ.

નાથ, રથ ના કવચ પદત્રાણ, વીર જીતશો શે બળવાન;
વદ્યા મિત્ર હે કૃપાનિધાન, જય દેનારો છે રથ આન.

પૈડાં શૌર્ય ને ધૈર્ય તે રથનાં, નામ સત્ય ને શીલ છે ધ્વજનાં;
બળ દમ પરહિત ને વિવેક અશ્વ એના, નથી અતિરેક.

ઈશભજનનો સારથિ જાણ, ઢાલ વિરતિ સંતોષ કૃપાણ,
પરશુ દાન શક્તિ બુદ્ધિ ચંડ, શ્રેષ્ઠ વિજ્ઞાન કઠિન કોદંડ.

મન અમલ અચલ ભાથું ન્યારું, યમનિયમ ને શમ શર સારું,
વિપ્ર ગુરુપૂજા કવચ અભેદ્ય; અન્ય જયનો ઉપાય ના એક.

એવો ધર્મમય છે રથ જેનો શત્રુ જીતનારો નથી તેનો,
બને સર્વકાળે વિજયી તે એમાં સંશય ના જરીએ.

(દોહરા)

જેનો રથ દ્રઢ હોય તે સુણો સખા મતિધીર,
મહા અજય સંસારરિપુ જીતે એવો વીર.

વિભીષણે વચનો સુણી પ્રેમે કર્યા પ્રણામ;
એ બહાને શિક્ષા ધરી રામ કૃપાસુખધામ.

*

## ૧૬. રાવણ સાથે યુદ્ધ

(દોહરા)

રાવણ અગંદ પવનસુત કરી રહ્યા પડકાર,
લડ્યા નિશાચર ભાલુ કપિ ગણી સમરને સાર.

બ્રહ્મા જેવા દેવ ને સિદ્ધો મુનિવર એ,
વિમાનમાં બેસી રહ્યા જોઈ યુદ્ધ રસે.

મદોન્મત્ત યોદ્ધા પરમ બંને તરફ હતા,
વાનર રઘુપતિના બળે વિજયી કિન્તુ થતા.

લડતા ને પડકારતા યોદ્ધાઓ પકડી,
એકમેકને મસળતા પૃથ્વી પર પટકી.

(અનુષ્ટુપ)

મારતા કાપતા વીરો પકડીને પછાડતા,
તોડી મસ્તક તેનાથી અન્યને તેમ મારતા.
પેટને ચીરતા યોદ્ધા ભુજાઓને ઉખેડતા,
દાટી રાક્ષસયોદ્ધાને રેતી પુષ્કળ રેલતા.

(છંદ-શ્રી રામચંદ્ર કૃપાલુ)

ક્રોધી કૃતાંત સમાન કપિના અંગથી શોણિત વહે,
ગાજે છતાં પણ વીર તે લડવા અસુર સાથે ચહે;
લપડાક મારી કરડતાં ને પીસતાં લડતા બધા,
છળબળ કરીને નિશાચરનો નાશ નોતરતા હતા.

સૌ ગાલ પકડી ફાડતા છાતી કચરતા વાનરો,
ને અસુર આંતરડાં ગળામાં પહેરી ફરતા અહો;
પ્રહ્લાદપતિ તન વિવિધ ધારી રણમહીં જાણે રમે,
જે વજ્ર તૃણને, વજ્રને તૃણ, દિવ્ય લીલાથી કરે.

(દોહરા)

ક્ષુબ્ધ નિહાળી સૈન્યને વીસ ભુજા દસ તાપ,
રાવણ ચાલ્યો રથ ચઢી અભિમાનથકી આપ.

(આખ્યાન)

દોડ્યો પરમ ક્રુદ્ધ દસકંધર, સન્મુખ ગયા ગરજતા બંદર;
લેતાં પથ્થર વૃક્ષ પહાડ નાખ્યાં અરિ પર એકીસાથ.

વજ્ર તન પરે પર્વત પડી તૂટ્યા ખંડ અનેક બની;
રથને રોકી અચળ રહ્યો દુર્મદ રાવણ ક્રુદ્ધ ઘણો.

મસળતો રહ્યો કપિદળને, નાઠા કપિ છોડી રણને;
હે અંગદ હનુમાન કરો રક્ષા બોલી, મદદ ધરો.

રક્ષો હે રઘુનાથ તમે, કાળથકી ભયભીત અમે;
રાવણ ગ્રસી રહ્યો અમને, પોકાર કરીએ તમને.

(દોહરા)

વાનરને નાસી ગયા જાણીને એણે,
દસે ધનુષ પર બાણને સાંધ્યાં સમર વિશે.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

સાંધ્યાં શરોને ધનુષ પર તે સર્પસમ ચાલી રહ્યાં,
ધરતી નભ દિશા તેમ પ્રદિશાને રહ્યાં વીંટી બધાં;
ક્યાં જાય કપિ, કોલાહલ વધ્યો, ભાલુકપિ વ્યાકુળ બન્યા,
રઘુવીર રક્ષક આર્તજનના, દયાસિંધુ, કહી રહ્યા.

(દોહરા)

નિજ દલ દેખીને વિકળ કટિ નિષંગ ધનુ હાથ,
ચાલ્યા લક્ષ્મણ કુપિત ત્યાં પ્રણમી જગના નાથ.

ભાલુ તેમ કપિને હણે હે શઠ તું શાને,
જો મુજને, છું કાળ હું આવ્યો તુજ માટે.

પુત્રનાશ કરનાર, હું તને રહ્યો શોધી;
કહ્યું રાવણે શરથકી રસ્તો અવરોધી.

શતખંડ કર્યા શરતણા તરત લક્ષ્મણે ત્યાં,
નિરર્થક વળી બળ કર્યાં કોટિ આયુધોના.

શરપ્રહારથી રથ અને સારથિ નાશ કર્યો,
માર્યાં શત શર ભાલમાં, રિપુ નવ તોય ડર્યો.

પેઠાં પર્વત શિખરમાં સર્પ જેમ સૌ તે;
ઉરમાં શત શર વાગતાં ઢળ્યો ધરા પર એ.

ભાન આવતાં અતિબલી ઊઠીને અસુરે,
ફેંકી શક્તિ ક્રોધથી અર્પી બ્રહ્માએ.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

એ શક્તિ લક્ષ્મણના હૃદય પર બરાબર લાગી રહી,
વ્યાકુળ બન્યું અંતર ધરા પર તન રહ્યું સત્વર ઢળી;
રાવણ ઉપાડી ના શક્યો; શિર જેમના બ્રહ્માંડ આ,
રજકણસમાન વિરાજતું તેને સમર્થ ઉપાડવા,
રાવણ હતો સ્વપ્નેય ના; એ જાણતો'તો મર્મ ના.

(દોહરા)

દેખી દોડ્યા પવનસુત વચનો કહી કઠોર;
મુષ્ટિપ્રહાર કર્યો તરત વીર રાવણે ઘોર.

જાનુ ટેકવી ના પડ્યા પૃથ્વી પર હનુમાન,
ઊઠી રોષે કટુ કર્યો રિપુ પર મુષ્ટિપ્રહાર.

વજ્રપ્રહારે શૈલસમ રાવણ વિવશ પડ્યો;
સચેત બનતાં શક્તિની કરી પ્રશસ્તિ રહ્યો.

હનુમાન વદ્યા, જીવતો સુરદ્રોહી તું રહ્યો,
પૌરુષ ધિક્કાર હો મુજને વળી અહો !

કપિવર લક્ષ્મણકાયને લાવ્યા રામસમીપ,
રાવણને વિસ્મય થયો વિલોકતાં એ વીર્ય.

રામ વદ્યા, લક્ષ્મણ તમે સમજો અંતરમાં,
કૃતાંતભક્ષક બંધુ છો સુરરક્ષક જગના.

ઊઠ્યા સુણતાં વચનને લક્ષ્મણ પરમકૃપાળ;
ગગનમહીં શક્તિ ગઈ સત્વર એ વિકરાળ.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

ધનુબાણ સાથે બની આતુર શત્રુ સામે લક્ષ્મણે,
આવી કર્યો રથ તથા સારથિનાશ અતુલિતશા બળે;
શત શર ઉરે માર્યા, પડ્યો વ્યાકુળ ધરા પર રાવણ,
રથમાં લઈને અન્ય સારથિ ગયો પુરમાં સત્વર.

(દોહરા)

દશાનને જાગી કર્યો જયને માટે યજ્ઞ,
રામવિરોધી આગ્રહી અધિક બન્યો એ અજ્ઞ.

*

માહિતી એની મેળવી વદ્યા વિભીષણ, રામ,
સિદ્ધ યજ્ઞ બનતાં થશે અજય પૂર્ણ કૃતકામ.

માટે રાવણ યજ્ઞનો કરવો ઘટતો નાશ;
રામે યોદ્ધા મોકલ્યા અંગદ સરખા ખાસ.

રમતમાત્રમાં સૌ ગયા નિર્ભય ભવનમહીં,
કરી રહેલો યજ્ઞ ત્યાં રાવણ ધૈર્ય ધરી.

કપિ ક્રોધે બોલ્યા તજી રણને આવ્યો ઘેર,
લાજહીન, બક જેમ તું ધ્યાન કરે શી પેર ?

કર્યો અંગદે અસુર પર ક્રોધે લાતપ્રહાર,
તોપણ ઊઠ્યો એ નહીં, જોયું નહીં લગાર.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

જોયું ન એણે લેશ ત્યારે ક્રોધથી વાનર બધા,
લાગ્યા પકડવા ને કરડવા દાંતથી એને અહા;

નાડી બધીયે બહાર કાઢી કેશને પકડી પછી,
પોકારતી અસહાય બનતાં, ક્રોધથી ત્યારે તપી.

ઊઠ્યો દશાનન કપિચરણને પકડતાં પટકી રહ્યો;
સંહાર યજ્ઞતણો કરાયો દીન એ દેખી થયો.

(દોહરા)

વિધ્વંસ કરી કુશળ કપિ પહોંચ્યા રઘુપતિ પાસ;
ચાલ્યો રાવણ રોષથી ત્યાગી જીવનઆશ.

(અનુષ્ટુપ)

ચાલતી વેળા ભયંકર વિવિધ અપશુકનો થયા,
ગીધ ઊડી દશાનનના શીશ પર બેસી ગયાં;
કાળવશ એણે ન માન્યું કિન્તુ એ સમયે કશું,
વગાડો ડંકા નિશાનો યુદ્ધનાં એવું કહ્યું.

(આખ્યાન)

ચાલ્યું રાક્ષસસૈન્ય અપાર ગજ રથ પદદળ તેમ સવાર;
પ્રભુસન્મુખ સૌ દોડ્યા ખલ જેમ શલભનાં વૃંદ અનલ.

દેવોએ સ્તુતિ અરજ કરી, અસુરે દારુણ વિપદ ધરી;
હવે રમાડો ના એને, જીવે વૈદેહી કેમે.

પ્રભુ મંદ હસ્યા સુણતાં વાણ, સજ્જ કર્યાં પોતાનાં બાણ;
શિર પર બાંધ્યો જટાસમૂહ, સોહે સુંદર વચ્ચે ફૂલ.

અરુણનયન તન મેઘશ્યામ, અખિલલોક લોચનાભિરામ;
કટિ પર પરિકર વળી નિષંગ, કર કોદંડ કઠિન સારંગ.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

સારંગ કર કમરે નિષંગ ભરેલ સુંદર બાણથી,
ભુજદંડ પુષ્ટ વિશાળ શુભ ઉર પુનિત ભૃગુમુનિ પાદથી;
પ્રભુ દાસ તુલસી હાથમાં ધનુબાણ ફેરવતા થયા,
બ્રહ્માંડ દિગ્ગજ કમઠ અહિ ગિરિ ધરા નદ ત્યારે ડગ્યાં.

(દોહરા)

શોભા દેખી હરખતાં પુષ્પો સુર વરસ્યા,
જય કરુણાનિધિ શક્તિ ગુણ રૂપનિધાન, વદ્યા.

*

(અનુષ્ટુપ)

અસંખ્ય આસુરી સેના કોલાહલ મચાવતી,
આવી ત્યાં; વાનરો સામે ચાલ્યા નૂતનશક્તિથી,
થઈને સજ્જ જાણે કે વાદળાં પ્રલયંકર,
કટારો તલવારો શી ચમકી ચપલાસમ !

(આખ્યાન)

ગજ રથ તુરગ અવાજ કઠોર, ગરજે જાણે વાદળ ઘોર;
વ્યાપ્યાં વ્યોમે કપિનાં પુચ્છ જાણે સુંદર મેઘધનુષ,
ધૂળ ઊડતી જલની ધાર, બાણ બિંદુની વૃષ્ટિ અપાર.

ગિરિનો બંને તરફ પ્રહાર વજ્રપાત સમ વારંવાર;
વરસ્યા રઘુપતિ રોષે બાણ ઘાયલ થયો અસુર સમુદાય.

બાણ વાગતાં પાડી ચીસ પડતા અસુરો જ્યાં ત્યાં નીચ;
રક્ત વહેતું અંગ તજી ગિરિ જ્યમ ઝરણ રહે ન ભજી.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

ભયભીત કાયરને કરીને રુધિરની સરિતા વહી,
બે સૈન્યના તટ, રથો રેતી, ઘૂમરી પૈડાંતણી;
જલજંતુ ગજપદ ચરતુરગ ખર વિવિધ વાહનનાં બન્યાં,
શરશક્તિ તોમર સર્પ, ચાપ તરંગ, ઢાલ કમઠ થયા.

(દોહરા)

વીર તીર તરુસમ પડ્યા, મજ્જા જાણે ફીણ;
કાયર દેખીને ડર્યા, પેખે સુખે પ્રવીણ.

(આખ્યાન)

ન્હાય ભૂતપિશાચ વેતાલ શિવગણ તેમજ પ્રેત કરાળ,
કાક કંક લઈ ભુજા ફરે, એક છીનવે એક જમે.

સસ્તું ભોજન સદ્ય મળે, દરિદ્રતા સંપૂર્ણ ટળે;
તરફડી રહ્યા ઘાયલ વીર, ઢળતા કાળનદીને તીર.

ગીધ ખેંચતા આંતરડા માછી જાળસમેત બધાં;
શોણિતમાં સુભટો તરતા, પક્ષી નાવ ગણી રમતાં.

જોગણી ભરે ખપ્પર રક્ત, પિશાચિની નાચે મદમત્ત;
કપાલનાં કરતાલ બજે, ચામુંડાઓ ગાય બધે.

જંબુકવૃંદ કરે કટકટ શબને કાપે ભક્ષે ઝટ;
પરસ્પર કરે રોષ રુવાબ, કોટિ ધડથકી ખેલે ફાગ.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

જય બોલતાં મસ્તક તથા ધડ દોડતાં મસ્તક વિના,
પક્ષી પરસ્પર લૂંટતાં, સુભટો સુભટને ખેંચતા;
કપિ રામબળ ગર્વિત નિકરને નિશાચરના મસળતા,
શર રામનાં પડતાં સુભટ ઢળતા તરત સૌ સમરમાં.

(દોહરા)

વિચાર લંકેશે કર્યો થતાં અસુરસંહાર,
એકલ હું, કપિ ભાલુ વધુ, માયા કરું અપાર.

*

પ્રભુનો રથ ના પેખતાં દેવો પામ્યા ક્ષોભ,
રથને ઈન્દ્રે મોકલ્યો માતલિસાથ અશોક.

(આખ્યાન)

તેજપુંજ રથ દિવ્ય અનૂપ, બેઠા રામ અવધપુર ભૂપ;
ચંચળ અશ્વ મનોહર ચાર અજર અમર મનસમ ફરનાર.

રથારૂઢ દેખીને રામ વાનર બન્યા અધિક બળવાન;
સહી શક્યો રાવણ ના માર કર્યો તદા માયાવિસ્તાર.

રઘુવરને માયા ન અડી, લક્ષ્મણ કપિએ સત્ય ગણી;
જોયા લક્ષ્મણસહ બહુ રામ કપિએ સેનામહીં તમામ.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

રિપુસૈન્યમાં બહુ રામલક્ષ્મણ દેખતાં વાનર ડર્યા,
સૌ સ્તબ્ધ ચિત્રાંકિતસમા કપિભાલુ ને લક્ષ્મણ બન્યા;
નિજ સૈન્ય ચકિત નિહાળતાં હસતાં સજી શર ચાપ પર,
માયા હણી ક્ષણવારમાં, સેના થઈ હર્ષિત સકળ.

(દોહરા)

રામે સૌને દેખતાં વચન કહ્યાં ગંભીર,
દ્વંદ્વયુદ્ધ પેખો હવે, શ્રમિત થયા સૌ વીર.

(આખ્યાન)

ચાલ્યા રથ સાથે રઘુનાથ વિપ્રપદ કમળવંદન સાથ,
લંકેશ ઉરે વ્યાપ્યો ક્રોધ, ગરજ્યો જાણે બળનો ધોધ.

બોલ્યો હે તાપસ સુણ વાત, અન્ય સમી ના મારી જાત;
રાવણ નામ જગતમાં ખ્યાત, લોકપાલ પણ મારા દાસ.

ખરદૂષણ વિરાધનો નાશ ભલે કર્યો તેં, બનતાં વ્યાધ;
વાલિને હણ્યો, અસુર હણ્યા, મેઘનાદ માર્યો મુજ ભ્રાત.

રણથી નાસે આજ નહીં વેર લઉં તો પૂર્ણ અહીં;
આવ્યો તું રાવણની પાસ, થઈ જશે કાળતણો ગ્રાસ.

કાળવશ ગણી સુણતાં વાણ વદ્યા સ્મિત કરી કૃપાનિધાન;
પ્રભુતા સત્ય બધી તારી, દાખવ બળ તારું ભારી.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

બકવાદથી કર નાશ ના યશનો, સુણી લે નીતિને,
પુરુષો ત્રિવિધ આંબા ફણસ જગમાં ગુલાબસમાન છે;
દે ફૂલ ગુલ, ફળફૂલ આંબો, ફણસ કેવળ ફળ ધરે,
એવી રીતે જન એક બોલે, અન્ય બોલે તે કરે,
ને અન્ય કેવળ કરે, બોલી ના બતાવે, આચરે.

(દોહરા)

દશાનન હસ્યો સાંભળી, વદ્યો, મને દે જ્ઞાન,
ડર્યો વેર કરતાં નહીં, પ્રિય ગણે હવે પ્રાણ.

(આખ્યાન)

કહી એમ ક્રોધી દશકંધર છોડી રહ્યો કુલિશ સરખાં શર;
દિગદિગંત ધરતી આકાશ રહ્યો નહીં ક્યાંયે અવકાશ.

પાવકશર છોડી રઘુવીર બાળી રહ્યા નિશાચરતીર;
તીક્ષ્ણ શક્તિ છોડી એણે, હાનિ કરી ન શકી કેમે.

ફેંકયાં અનેક ચક્રત્રિશૂળ, પ્રભુએ સૌને કીધાં ધૂળ;
શઠના સકળ મનોરથ જેમ અનાયાસ કાપ્યાં સપ્રેમ.

માર્યા સારથિને સો બાણ, ઢળ્યો ધરા પર વ્યાકુળ પ્રાણ;
કૃપા કરીને એને રામ જગાડી રહ્યા અર્પી હામ.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

થયા યુદ્ધે ક્રુદ્ધ રઘુપતિ, બાણ આતુર સૌ બન્યાં,
કોદંડ ધ્વનિ અતિ ઉગ્ર સુણતાં અસુર ભીતિથકી ડર્યાં;

મંદોદરીનું હૃદય કંપ્યું, નદકમઠ ભૂગિરિ ચળ્યા,
દિગ્ગજ દશનથી મહી પકડી ઘોર ચિત્કારી રહ્યા.

(દોહરા)

દેવ હસ્યા, ધનુ ખેંચતા દોડયાં બાણ કરાળ,
શર અસંખ્ય ફુત્કારતાં ચાલ્યા જાણે વ્યાલ.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

પાંખવાળા સાપસરખાં શર બધાં ચાલી રહ્યાં,
અશ્વસારથિને હણી ધ્વજપતાકા પાડી ગયાં;
ગરજતો રાવણ રહ્યો અતિજોરથી પણ અંતરે,
શ્રમિત ખૂબ થઈ ગયો, રોષે ચઢયો બીજા રથે.

શસ્ત્રાસ્ત્ર છોડ્યાં વિવિધ તો પણ ગયાં નિષ્ફળ એ સકળ,
પરદ્રોહરત જનના પ્રયત્નો થાય છે જેવા અફળ.

(આખ્યાન)

દસ ત્રિશૂળ અસુરે માર્યા, ચાર અશ્વ નીચે પાડ્યા;
રામે અશ્વ ઉઠાડી એ સુતીક્ષ્ણ વરસાવ્યાં શરને.

(દોહરા)

રાવણ શિર સરોજવન ભ્રમર રામનાં બાણ,
પંક્તિ ચાલી તેમની પ્રમુદિત કરવા પ્રાણ.

દસ ભાલમહીં દસદસ માર્યા રામે બાણ,
રેલી રક્તપ્રવાહને છેદી ચાલ્યાં ભાલ.

(આખ્યાન)

સ્ત્રવત રુધિર દોડ્યો બળવાન, ફરી કરીને શરસંધાન,
પ્રભુએ ત્રીસ બાણ માર્યા, ભુજાશીશ નીચે ઢાળ્યાં.

કાપ્યાં તો પણ થયાં નવીન, કાપ્યાં પ્રભુએ બની પ્રવીણ;
છેદ્યાં એ વિધ વારંવાર તો પણ આવી ન શક્યો પાર.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

મસ્તકભુજા નભમાં છવાઈ રાહુકેતુસમાં રહ્યાં,
રઘુવીરતીર સુતીક્ષ્ણ લાગ્યાં તોય ના નીચે પડ્યાં;
એકેક શરથી શિરસમૂહો કપાતાં ફરતાં નભે,
જાણે કુપિત રવિકિરણ ભળતાં રાહુગ્રહમાં હો બધે.

(દોહરા)

શિર હણતા પ્રભુ તેમ તે બનતાં વળી અપાર,
જેમ વિષય સેવ્યે વધે નિતનિત નૂતન માર.

દેખી મસ્તક વૃદ્ધિને રાવણ વિસર્યો મોત,
ગરજ્યો અભિમાની દસે ધનુસાથ મૂકી દોટ.

દેખાયો રથ ના ઘડી; ઝાકળ જ્યમ રવિને,
ક્રોધે તેમજ બાણથી ઢાંક્યો પ્રભુરથને.

હાહાકાર કર્યો સુરે ત્યારે ક્રોધ કરી,
પ્રભુએ ધનુષ ઉપાડતાં છેદ્યાં શીશ ફરી.

ધરા દિશા પ્રદિશા ગગન તેનાથી ઢાંક્યાં;
કપાયલાં શિર દોડવા ગગનપથે લાગ્યાં.

કોશલપતિ ક્યાં, રામ ક્યાં, લક્ષ્મણ ક્યાં સુગ્રીવ,
બોલી દોડયાં જયસ્વરે સૈન્ય કરી ભયભીત.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

ક્યાં રામ બોલી શીશ દોડયાં, વાનરો નાસી રહ્યાં,
ત્યારે હસી રઘુવંશમણિએ શીશને વીંધ્યાં બધાં;
શિર માલિકા સહ કાલિકા સંગ્રામમાં ટોળે મળી,
સૌ રુધિર સરસ્નાતા રહી રણવટતણી પૂજા કરી.

(દોહરા)

ક્રુદ્ધ રાવણે તે પછી છોડી શક્તિ પ્રચંડ,
વિભીષણ તરફ તે વધી જેમ કાળનો દંડ.

(આખ્યાન)

શક્તિ આવતી દેખી ઘોર ભક્ત ભીડભંજન પણ મોર,
એમ વિચારી રઘુપતિએ સહી શક્તિને લીધી તે.

શક્તિ લાગતાં મૂર્છિત થયા, વિલોકતાં સુર વ્યાકુળ બન્યાં;
પ્રભુનો પેખીને પરિશ્રમ ગદાસહિત દોડ્યો વિભીષણ.

કમભાગી શઠ હે મતિમંદ, કર્યો વિરોધ બનીને અંધ;
સાદર શિવને શિર તેં ધર્યાં, એકમેકનાં કોટિ કર્યાં.

તેથી ખલ તું ઊગરી શક્યો, કાળ હવે શિર નાચી રહ્યો;
રામવિમુખ સુખશાંતિ ચહે, ગતિ કેમ કરી શ્રેષ્ઠ લહે ?

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

ઉર પર ગદાનો પ્રહાર થતાં ધરા પર રાવણ ઢળ્યો,
લોહી વદનથી નીકળ્યું તત્પર છતાં લડવા થયો;
એ દ્વંદ્વયુદ્ધે કાળસરખા લડી વીર ઉભય રહ્યા,
રઘુવીરબળથી રિપુ તૃણસમો ભક્ત લાગ્યો લેખવા.

(દોહરા)

રાવણ સામે ના કદી જોઈ શકતો જે,
રામપ્રતાપે કાળસમ લડયો વિભીષણ તે.

*

(આખ્યાન)

દેખી શ્રમિત વિભીષણ ભારી ગયા પવનસુત પર્વત ધારી;
કરી અશ્વરથ સારથિનાશ મારી રાવણહૃદયે લાત.

ઊભો રાવણ કંપિત ગાત્ર, ગયો વિભીષણ જ્યાં જગતાત;
કપિ પર અસુરે કર્યો પ્રહાર, ગયા ગગન કપિવર તત્કાળ.

રાવણે ગ્રહ્યું કપિનું પુચ્છ, ઊડયા કપિવર ગગને ઉચ્ચ;
લડવા લાગ્યા ક્રોધે ફરી, પ્રહાર કરતાં છળબળ કરી.

કજ્જલ સુમેરુપર્વત જેમ સોહી રહ્યા ઉભય શુર એમ;
બુદ્ધિબળે નિશિચર ના પડ્યો પ્રભુનો ત્યારે આશ્રય ગ્રહ્યો.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

રઘુવીરને સ્મરતાં પવનસુત પ્રહારો કરતા ગયા,
પૃથ્વી પર પડી ઊઠતા લડતા, સુરે જયધ્વનિ કહ્યા;

હનુમંત સંકટને નિહાળી ભાલુકપિ દોડ્યા સકળ,
રણમત્ત અસુરે બાહુબળથી હણ્યા કિન્તુ બધા સુભટ.

(દોહરા)

રઘુપતિએ પોકારતાં દોડ્યા વીર પ્રચંડ,
કપિદળને પેખી પ્રબળ કર્યું પ્રગટ પાખંડ.

(આખ્યાન)

અંતર્ધાન થયો ક્ષણ એક, પ્રગટાવ્યાં ને રૂપ અનેક;
વાનરભાલુ હતા જ્યાં જ્યાં રાવણ પ્રગટ થયો ત્યાં ત્યાં.

અસંખ્ય અવલોકી દસશીશ ચોદિશ ભયથી પાડી ચીસ,
ભાગ્યા વાનર છોડી ધીર ત્રાહિ કહી લક્ષ્મણ રઘુવીર.

દસે દિશામાં દોડી રહ્યા કોટિ દશાનન ગરજી ઘણા,
ઘોર ભયંકર ક્રૂર કઠોર; દેવો કરવા લાગ્યા શોર.

જીત્યા દેવ રાવણે એક, આ તો રાવણ થયા અનેક;
ડરી દેવ ગિરિગુફામહીં, વસવા આતુર રહ્યા થઈ.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

મુનિઓ જ જ્ઞાની શંભુબ્રહ્મા પ્રભુતણો મહિમા કળી,
લવલેશ ત્યાં ઊભા રહ્યા; ભયભીત વાનર સૌ બન્યા;
સમજ્યા અસત્ય ન શત્રુને, વ્યાકુળ બની નાસી ગયા;
નલ-નીલ અંગદ પવનસુત રિપુને રણે મસળી રહ્યા.

(દોહરા)

સુર વાનર દેખી વિકળ હસ્યા કોશલાધીશ,
સારંગ સજી એક શર હણ્યા સકળ દસશીશ.

ક્ષણમાં માયાને સકળ કાપી પ્રભુએ એ,
સૂર્ય ઉદય પામી હણે જેમ ગાઢ તમને.

એક જ રાવણ દેખતાં હરખ્યા છેવટ દેવ,
પ્રભુ પર વરસાવી રહ્યા પુષ્પો સૌ સ્વયમેવ.

ભુજા ઉઠાવી રઘુવરે બોલાવ્યા કપિને,
વેગે આવ્યા એ બધા પામી પ્રભુબળને.

દેવોને દેખી કરી રાવણ રહ્યો વિચાર,
એક છું છતાં પામશે કોઈ ના મુજ પાર.

એક જ છું પર્યાપ્ત હું, તમે સદા મૃત છો,
એમ દોડતાં રોષથી રાવણ તરત વદ્યો.

હાહાકાર કરી બધા દેવ ભયે ભાગ્યા,
ત્યારે આપી અંગદે હિંમત ને આશા.

(અનુષ્ટુપ)

લાત મારી અંગદે પકડી દશાનનને પ્રબળ,
ધરા પર પાડી, ગયો પ્રભુ પાસ સંતોષે પ્રખર;

રાવણે ઊઠી ગરજતાં કરી શરવર્ષા વળી,
સર્વને ઘાયલ ભયાકુળ કરી હરખાયો ફરી.

(દોહરા)

રામે રાવણનાં હણ્યાં શીશ ભુજા શર ચાપ,
છેદ્યાં તેમ વધ્યાં વળી જેમ તીર્થનાં પાપ,

ભુજા શિર વધ્યાં દેખતાં કપિભાલુ થયા ક્રુદ્ધ,
ભુજા શિર કપાયા છતાં કેમ મરે ના મૂઢ ?

(આખ્યાન)

વાલીતનય મારુતિ નલ-નીલ, વાનરરાજ દ્વિવિદ બલશીલ,
કરી રહ્યા ગિરિ વિટપ પ્રહાર, માર્યો તેથી વળતો માર.

ચીરે એક નખે રિપુકાય, મારી લાત અન્ય કપિ જાય;
ચઢ્યા નીલ-નલ રાવણશીશ, ભાલ ચીરવા બની અધીર.

રુધિર દેખતાં થયો વિષાદ, આવ્યા શત્રુ પરંતુ ન હાથ;
કમળવને બે ભ્રમર ફરે એવું લાગ્યું દૃશ્ય રણે.

અંતે બંનેને પકડ્યા, પૃથ્વી પર કોપે પટક્યા;
નાઠા મરડી એનો હાથ ત્યારે લીધાં ધનુ શરસાથ.

મારુતિસહ કપિ થયા અચેત, સંધ્યા સમય થયો ત્યાં છેક,
હરખાયો રાવણ રણધીર, જાંબવાન પણ દોડ્યો વીર.

સંગ ભાલુ ભૂધર તરુસાથ મારી રહ્યા નિશાચર નાથ,
બન્યો ક્રુદ્ધ રાવણ બળવાન, પટક્યા કપિને હરવા પ્રાણ.
નિહાળતાં નિજ દળનો ઘાત મારી રાવણહૃદયે લાત.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

એ લાત મારી જાંબવાને વિકળ રાવણને કર્યો,
પાડયો ધરા પર રથથકી તોયે અસુર એ ના મર્યો;
મૂર્છિત નિહાળી લાત મારી જોરથી એને ફરી,
ત્યાં રાત પડતાં ગયો સારથિ રથમહીં અંતે લઈ.

(દોહરા)

ભાન આવતાં ભાલુકપિ સૌ પહોંચ્યા પ્રભુ પાસ;
રાક્ષસ રાવણને રહ્યા ઘેરી પામી ત્રાસ.

*

## ૧૭. સીતા તથા ત્રિજટા

(આખ્યાન)

રાતે પહોંચી સીતા પાસ કથા કહી ત્રિજટાએ ખાસ;
શિરભુજાતણી વૃદ્ધિ સુણી સીતા પામી ભીતિ ઘણી.

ચિંતા વધતાં બની ઉદાસ, બોલી મંદ થતાં અભિલાષ,
થશે શું હવે માત કહો, મરશે રાવણ કેમ અહો !

સકળ જગતને દુઃખ ધરે, શિર કપાય તો પણ ન મરે;
વિધિનાં ચરિત બધાં વિપરીત, ઊલટી દીસે એની રીત.

હરિપદકમળ વિયોગ ધર્યો તે વિધિએ આ ઘાટ ઘડ્યો,
કપટ કનક મૃગખેલ રચ્યો, રૂઠ્યું હજુ એ દૈવ અહો!

જીવાડી દુર્ભાગ્ય રહ્યું, રિપુને એ અનુકૂળ થયું;
રઘુપતિ વિરહ હલાહલ બાણ મારી કરે ક્ષુબ્ધ મુજ ધ્યાન,
છતાંય ના લે મારો પ્રાણ તેજ ટકાવે તેનો જાન.

સીતા વિલાપ કરતાં એમ સ્મરી રામને રહી સપ્રેમ;
ત્રિજટા બોલી ત્યારે એમ, રાજકુમારી રડતી કેમ ?

હૃદય લાગતાં એક જ બાણ બની જશે રાવણ નિષ્પ્રાણ;
ઉરમાં એ તુજને ધારે બાણ એટલે ના મારે.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

એના ઉરે સીતા વસે, સીતા હૃદયમાં હું વસું,
મુજ ઉદર ભુવન અનેક વસતાં, શરથકી ન રહે કશું;
એવું વિચારે રામ માટે તજી દે સંદેહને,
રિપુ જરૂર મરશે; શાંતિ પામી સુણી સીતા શબ્દ એ.

(દોહરા)

વિકળ થશે શિર છેદતાં, છૂટી જશે તુજ ધ્યાન,
ત્યારે રાવણહૃદયમાં રામ મારશે બાણ.

સમજાવી એવું બધું ત્રિજટા ભવન ગઈ;
સ્મરતાં રામ સ્વભાવને સીતા વ્યથિત થઈ.

રાત ચંદ્રને નીંદતા રહી વિલાપ કરી,
રાત દીર્ઘ યુગશી બની વીતે નહીં જરી.

વિરહવ્યથા વધતાં ઉરે ફરકયાં ડાબાં અંગ,
શુકન ગણી ધીરજ ધરી મળશે રઘુવરસંગ.

*

## ૧૮. રાવણનો નાશ

(દોહરા)

સારથિ પર ગુસ્સે થયો જાગી મધરાતે,
અધમ મંદમતિ, રણથકી લાવ્યો શા માટે ?

સારથિએ ધિક્કારતાં વિનવ્યો ચરણ ગ્રહી;
પ્રભાતમાં રાવણ ગયો રથ પર સમરમહીં.

વાનરસેનામાં થયો ખળભળાટ ભારે,
પર્વતવૃક્ષ ઉપાડતાં દોડ્યા ભટ ત્યારે.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

વિકરાળ વાનર ભાલુ પર્વતને લઈ દોડી રહ્યા,
ક્રોધે પ્રહાર થતાં નિશાચર ભયથકી ભાગી ગયા;
બળવાન કપિ લંકેશને ચારે તરફ ઘેરી વળ્યા,
લપડાક મારી અંગ ચીરી કર્યો વ્યાકુળ અતિ અહા.

(દોહરા)

પેખી કપિને અતિપ્રબળ અસુરે કર્યો વિચાર,
અંતર્હિત બનતાં કર્યો માયાનો વિસ્તાર.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

માયા રચી તેથી ભયંકર ભૂતવૈતાલો થયા,
પ્રગટ્યા ધનુષ ને બાણ સાથે પિશાચો જીવો ઘણા,
તલવાર ખપ્પરને લઈને જોગણી નાચી રહી,
ગાતી વિવિધ ગીતો હરખથી સ્વાદ શોણિતનો ગ્રહી.

મારો અને પકડો કહીને ઘોર સ્વરમાં દોડતી,
નાસી જતા કપિભાલુને આરોગવાને શોધતી.
વાનરો જ્યાં જ્યાં જતા ત્યાં આગ જલતી દેખતા,
વ્યાકુળ થતા સૌના ઉપર પડતા પહાડો રેતના.

શ્રમિત વાનરને કરીને ગર્જના અસુરે કરી,
સુગ્રીવ લક્ષ્મણ વીર સઘળા રહ્યા ધરતી પર ઢળી.

(અનુષ્ટુપ)

રઘુનાથ અહા રામ બોલી યોદ્ધા રડી રહ્યા,
રાવણે બળ તોડીને અન્ય માયા કરી મહા.

*

(દોહરા)

પ્રગટ કર્યા હનુમાન તે દોડ્યા શિલા લઈ,
દળ રચી જઈ સર્વને ઘેર્યા યુદ્ધમહીં.

પુચ્છ કરી ઊંચાં કહ્યું મારો પકડો એમ,
સોહી રહ્યા દસે દિશે રામ મધ્યમાં તેમ.

મેઘધનુષની વાડમાં તમાલનું દ્રુમ હોય,
રામ એમ શોભી રહ્યા આકર્ષી સૌ કોય.

દેવો હર્ષે જયસ્વરો કરવા લાગ્યા ત્યાં,
રામે માયાને હરી શરે એક ક્ષણમાં.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

માયા મટ્યે કપિભાલુ હરખ્યા ફરીથી પાછા ફર્યાં,
શ્રીરામ શરથી બાહુ શિર રાવણતણાં નીચે પડ્યાં;
રઘુવીર રાવણ સમરને કલ્પો સુધી શત શેષ ને,
કવિ શારદા કે વેદ ગાયે તોય પામે પાર શે ?

(દોહરા)

એના અલ્પ ગુણો કહે જડમતિ તુલસીદાસ,
જેમ નિજબળે મક્ષિકા ઊડે છે આકાશ.

ભુજાશીશ છેદ્યાં સતત મર્યો ન પણ લંકેશ,
રમતા પ્રભુ; સુરસિદ્ધમુનિ વ્યાકુળ પામ્યા ક્લેશ.

(આખ્યાન)

વધ્યા કાપતાં શિરસમુદાય જેમ લોભ વધતો પ્રતિલાભ;
મર્યો ન રિપુ શ્રમ ખૂબ થયો, જાણ્યો ખ્યાલ વિભીષણનો.

કહ્યા કાળ કાળતણા જે પ્રીતિપરીક્ષા કરતા તે.
સર્વજ્ઞ ચરાચરના નાથ, શરણાગત પાલક જગતાત,

સુરમુનિ સુખદાયક પ્રભુ હે, વદ્યા વિભીષણ શાંત સ્વરે.
નાભિકુંડમાં અમૃતવાસ જીવે તેથી રાવણ ખાસ.

(દોહરા)

શબ્દ વિભીષણના સુણી રામે લીધું બાણ,
અનેક અપશુકનો થયા ત્યારે ખેંચી ધ્યાન.

રડવા લાગ્યાં જોરથી ખર શિયાળ ને શ્વાન,
અમંગલ રહ્યાં સૂચવી વિહંગ વદતાં વાણ.

ધૂમકેતુ પ્રગટી રહ્યા દસે દિશે નભમાં,
દાહ થયો સઘળે થયું સૂર્યગ્રહણ ક્ષણમાં.

કંપ્યું ઉર મંદોદરીકેરું, મૂર્તિ રડી,
વજ્રપાત નભથી થયા, ડોલી ને ધરતી.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

અતિચંડ વાયુ ફરી રહ્યો, વાદળ રુધિર રજ વાળને,
વરસી રહ્યાં, કો વર્ણવી એ શકે સઘળાં અશુભને;
ઉત્પાત દેખી દેવ અકળાઈ રહ્યા જય બોલતાં,
ભયભીત જાણી રઘુવર ધનુબાણ ધાર્યા ડોલતાં.

(દોહરા)

છોડ્યાં શર ધનુ ખેંચતાં રામે એકત્રીસ,
કાળસર્પ સરખાં ગયાં સૌ વરસાવી રીસ.

એક સાયકે નાભિનું અમૃતસર શોષ્યું,
અન્ય શરે શિર ને ભુજા કાપી ધડ તોડ્યું.

શિરભુજારહિત નાચવા ધડ એ ત્યાં લાગ્યું,
પછી દોડવા; દિલ મૃદુલ ધરતીનું ભાગ્યું.

બે ખંડ કર્યા ધડતણા પ્રભુએ મારી બાણ,
બોલ્યો રાવણ ‘રામ ક્યાં, મારું’ મરતાં વાણ.

(આખ્યાન)

ડોલી ધરા પડયે દસકંધર, ક્ષોભ થયો ગિરિ સરિતા અંદર;
દિગ્ગજ સિંધુ અશાંત બન્યા, પૃથ્વી પર બે ખંડ પડ્યા.

(દોહરા)

ભુજાશીશ મંદોદરી આગળ રાખીને,
બાણ સકળ જગદીશની પાસ પહોંચીને,

પ્રવેશી નિષંગે ગયાં હરખ્યા સુર સઘળા;
તેજ સમાયું અસુરનું રામતણા મુખમાં.

દેવ વગાડી વાદ્યને પુષ્પોને વરસ્યા,
મુનિ બ્રહ્માએ શંકરે જયજયકાર કર્યા.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

જય કૃપામૂળ મુકુંદ દ્વંદ્વહરણ શરણ સુખપ્રદ પ્રભો,
ખલદલવિદારણ પરમકારણ દયાસિંધુ સદા વિભો;
સુર સુમન વરસ્યા તથા દુંદુભિ વગાડી પ્રેમે રહ્યા,
સંગ્રામમાં શ્રીરામનાં અંગો અનંગસમાં થયાં.

શિરજટામુકુટ પ્રસૂન વચ્ચે અતિમનોહર રાજતાં,
એ નીલગિરિ પર તડિત પટલસમેત ઉડુગણ નાચતા;
ભુજદંડ શરકોદંડ દીસે રુધિરકણ તન પર વળી,
જાણે તમાલ ઉપર વિરાજે રાયમુનિપંખી ફરી.

(દોહરા)

કૃપાદૃષ્ટિથી રઘુવરે સુરને અભય કર્યા,
ભાલુ તથા કપિ જયસ્વરે સર્વ પ્રસન્ન થયા.

*

## ૧૯. મંદોદરીનો વિલાપ

(આખ્યાન)

પતિશિર પેખી મંદોદરી મૂર્છિત વિકળ ધરા પર ઢળી;
યુવતીવૃંદ રડતું ત્યાં આવ્યું, રાવણસમીપ એને લાવ્યું.

ગતિ પેખી કરતાં પોકાર, કચતનની ન રહી સંભાળ;
તાડન ઉરનું રહી કરી, શક્તિ વખાણી અશ્રુ ધરી.

ધરા ધ્રુજતી બળથી રોજ, અગ્નિ સૂર્ય શશિ ખોતાં ઓજ;
શેષકમઠ ના સહતા ભાર તન તે ઢળ્યું ધરા પર આજ.

વરુણ કુબેર સુરેશ સમીર લડ્યા રણે ના ધારી ધીર;
સાંઈ, જીત્યા યમ ને કાળ બળથી, આજ બન્યા અસહાય.

પ્રભુતાની છે જગને જાણ, સુતપરિજનની ફરતી આણ,
રહ્યું નહીં કોઈ રડનાર, રામવિમુખના એવા હાલ.

વશ સહુ વિધિસૃષ્ટિ હતી નાથ, નમતા લોકપાલ ભય સાથ;
હવે અંગને જંબુક ખાય, રામવિમુખનું એમ જ થાય.
કાળવિવશ માન્યું ન તમે, નર માન્યા જગના પતિને.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

જાણ્યા મનુજશા દનુજ કાનન દહનપાવક પ્રભુ સ્વયં,
શિવ દેવ બ્રહ્મા નમે ન ભજ્યા તેમને કરુણામયં;
જન્મી કર્યું પરદ્રોહરત પાપૌઘમય તનને તમે,
અર્પ્યું છતાંય સ્વધામ વંદન એ નિરંજન બ્રહ્મને.

(દોહરા)

અહા નાથ, રઘુનાથસા કૃપાસિંધુ ના અન્ય,
યોગીદુર્લભ ગતિ ધરી કર્યા તમોને ધન્ય.

*

(આખ્યાન)

સુણી સતીકેરી એ વાણ સુખી થયા સુર ઋષિમુનિ પ્રાણ;
અજ મહેશ સનકાદિ મહાન નારદ પ્રભુદર્શી વિદ્વાન,

આંખ ભરીને નીરખી રામ પ્રસન્ન મગ્ન બન્યા કૃતકામ.
રડતી દેખી સઘળી નાર થયા વિભીષણ વ્યથિત અપાર.

બંધુદશાથી પામ્યા શોક, કરી રહ્યા ઊંડો અફસોસ;
શાંતિ લક્ષ્મણે કરી પ્રદાન અનુસરતાં રઘુપતિની વાણ.

(દોહરા)

કૃપાદૃષ્ટિ કરતાં કહ્યું પ્રભુએ તજવા શોક;
કરવા રાવણની ક્રિયા વ્યથા પરહરી ફોક.

પ્રભુની આજ્ઞા અનુસરી વિધિસહ ક્રિયા કરી,
દેશકાળને સમજતાં અંજલિ પછી ધરી.

મંદોદરી સમેત સૌ સ્ત્રી અંજલિ આપી,
ગઈ હર્મ્યમાં, રામના ગુણમાં મન સ્થાપી.

*

## ૨૦. વિભીષણનો રાજ્યાભિષેક

(દોહરા)

વિભીષણે શિરને પછી ઢાળ્યું રામપદે;
લક્ષ્મણને બોલાવતાં સૂચવ્યું રઘુપતિએ.

(આખ્યાન)

કપીશ અંગદ નલ ને નીલ, જાંબવાન મારુતિ નયશીલ,
જાવ બધાય વિભીષણ સાથ રાજતિલક કરવાને ભાલ;
પિતાવચનના પાલનકાજ પુરમાં નહીં પ્રવેશું આજ.

ચાલ્યા કપિ પ્રભુવચન સુણી, તિલક વ્યવસ્થા પૂર્ણ કરી;
રાજ્યાભિષેક તરત કર્યો, સ્તુતિ કરતાં શુભ હેતુ સર્યો.

શીશ નમાવી કર્યા પ્રણામ; પ્રભુ પાસે પહોંચ્યા કૃતકામ,
લંકેશ તથા અન્ય બધા; વિસર્યા દર્શનથકી વ્યથા.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

અમૃતસ્વરે સૌને સુખ ધર્યું, રિપુ તમારાથી મર્યો,
પામ્યા વિભીષણ રાજ્ય; યશ રહેશે તમારો નિતનવો,

ત્રિભુવનમહીં; યશગાન ગાશે તમારું મુજસાથ જે,
ભવસિંધુપાર અપાર તે સૌ પરિશ્રમ વિણ પામશે.

(દોહરા)

પ્રભુના શબ્દોને સુણી તૃપ્તિ ન કપિ પામ્યા,
પદપંકજને પકડતાં પુનઃપુનઃ નામ્યા.

*

## ૨૧. અગ્નિપરીક્ષા

(આખ્યાન)

બોલાવી સત્વર હનુમાન લંકા જાવ વદ્યા ભગવાન;
વૈદેહીને ખબર કરો, પાછા પૂછી ખબર ફરો.

આવ્યા નગરમહીં હનુમાન થતાં શેષ અસુરોને જાણ,
પૂજા પ્રશસ્તિસાથ કરી, સીતાને સપ્રેમ ધરી.

કર્યા દૂરથી પ્રેમપ્રણામ, દૂત રામના શ્રીહનુમાન,
જાણી પૂછ્યું કૃપાનિકેત કુશળ છે અનુજ સૈન્યસમેત.

માત, કુશળ કોશલાધીશ, જીત્યો સમરમહીં દસ શીશ;
રાજ્ય વિભીષણ પાસ ગયું; મન કપિ વચને મુદિત બન્યું.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

અતિહર્ષ મનમાં, પુલક તનમાં, સજલ લોચનથી કહ્યું,
હનુમાન શું અર્પું તમોને, નથી કશું આ વાણશું;
માતા, અખિલ જગરાજ્ય મુજને કહ્યું હનુમાને મળ્યું,
વિજયી બનેલા બંધુ સાથે રામનું દર્શન થયું.

(દોહરા)

સીતા બોલી, ગુણ સકળ હૃદય વસો હનુમંત,
સાનુકૂળ શ્રીરામ ને રહો સદાય અનંત.

(આખ્યાન)

એવો સત્વર કરો ઉપાય નીરખે નયન શ્યામ રઘુરાય;
હનુમાન ગયા રઘુપતિપાસ, કુશળ કહ્યા સીતાના ખાસ.

સુણતાં વેંત ભાનુકુલ ભૂષણ વદ્યા વચન, યુવરાજ વિભીષણ,
મારુતસુત સાથે જાઓ; સીતાને સાદર લાવો.

ગયા સર્વ સીતાની પાસ, હતી રાક્ષસીઓ ત્યાં ખાસ;
વિભીષણે કરતાં ફરમાન તરત થયું સીતાનું સ્નાન.

ભૂષણ વિવિધ પહેરાવ્યાં, સરસ પાલખીને લાવ્યા,
બેઠી સીતા તે પર રામ સ્મરતાં હર્ષસહિત સુખધામ.

છડીદાર રક્ષક ચોપાસ, ઉરમાં સૌના પરમોલ્લાસ;
દર્શનાર્થ કપિભાલુ ગયા, ખિન્ન રોકતાં બની વળ્યા.

(દોહરા)

વદ્યા રામ સીતા ભલે ચાલીને આવે,
જનની જેમ જ સર્વને જોવાનું ફાવે.

કપિભાલુ બન્યા તૃપ્ત ને સુર સુમનો વરસ્યા;
રાખી રામે પ્રથમની સીતા અગ્નિમાં,
તૈયાર થયા પ્રગટ તે કરવા વિભુ સહુના.

એથી કરુણાસિંધુએ કર્યો લેશ દુર્વાદ,
સુણતાં સઘળી રાક્ષસી કરવા લાગી વિષાદ

*

(આખ્યાન)

પ્રભુનાં વચન ચઢાવી શીશ વદી કર્મમનવચન પવિત્ર,
લક્ષ્મણ, ધર્મસહાય ધરો, પાવક સત્વર પ્રગટ કરો.

લક્ષ્મણ સુણી સીતાની વાણ વિરહવિવેક ધર્મનીતિ પ્રાણ,
ઊભા લોચન સજલ લઈ, પ્રભુને શક્યા કશું ન કહી.

રઘુપતિની ઈચ્છા અનુસરી પાવકજ્વાળા પ્રગટ કરી;
પ્રબળ અગ્નિ અતિ પ્રગટ થયો, સીતાને પણ ભય ન રહ્યો.

કર્મવચનમન મુજ ઉરમાંહી હો કોઈ ન વિના રઘુરાય,
અગ્નિદેવ મુજ માટે હો ચંદનસમાન શીતળ તો.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

ચંદનસમા પાવકમહીં સીતા પ્રવેશી પ્રભુ સ્મરી,
જય કોશલેશ મહેશવંદિત ચરણરતિ હૃદયે ધરી;
પ્રતિબિંબ ને લૌકિક કલંક પ્રચંડ પાવકમાં બળ્યું,
પ્રભુચરિત સુરમુનિસિદ્ધ પણ સમજ્યા નહીં જોઈ ખરું.

સોંપેલ જેવી ઈન્દિરાને વિષ્ણુને ક્ષીરસાગરને,
તન ધરી પકડી હાથ અનલે વેદ જગવિખ્યાત તે,
સોંપી સ્વહસ્તે તેમ સુંદર જાનકીને રામને;

રાજી રહી એ વામ ભાગે રામના પંકજકળી,
નવનીલ નીરજ નિકટ સોહે તેમ રસ નૂતન ભરી.

(દોહરા)

સુર હર્ષે વરસ્યા સુમન; વાગ્યાં નભે નિશાન,
કિન્નર ગાતા, અપ્સરા નાચી ચઢી વિમાન.

જનકસુતાસહ પ્રભુતણી શોભા અમિત અપાર;
હરખી બોલ્યા ભાલુકપિ જય રઘુપતિ સુખસાર.

*

## ૨૨. દેવોની તથા બ્રહ્માની સ્તુતિ

(આખ્યાન)

રઘુપતિનું અનુશાસન પામી માતલિ ગયો ચરણ શિર નામી;
આવ્યા દેવ સદા સ્વારથી, વદ્યા વચન જેમ પરમારથી.

દીનબંધુ રઘુરાય દયાળ કરી દેવ પર કૃપા અપાર;
વિશ્વદ્રોહરત ખલ કામી નિજ અઘ મર્યો કુમારગગામી.

સદા એકરસ સમ અવિનાશ પરબ્રહ્મ તમે સહજ ઉદાસ;
અકલ અગુણ અજ અનઘ અમોઘ, અજય અનામય કરુણાસ્ત્રોત.

મીન કમઠ સૂકર નરહરી વામન પરશુરામ વપુ ધરી,
જ્યારે પણ દુઃખ પામ્યા દેવ, તમે કરી સ્નેહથકી સેવ.

મલિન હૃદય ખલ આ સુરદ્રોહી કામલોભમદરત અતિક્રોધી,
અધમાધમ ગતિ પામ્યો શ્રેષ્ઠ આશ્ચર્ય થયું અમને એ જ.

ઉત્તમ અધિકારી અમ દેવ સ્વાર્થે વિસરી ભક્તિસેવ,
ભવસાગરમાં પડ્યા સદાય, આવ્યા શરણે પાહિ દયાળ !

(દોહરા)

અરજ સાથે સૌ સિદ્ધસુર રહ્યા પ્રણામ કરી,
પુલકિત તન બ્રહ્મા રહ્યા સ્તુતિ સપ્રેમ ધરી.

*

(સ્તુતિ – અધરમ્ મધુરમ્)

જય રામ સદા સુખધામ હરે, રઘુનાયક સાયક ચાપધરે,
ભવહસ્તિ વિનાશક સિંહ પ્રભો ગુણસાગર નાગર નાથ વિભો!

બહુ કામસમાન શરીરછબી, ગુણ ગાય છે સિદ્ધ મુનીન્દ્ર કવિ;
યશપાવન રાવણ નાગ મહા બની ક્રોધે ગ્રહ્યો ખગનાથ અહા

જનરંજન ભંજન શોકભય ગતક્રોધ સદા પ્રભુ બોધમય;
અવતાર ઉદાર અપાર ગુણ, ભૂભાર વિભંજન જ્ઞાનઘન.

અજવ્યાપક એક અનાદિ સદા, કરુણાકર રામ પ્રણામ મુદા;
રઘુવંશ વિભૂષણ દૂષણ હા, કર્યો ભૂપ વિભીષણ દીન મહા.

ગુણજ્ઞાનનિધાન અમાન અજ, વિભુ વંદન રામ સદા વિદજ;
ભુજદંડ પ્રચંડ પ્રતાપ બળ, ખલવૃંદ નિકંદન અતિકુશળ.

વિનાકારણ દીનદયાળ હિત રસધામ પ્રણામ રમાસહિત;
ભવતારક કારણ કાર્ય પર મનસંભવ દારુણ દોષહર.

શરચાપ ને ચારુ નિષંગધર, જલજારુણ લોચન ભૂપવર,
સુખમંદિર સુંદર શ્રીરમણ, મદમાર મહામમતા શમન.

અનવદ્ય અખંડ અગોચર છો, સદા સર્વ રૂપે છતાં મુક્ત રહો;
વદે વેદ બધા નવ દંતકથા, રવિતાપ છે ભિન્ન અભિન્ન યથા.

કૃતકૃત્ય વિભો સહુ વાનર આ નીરખે મુખમંડળ સાદર હા !
ધિક જીવન દેવશરીર હરે, પ્રભુભક્તિ વિના પથ ભૂલ્યા ખરે.

હવે દીનદયાળ દયા કરજો, મતિ ભેદભરી હરિવર હરજો;
વિપરીત ન કે વર્તન કરીએ, દુ:ખને સમજી સુખ નવ ફરીએ.

ખલખંડન મંડન ભૂમિતણા પદપંકજ સેવતાં શંભુઉમા;
નૃપનાયક દો વરદાન મને ચરણાંબુજ પ્રેમ પવિત્ર બને.

(દોહરા)

પુલકિત તનથી સ્તુતિ કરી બ્રહ્માએ પ્રેમે;
શોભા નીરખી ના થયાં નેત્ર તૃપ્તિ કેમે.

*

## ૨૩. ઈન્દ્રની સ્તુતિ

(આખ્યાન)

એ અવસર પર દશરથ આવ્યા સુત નિહાળતાં અશ્રુ છવાયાં,
રામલક્ષ્મણે કર્યા પ્રણામ; આશીર્વાદ ધર્યા અભિરામ.

તાત, સકળ તમ પુણ્યપ્રભાવ હાર્યો અજય નિશાચરરાવ;
સુણી વચન રોમાંચ થયાં, નયન ભરાઈ અશ્રુ ગયાં.

રામે પૂર્વ પ્રેમઅનુમાન કરી એમને આપ્યું જ્ઞાન;
ભેદભક્તિ પ્રગટેલી મન મળ્યું ન એથી મુક્તિધન.

સગુણોપાસક મોક્ષ ન લે, રામ એમને ભક્તિ દે;
પ્રભુને કરી અનેક પ્રણામ દશરથ ગયા મુદિત સુરધામ.

(દોહરા)

અનુજ જાનકી સહિત પ્રભુ કુશળ કોશલાધીશ,
શોભા જોઈ સ્તુતિ કરી રહ્યા સુખી સુર-ઈશ.

(આખ્યાન)

શોભાધામ પ્રણતવિશ્રામ શરણાગત વત્સલ જય રામ;
કરમાં નિષંગ શર ને ચાપ, જય રઘુપતિ અતિપ્રબળ પ્રતાપ.

ખરદૂષણના દુશ્મન હે, કર્યું નિશાચર મર્દનને;
દુષ્ટ તમે આ મારી નાથ, કર્યા દેવને સકળ સનાથ.

ભૂમિભારને હરનારા મહિમા અપાર ધરનારા,
કર્યા રાક્ષસોને બેહાલ જય રાવણના શત્રુ કૃપાળ.

લંકેશનો ભયંકર ગર્વ, કરેલ વશ સહુ સુરગંધર્વ,
સિદ્ધ તેમ મુનિનર ને નાગ (ખગ) જીવનમાં જગવી આગ.

પરદ્રોહપરાયણ અતિદુષ્ટ પામ્યો ફળ તેનું અતિપુષ્ટ;
સુણો હવે હે દીનદયાળ કમળસમાન નેત્ર સુવિશાળ !

હતું મને એવું અભિમાન કોઈ સમાન કે ન મહાન;
દર્શન હવે તમારું મળ્યું, માન કષ્ટપ્રદ સકળ ટળ્યું.

કોઈ નિર્ગુણ કે અવ્યક્ત પ્રભુના ધ્યાનમહીં છે રક્ત,
પરંતુ મુજને કોશલભૂપ ગમે તમારું સગુણસ્વરૂપ.

વૈદેહી ને અનુજસમેત મમ અંતરમાં કરો નિકેત;
મને તમારો માની દાસ ભક્તિદાન દો રમાનિવાસ !

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

દો ભક્તિ ભયહર રમાના પતિ શરણથી સુખદાયક,
સુખધામ રામ પ્રણામ બહુવિધ કામમય રઘુનાયક;
સુરવૃંદરંજન દ્વંદ્વભંજન મનુજતન અતુલિતબળ,
બ્રહ્માદિ શંકરસેવ્ય રામ પ્રણામ કરુણાકોમળ.

(દોહરા)

કૃપાદૃષ્ટિ કરતાં કરો આજ્ઞા મને કૃપાળ;
પ્રિય વચન સુણી ઈન્દ્રનાં બોલ્યા દીનદયાળ.

(આખ્યાન)

સુરપતિકપિ ને ભાલુ અમારા ઢળ્યા ધરા પર નિશિચર માર્યા,
મુજ હિત માટે છોડ્યા પ્રાણ, બક્ષો સુરેશ સૌને જાન.

પ્રભુની રહસ્યવાળી વાણી અતિઅગાધ જાણે મુનિજ્ઞાની;
પ્રભુ ત્રિભુવનને હણે પ્રાણ દે મહત્તા ધરે સુરપતિને તે.

સુધાવર્ષણે પામી પ્રાણ પ્રભુપાસ ગયા સુભટ મહાન;
વરસ્યા સુધા ઉભય દળ ઉપર તોપણ જીવ્યા ના રજનીચર.

રામાકાર થયેલાં મન છૂટ્યાં તેથી ભવબંધન;
કપિ ને ભાલુ હતા સુરઅંશ રહ્યો અટલે જીવિત વંશ.

રામસમા હિતકારક કો, નિશાચરે કર્યા મુક્ત અહો;
ખલમલધામ કામરત જે રાવણ મુનિગતિ પામ્યો તે.

(દોહરા)

સુર સુમનો વરસી ગયા બેસી રુચિર વિમાન;
ઉત્તમ અવસર જાણતાં આવ્યા શંભુ સુજાણ.

*

## ૨૪. શિવની સ્તુતિ

(દોહરા)

નમન પરમપ્રીતે કરી ભરી નયનમાં નીર,
પુલકિત તન ગદ્ ગદ સ્વરે બોલ્યા શંકર ધીર.

(જય દેવી જય દેવી જય જય)

રક્ષો મુજને રઘુકુળનાયક ધર્યાં ચાપ સુંદર ને સાયક;
મોહમહાઘન પટલપ્રભંજન, સંશયવિપિન અનલ, સુરરંજન.

અગુનસગુણ ગુણમંદિર નાગર ભ્રમતમપ્રબળ પ્રતાપદિવાકર,
કામક્રોધમદ ગજપંચાનન, વસો નિરંતર જનમન કાનન.

વિષય મનોરથ પુંજકંજવન પ્રબળ તુષાર, ઉદાર, પારમન;
ભવવારિધિ મંથનના મંદર, તારો ભવનદથી અભયંકર !

શ્યામગાત્ર હે પંકજલોચન, દીનબંધુ પ્રણતાર્તિવિમોચન;
અનુજ જાનકીસહિત નિરંતર વસો રામનૃપ પ્રભુ મુજ અંતર.
મુનિરંજન મહીમંડલ મંડન તુલસીદાસ પ્રભુ સંકટખંડન.

(દોહરા)

કોશલપુરમાં આપનું તિલક થશે જ્યારે,
નિહાળીશ આવી ચરિત કૃપાસિંધુ ત્યારે.

*

(આખ્યાન)

કરી પ્રાર્થના શંભુ સિધાવ્યા ત્યારે નિકટ વિભીષણ આવ્યા;
ચરણે વંદી વદ્યા મૃદુ વાણી, સુણો હે પ્રભુ સારંગપાણિ !

સેનાકુળ સાથે રાવણ માર્યો; યશ ત્રિભુવનમાં વિસ્તાર્યો;
દીનહીન મલિનમતિ મુજને કરી કરુણા રાખ્યો સદા શરણે.

કરો પાવન ગૃહ હવે મારું, મટે થાક કરો સ્નાન ન્યારું;
જોઈ સંપત્તિલક્ષ્મી ને હર્મ્ય આપો કપિને કૃપાળુ સહર્ષ.

મને અપનાવી લો બધી રીતે, જાઓ સાથે અવધપુરી પ્રીતે;
સુણી શબ્દને દીનદયાળ દ્રવ્યા, છલકાયાં નયન વિશાળ.

(દોહરા)

રામ વદ્યા, ગૃહકોશ તુજ મારું છે સૌ કાંય,
ભરતદશા સંભારતાં નિમીષ યુગશી જાય.

તાપસવેશ ગાત્ર કૃશ ભજે મને દિનરાત,
ઉપાય સદ્ય કરો મળું એને કે સાક્ષાત.

અવધિ વીતતાં જો જઉં જીવિત મળું ના વીર;
સ્મરતાં ભરતપ્રીતિ પ્રભુ પુલકિત બન્યા લગીર.

કરો કલ્પ સુધી રાજ્યને સ્મરો સદા મુજને,
પામી લેશો ધામ મુજ મળતું મુનિજનને.

(ચોપાઈ)

સુણી મધુરી વિભીષણે વાણી કર્યા નમન શ્રીરામને નામી;
હરખ્યા કપિભાલુ સઘળા મનમાં કર્યું ગુણનું સ્તવન ઢળી પદમાં.

પહોંચી ભવને વિભીષણે પ્રેમે મણિવસ્ત્રે વિમાનને કેમે,
ભરી રામની આગળ રાખ્યું; કૃપાસિંધુએ હસતાં ભાખ્યું.

ચઢી પુષ્પકે પહોંચીને નભમાં મણિવસ્ત્રને વરસાવો ક્ષણમાં;
કર્યું શીઘ્ર વિભીષણે એવું લીધું જેણે જેવું ફાવે તેવું

(દોહરા)

મણિને મુખમાં નાખતાં કપિ નાખી દેતા,
ખાદ્યપદાર્થ નથી લહી ક્ષણિક હસી લેતા.

મુનિ ધ્યાને પામે નહીં, નેતિ કહે છે વેદ,
કૃપાસિંધુ કપિસહ કરે લીલા ભૂલી ભેદ.

યોગ યજ્ઞ તપ દાન ને વ્રત તથા વિવિધ નેમ,
રામકૃપા અર્પે નહીં અર્પે પવિત્ર પ્રેમ.

*

(ચોપાઈ)

પટભૂષણ કપિભાલુ ધારી પહોંચ્યા સુંદરતા સજી ન્યારી;
લાગ્યા હસવાને કોશલાધીશ; બોલ્યા કરુણાસ્વરે જગદીશ.

માર્યો રાવણને બળથી તમારા, તમે પ્રાણ ખરે જ અમારા;
કર્યું તિલક વિભીષણ ભાલે, કર્યું અનુકૂળ સઘળું કાળે.

જઈ ઘેર સ્મરો મને સ્નેહે, હવે ડરશો ના કોઈથી કેમે;
થઈ વ્યાકુળ વચન સુણીને કપિ સાદર બોલ્યા નમીને.

પ્રભુ શબ્દ સૌ આપને સોહે કિન્તુ મનને અમારાં મોહે;
તમે ત્રિભુવનપતિ રઘુનાથ દીન સમજી દીધો અમને સાથ.

કરે મચ્છર ગરુડની સેવા, સુણી વચનો શરમાઈએ એવાં;
રહી ઘરની ઈચ્છા ના અમારે, આવ્યા શરણે અમે તો તમારે.

(દોહરા)

પ્રભુપ્રેરિત કપિભાલુ સૌ રાખી હૃદયે રામ,
ચાલ્યા હર્ષ વિષાદસહ અરજ કરી અભિરામ.

જાંબવાન સુગ્રીવ નીલ અંગદ નલ હનુમાન,
વિભીષણ સહિત અન્ય સૌ સેનાપતિ બળવાન,

કહી શક્યા ન કશું; ભરી લોચનમાં પાણી,
રહ્યા રામને પ્રેમવશ નિર્નિમેષ ભાળી.

*

## ૨૫. પુષ્પક વિમાનમાં પ્રયાણ

(આખ્યાન)

અતિશય પ્રીત પેખતાં પ્રાણ સૌને લીધા તરત વિમાન;
મનોમન નમી વિપ્રચરણ ચાલ્યા ઉત્તર દિશા તરફ.

થયા સતત ત્યાં શોરબકોર જય રઘુવર સ્વર ચારેકોર;
વિમાનમાં સિંહાસન ઉચ્ચ બેઠા પ્રભુ ત્યાં જગના ભૂપ.

બેઠા પ્રભુ ત્યાં સીતાસાથ, નીરખી હૈયું રહ્યું ના હાથ;
સુમેરુ પર ચપલા ઘનશ્યામ એમ જ સોહ્યાં સીતારામ.

વેગે આગળ વધ્યું વિમાન, વરસ્યા સુમનો દેવ તમામ;
ત્રિવિધ વાયુ વાવા લાગ્યો, મળ્યો લહાવો વણમાગ્યો.

સાગર સરિતા સર આકાશ નિર્મળ બની દિશાઓ ખાસ;
ચતુર્દિશ સરસ શુકન થયા, મન પ્રસન્ન સૌનાંય બન્યાં.

(દોહરા)

રામ વદ્યા, સીતા અહીં રણની ધરતીમાં,
હણ્યો લક્ષ્મણે શૌર્યથી મેઘનાદને હા !

અંગદને હનુમંતથી માર્યા અસુર ગયા,
કુંભકર્ણ રાવણ અહીં યમના ગ્રાસ થયા.

સેતુ રચી સ્થાપ્યા અહીં શંકરને સુખધામ;
સીતા સાથે રઘુવરે શિવને કર્યા પ્રણામ.

કૃપાસિંધુએ વનમહીં કરેલ જ્યાં વિશ્રામ,
સ્થાન બતાવ્યાં તે કહી વૈદેહીને નામ.

દંડક વનમાં એ પછી આવ્યું દિવ્ય વિમાન,
અગસ્ત્ય જેવા મુનિવરે સરસ કર્યાં ત્યાં સ્થાન.

આશિષ પામી એમની ચિત્રકૂટ પહોંચ્યાં;
મુનિઓને તૃપ્તિ ધરી યમુનાને જોયાં.

કલિમલ હરનારી નદી યમુના-ગંગા આ,
સીતા, પરમ પવિત્ર છે ઘટે નમન કરવાં.

પ્રયાગ તીરથરાજ આ દર્શનથી જેના,
કોટિ જન્મ કિલ્મિષ ટળે પુનિત ત્રિવેણી આ,

શોક હરે હરિધામની સીડી સમી કહી;
અયોધ્યાપુરીને જુઓ સુંદર શ્રેષ્ઠ અહીં.

ત્રિવિધ તાપ ભવરોગનો કરતી સદા વિનાશ,
સીતા ને રામે કર્યા પ્રણામ એને ખાસ.

સજલનેત્ર પુલકિત વળી હર્ષિત પ્રભુએ એ,
સ્નાન ત્રિવેણીમાં કર્યું પુનઃ પધારીને.

બ્રાહ્મણને કપિ સાથ બહુ દાન વળી દીધાં,
સમજાવી હનુમંતને વચન મધુર કીધાં.

બની બ્રહ્મચારી તમે અવધમહીં જાઓ,
ભરતને કહી કુશળતા સમાચાર લાવો.

*

(આખ્યાન)

કર્યું કપિવરે તરત પ્રયાણ; પ્રભુએ પણ કરતાં પ્રસ્થાન,
ભરદ્વાજની પાસ જઈ લહ્યા શુભાશિષ પૂજી સ્તવી.

મુનિપદ કરતાં પ્રેમ પ્રણામ ચાલ્યા રઘુવર ચઢી વિમાન;
પ્રભુ આવ્યા એ સુણી નિષાદ વદ્યો લાવવા માટે નાવ.

સુરસરીથકી આવ્યું વિમાન, ઊતર્યું તટ પર રાખી માન;
પૂજન સુરસરીતણું કરી સીતા સાદર પદે ઢળી.

અર્પી રહી શુભાશિષ ગંગ સૌભાગ્ય રહો સદા અભંગ;
દોડ્યો આતુર બની નિષાદ, પામ્યો પ્રભુનો પ્રેમપ્રસાદ.

પેખી પ્રભુને સીતા સાથ પડ્યો ધરા પર ભૂલી જાત;
ઊઠાડયો પેખીને પ્રેમ કરી રઘુવરે સત્વર રે'મ.

(છંદ - શ્રી રામચંદ્ર કૃપાલુ)

એને લગાવીને ઉરે કરુણાર્દ્ર લક્ષ્મીકાન્ત એ,
પૂછી કુશળ પ્રેમે રહ્યા બેસાડતાં પાસે ખરે;
એણે કહ્યું વિધિશંભુસેવિત વિલોકી પદપદ્મને,
છું કુશળ હું, સુખધામ પૂરણકામ વંદન રામ હે !

હરિ હીન અધમ નિષાદને ભેટી ભરત પેઠે રહ્યા,
મતિમંદ તુલસીદાસ પ્રભુને મોહવશ વિસરી ગયા;
આ રાવણારિચરિત્ર પાવન રામપદ રતિપ્રદ ખરે,
કામાદિહર વિજ્ઞાનકર સુરસિદ્ધમુનિ ગાયા કરે.

(દોહરા)

રઘુવરસમર વિજયચરિત જે પણ સુણે સુજાન,
વિજય વિવેક વિભૂતિ દે તેને નિત ભગવાન.

મલાયતન કલિકાળ આ, લે મન કરી વિચાર,
શ્રીરઘુનાથ નામવિણ નથી અન્ય આધાર.

**(લંકાકાંડ સમાપ્ત)**

*



# વિહંગાવલોકન

## ૧. શંકરની ભક્તિ

સમુદ્ર પર સેતુના રમણીય રચના પૂરી થઇ.

રામ એ સરસ સેતુરચનાથી પ્રસન્ન થયા.

એમણે એ ચિરસ્મરણીય સુખદ ભૂમિમાં શિવલિંગને સ્થાપીને પૂજા કરી.

વિષ્ણુ તથા શંકર તત્વતઃ બે નથી પરંતુ એક જ છે. કેટલાક કટ્ટર ઉપાસકો એમને અજ્ઞાનને લીધે અલગ માને છે અને એમની વચ્ચે ભેદભાવ રાખે છે. રામચરિતમાનસના કલ્યાણકવિ ભેદભાવની એ દુર્ભેદ્ય દિવાલને દૂર કરીને સાંપ્રદાયિક સંકીર્ણતામાં સપડાયેલા સમાજને એમાંથી મુક્ત કરીને સમાજની શક્તિ વધારવાની દિશામાં અતિશય ઉપયોગી અગત્યનું શકવર્તી કલ્યાણકાર્ય કરી બતાવ્યું છે. સમાજમાંથી સાંપ્રદાયિક વૈમનસ્યને હઠાવવા માટે એમણે ઉપયોગી ફાળો પ્રદાન કર્યો છે. એને માટે એમને જેટલાં પણ અભિનંદન આપીએ એટલાં ઓછાં છે. લંકાકાંડના આરંભમાં એમણે રામના શ્રીમુખમાં વચનો મુક્યાં છેઃ

सिव समान प्रिय मोहि न दूजा ॥

सिव द्रोही मम भगत कहावा। सो नर सपनेहुँ मोहि न पावा ॥

संकर बिमुख भगति चह मोरी। सो नारकी मूढ़ मति थोरी ॥

"શંકર સમાન મને બીજું કોઇ પ્રિય નથી. શંકરનો દ્રોહી થઇને જે મારો ભક્ત કહેવડાવે છે તે મનુષ્ય મને સ્વપ્નમાં પણ નથી પામતો. જે શંકરથી વિમુખ બનીને મારી ભક્તિ ઇચ્છે છે તે નરકમાં જનારો, મૂઢ અને મંદ બુદ્ધિવાળો છે."

संकर प्रिय मम द्रोही सिव द्रोही मम दास।

ते नर करहि कलप भरि धोर नरक महुँ बास ॥

"જે શંકરનો પ્રેમી પરંતુ મારો દ્રોહી હોય અને શંકરનો દ્રોહી બનીને મારો દાસ થવા ઇચ્છતો હોય, તે નર કલ્પો લગી નરકમાં વાસ કરે છે."

जे रामेस्वर दरसनु करिहहिं। ते तनु तजि मम लोक सिधरिहहिं ॥

जो गंगाजलु आनि चढ़ाइहि। सो साजुज्य मुक्ति नर पाइहि ॥

"જે રામેશ્વરનાં દર્શન કરશે તે શરીરને છોડીને મારા લોકમાં જશે. જે ગંગાજળને લાવીને આની ઉપર ચઢાવશે તે સાયુજ્ય મુક્તિને મેળવીને મારા સ્વરુપમાં મળી જશે."

"જે છળને છોડી, નિષ્કામ થઇ, રામેશ્વરને સેવશે તેને શંકર મારી ભક્તિ આપશે."

શિવ અને વિષ્ણુના નામે જ નહીં પરંતુ ધર્મ, સંપ્રદાય, સાધના તથા જાતિના નામે ચાલતા અને ફાલતાફૂલતા સર્વપ્રકારના ભેદભાવોને તથા એમનામાંથી જાગનારી વિકૃતિઓ કે

ઝેરજ્વાલાઓને તિલાંજલિ આપવાની અનિવાર્ય આવશ્યકતા છે. સમાજ એવી રીતે સ્વસ્થ, સુદ્રઢ, સુસંવાદિ અને શાંતિમય બની શકે.

*

## ૨. શબ્દપ્રયોગ

રાવણને સમુદ્ર પર સેતુરચનાના સમાચાર સાંપડ્યા ત્યારે એણે આશ્ચર્યચકિત બનીને ઉદગાર કાઢ્યાઃ

बांध्यो बननिधि नीरनिधि जलधि सिंधु बारीस।
सत्य तोयनिधि कंपति उदधि पयोधि नदीस ॥

"વનનિધિ, નીરનિધિ, જલધિ, સિંધુ, વારીશ, તોયનિધિ, કંપતિ, ઉદધિ, પયોધિ, નદીશને શું ખરેખર બાંધ્યો ?"

રાવણના મુખમાં મુકાયેલા એ શબ્દો કવિના અસાધારણ ભાષાવૈભવજ્ઞાનને અને શબ્દલાલિત્યને સુચવે છે. કવિ સંસ્કૃત ભાષાના પ્રખર પંડિત હોવાથી વિભિન્ન શબ્દોનો વિનિયોગ એમને સારુ સહજ દેખાય છે. ઉપર્યુક્ત દોહામાં સાગર શબ્દના જુદાજુદા અગિયાર પર્યાયોનો પ્રયોગ એમણે અતિશય કુશળતાપૂર્વક સફળતાસહિત કરી બતાવ્યો છે. એ પ્રયોગ આહ્લાદક બન્યો છે.

*

## ૩. ચંદ્રની ચર્ચા

પ્રકૃતિના વર્ણન વખતે કવિ કેટલીકવાર અસામાન્ય કલ્પનાશક્તિનો અને આલેખનકળાનો પરિચય કરાવે છે. કવિની કવિતાશક્તિ એવા વખતે સોળે કળાએ ખીલી ઉઠે છે. એની પ્રતીતિ માટે આ પ્રસંગ જોવા જેવો છેઃ

પૂર્વ દિશામાં રામે ચંદ્રને ઉદય પામેલો જોઇને પૂછ્યું કે ચંદ્રમાં જે કાળાશ દેખાય છે તેનું રહસ્ય શું હશે ? બધા પોતપોતાની બુદ્ધિ પ્રમાણે બોલવા લાગ્યા.

સુગ્રીવે કહ્યું કે ચંદ્રમાં પૃથ્વીની છાયા દેખાય છે.

કોઇક બીજાએ કહ્યું કે રાહુએ ચંદ્રને મારેલો. તે મારની કાળાશ તેના હૃદય પર પડી છે. કોઇક બીજાએ કહ્યું કે બ્રહ્માએ રતિનું મુખ બનાવ્યું ત્યારે ચંદ્રનો સારભાગ લેવાથી ચંદ્રના હૃદયમાં છિદ્ર રહ્યું છે.

कोउ कह जब बिधि रति मुख कीन्हा। सार भाग ससि कर हरि लीन्हा ॥
छिद्र सो प्रगट इंदु उर माहीं।

રામ બોલ્યાઃ ચંદ્રનો અતિપ્રિય બંધુ વિષ હોવાથી એણે એને પોતાના હૃદયમાં સ્થાન દીધું છે. એ વિષવાળાં કિરણોને પ્રસારી વિરહી નરનારીઓને બાળી રહ્યો છે.

હનુમાને સ્પષ્ટીકરણ કર્યું કે

कह हनुमंत सुनहु प्रभु ससि तुम्हारा प्रिय दास।
तव मूरति बिधु उर बसति सोइ स्यामता अभास ॥

"હે પ્રભુ, સાંભળો. ચંદ્ર તમારો પ્રિય દાસ છે, તમારી મૂર્તિ ચંદ્રના હૃદયમાં વસે છે. શ્યામતારૂપે એની જ ઝાંખી થાય છે."

હનુમાનજી પોતે રામભક્ત હોવાથી ચંદ્રને પણ રામભક્ત તરીકે કલ્પી કે પેખી શક્યા. આગળ પર રામે એમની સાથેના વાર્તાલાપ દરમ્યાન જણાવેલું કે અનન્ય ભક્ત પોતાને સેવક સમજીને ચરાચર જગતને પોતાના સ્વામી ભગવાનનું જ રૂપ માને છે. હનુમાનજીએ અનન્ય ભક્તની એ ભાવનાને યથાર્થ કરી બતાવી.

*

## ૪. અંગદનું દૂતકાર્ય

પોતાની પાસે સૌથી પ્રથમ પહોંચેલા હનુમાનને અને એ પછી આવેલા અંગદને રાવણ જે પ્રકારે સંબોધે છે તે પ્રકાર લગભગ એકસરખો લાગે છે. રાવણે હનુમાનને "કવન તૈં કીસા", 'હે વાનર, તું કોણ છે?' એવું કહ્યું તો અંગદને "કવન તૈં બંદર" કહ્યું. ઉભયની સાથે કરાયેલો વાર્તાલાપનો એ પ્રકાર સરખાવવા જેવો છે.

અંગદને રામે રાવણ પાસે પોતાના દૂત તરીકે મોકલ્યો. એને જણાવ્યું કે, "મારા કામને માટે લંકામાં જા. તું ખૂબ જ ચતુર છે. શત્રુ સાથે એવી રીતે વાતચીત કરવા કે જેથી આપણું કામ થાય ને તેનું કલ્યાણ સધાય."

દૂતનું કાર્ય બને તેટલી સ્થિરતા તથા સ્વસ્થતાથી કરવાનું શાંતિપૂર્વકનું કલ્યાણકાર્ય હોય છે. કોઇપણ પ્રકારના પૂર્વગ્રહ વગરની તટસ્થ વિચારશક્તિની અને સત્યલક્ષી મધુમયી વાણીની એને પોતાના કાર્યની સફળતા માટે અનિવાર્ય આવશ્યકતા હોય છે. રામચરિતમાનસને વાંચવાથી પશ્ન ઉદભને કે અંગદનું કાર્ય આદર્શ દૂતકાર્ય છે ખરું ? એનું કાર્ય આરંભથી જ ભારેલા અગ્નિને ચેતાવવાનું અથવા વાઘના મોંમા હાથ નાખવાનું છે. એનો મિજાજ લડાયક લાગે છે. એ વિવાદ કે ઘર્ષણ ઘટાડવાને બદલે વધારવાની પ્રવૃતિ કરી રહ્યો છે. એની અંદર દૂતનો આદર્શ લક્ષણોનો અભાવ છે. રામ દ્વારા એની દૂત તરીકેની પસંદગી યથાર્થ રીતે નથી થઇ, અથવા બીજી રીતે,

વધારે સારા શબ્દોમાં કહીએ તો કવિ દ્વારા એની દૂત તરીકેની પાત્રતા કે પ્રવૃતિ સુયોગ્ય રીતે રજૂ નથી થઇ.

અંગદ આરંભ જ વિનોદ, આક્ષેપ, અવહેલનાથી કરે છે. એ બાબતમાં એ રાવણ કરતાં લેશ પણ ઉતરતો નથી દેખાતો. રાવણને શાંતિથી, મીઠાશથી સમજાવવાનો પ્રયાસ કરવાને બદલે એ વાર્તાલાપના શરૂઆતના તબક્કામાં જ એવી ભળતી અને કડવી વાત કરે છે કે જે રાવણને વધારે ઉગ્ર બનાવે.

दसन गहहु तृन कंठ कुठारी। परिजन सहित संग निज नारी ॥
सादर जनकसुता करि आगें। एहि बिधि चलहु सकल भय त्यागें ॥

"દાંતમાં તણખલું અને કંઠમાં કુહાડી લઇને, કુટુંબીજનોને તથા તારી સ્ત્રીઓને લઇને, સીતાને સન્માનપૂર્વક આગળ કરીને, સર્વ ભયને છોડીને ચાલ."

"હે શરણાગતનું પાલન કરનારા રઘુવંશમણિ રામ, મારી રક્ષા કરો, એવું જણાવ. એટલે તારી વેદનામયી વાણી સાંભળીને પ્રભુ રામ તને નિર્ભય કરશે."

રાવણ અને અંગદનો વાર્તાલાપ એવી રીતે મલ્લવિદ્યાનું કે કુસ્તી રમતા પહેલવાનોના દ્વંદ્વનું સ્મરણ કરાવે છે. એમનો સંવાદ કે વિસંવાદી વિવાદ ધાર્યા કરતાં વધારે પૃષ્ઠોને રોકે છે. સંક્ષેપમાં કહીએ તો અંગદે રાવણ પાસે પહોંચીને બીજું ગમે તે કર્યું હોય પરંતુ વિષ્ટિકાર્ય તો નથી જ કર્યું. એની દ્વારા રામના દૂતને છાજે અથવા શોભે એવું ઠંડા મગજનું પ્રેમમય ગૌરવકાર્ય નથી થયું. પ્રજ્વલિત પ્રચંડ અગ્નિજ્વાળાને શમાવવાનો પ્રયત્ન કરવાને બદલે એમાં આહુતિઓ જ નાખી છે. રામે કે સુગ્રીવે એને એ માટે સહેજે ઠપકો નથી આપ્યો.

*

## ૫. કુંભકર્ણ

લંકાપુરીમાં આસુરી સંપત્તિવાળા જે રાક્ષસો રહેતા તેમાં રાવણનો ભાઇ કુંભકર્ણનો પણ સમાવેશ થતો. એને ચિરનિદ્રામાંથી જગાડીને રાવણે સીતાહરણની ને બીજી કથાઓથી માહિતગાર કર્યો. વાનરસેના સાથેના યુદ્ધમાં દુર્મુખ, દેવશત્રુ, મનુષ્યભક્ષક, પ્રચંડ યોદ્ધાઓ અતિકાય, અકંપન તથા મહોદરાદિ વીરોનો નાશ થયેલો. કુંભકર્ણે સઘળા સમાચાર સાંભળીને રાવણને ઠપકો આપ્યોઃ "મૂર્ખ, જગદંબાને હરી લાવીને તું કલ્યાણ ચાહે છે ? અહંકારને છોડીને રામને ભજવા માંડ તો તારું કલ્યાણ થશે. તેં મને પહેલેથી આ બધુ કહ્યું હોત તો સારું થાત,"

કુંભકર્ણ રાવણને ઠપકો અને ઉપદેશ આપે છે પરંતુ એની નિર્બળતાને લીધે એવાથી એ ઉપદેશનું અનુસરણ નથી થતું. રાવણના કુકર્મના વિરોધમાં એ રાવણ સાથે અસહકાર નથી કરતો.

પંડિતની પેઠે વદવા છતાં પણ રાવણનો સંબંધવિચ્છેદ કરવાને બદલે એના જ પક્ષમાં રહીને લડવા તૈયાર થાય છે. વિભીષણે જેમ રામનું શરણ લીધું એમ એનાથી ના લઇ શકાયું. એ જો રાવણની મદદ કરવાનો ઇન્કાર કરી દેત તો કદાચ રાવણની હિંમત ઓછી થાત. પરંતુ એની પોતાની નૈતિક હિંમત એટલી નહોતી. એ સંબંધમાં એની સરખામણી મારીચ સાથે કરી શકાય. પોતે જેને આદર્શ માનતા હોય એનું જ અનુસરણ કરનારા માનવો મહિમંડળમાં ઓછા - અતિવિરલ મળે છે. આદર્શોની વાતો કરનારા વધારે. વાતો કરીને એમનાથી વિરુદ્ધ વાટે ચાલનારા એમનાથી પણ વધારે.

રામ સાથેના યુદ્ધમાં કુંભકર્ણનો નાશ તો થયો જ પરંતુ એ રાવણને પણ ના બચાવી શક્યો.

*

## ૬. શુકન-અપશુકન

રામચરિતમાનસના કવિ શુકન-અપશુકનને મહત્વના માને છે. એમની કવિતામાં એમના સમયની લોકમાન્યતાના પ્રતિઘોષ પડ્યા છે. એ પ્રતિઘોષ સવિશેષ ઉલ્લેખનીય છે. બાલકાંડમાં વર્ણવ્યા પ્રમાણે રાજા દશરથના રામલગ્ન માટે અયોધ્યાથી વિદાય થયા ત્યારે કવિએ એમને થયેલા શુભ શુકનો વિશે લખ્યું છેઃ

"ચાસ નામનાં પક્ષી ડાબી તરફ ચારો લઇ રહ્યાં. તે પૂર્ણ મંગલ સૂચવી રહ્યાં. કાગડાઓ સુંદર ખેતરમાં જમણી તરફ શોભવા લાગ્યા. સૌને નોળિયાનાં દર્શન થયાં. શીતળ, મંદ, સુવાસિત, ત્રિવિધ વાયુ વાવા લાગ્યો. ભરેલા ઘડા તથા બાળકો સાથે સ્ત્રીઓ સામેથી આવી."

"શિયાળ ફરી ફરી દેખાવા માંડ્યું. સામે ઉભેલી ગાયો વાછરડાંને ધવડાવવા લાગી. મૃગોની પંક્તિ ડાબી તરફથી ફરીને જમણી તરફ આવતી દેખાઇ. જાણે મંગળોનો સમૂહ દેખાયો."

"સફેદ માથાવાળી ક્ષેમકરી ચકલીઓ વિશેષ રીતે કલ્યાણ કહેવા લાગી. કાળી ચકલીઓ ડાબી બાજુ સરસ વૃક્ષો પર જોવા મળી. દહીં તથા માછલાં સાથેના માનવો તથા હાથમાં પુસ્તકવાળા બે વિદ્વાન બ્રાહ્મણો સામે મળ્યા."

"એ મંગલમય ઇચ્છાનુસાર ફળ આપનારાં શુભ શુકનો એકસાથે થઇ રહ્યાં."

લંકાકાંડમાં રાવણે રામ સાથે યુદ્ધ કરવા પ્રયાણ કર્યું ત્યારે એને થયેલા અપશુકનોનું વર્ણન કરાયું છે. એમના પ્રત્યે સહેજ દ્રષ્ટિપાત કરી જઇએ.

"હાથમાંથી હથિયારો પડી જતાં હતા. યોદ્ધાઓ રથ પરથી ગબડી પડવા લાગ્યા. ઘોડા તથા હાથી ચિત્કાર કરતા નાસવા માંડ્યા. શિયાળ, ગીધ, કાગડા, ગધેડા અવાજો કરી રહ્યાં. કૂતરાં અને ઘુવડો અતિ ભયાનક કાળદૂત સરખાં શબ્દો કરવા લાગ્યા."

રાવણના સંહાર માચે રામે ભયંકર બાણ લીધું તે વખતનું વર્ણનઃ

"એ વખતે અનેક પ્રકારના અપશુકનો થવા લાગ્યા. ગધેડાં, શિયાળ, કૂતરાંનું રુદન. પંખીઓનું ક્રંદન. આકાશમાં જ્યાં ત્યાં ધૂમકેતુ દેખાયા. દસે દિશામાં દાહ થયો. કવખતે સૂર્યગ્રહણ થયું. મંદોદરીનું કાળજું કંપવા માંડ્યું. મૂર્તિઓ નેત્રોમાંથી પાણી વહાવવા લાગી. રોવા લાગી."

"આકાશમાંથી વજ્રપાત થયા. પ્રચંડ પવન ફૂંકાયો. પૃથ્વી ડોલવા લાગી. વાદળાં લોહી, વાળ, ધૂળ વરસાવી રહ્યાં."

"સીતાની ડાબી આંખ ફરકવા લાગી. ડાબો બાહુપ્રદેશ ફરકવા માંડ્યો."

*

## ૭. રાવણ

રામચરિતમાનસમાં રામ અને રાવણના યુદ્ધનું વર્ણન વધારે પડતા વિસ્તારથી કરાયું હોવાથી વાચકને વચ્ચે વચ્ચે કંટાળો ઉપજવાનો સંભવ રહે છે. વાચક કોઇવાર એવું વિચારે છે કે હવે આ બંન્નેનું યુદ્ધ પૂરું થાય તો સારું. યુદ્ધના એ વર્ણનને રસ સચવાય અને હેતુ સધાય એવી રીતે, અતિવિસ્તારને ટાળીને કરવામાં આવ્યું હોત તો સારું રહેત.

રામે રાવણનો નાશ કર્યો. રાવણને સમજાવવાના પ્રયત્નો કોણે કોણે કર્યા એ જાણવા જેવું છે. સૌથી પ્રથમ એને મારીચે સમજાવવાનો પ્રયત્ન કર્યો. પછી સીતાએ, જટાયુએ. લંકામાં સીતાને લઇને પહોંચ્યા પછી મંદોદરીએ, હનુમાને, વિભીષણે, એના દૂત શુકે, અંગદે, એના સુપુત્ર પ્રહસ્તે, માલ્યવંતે, કુંભકર્ણે. એવી રીતે સમજાવવાના અનેકાનેક સુઅવસરો આવ્યા તોપણ એ સમજ્યો નહીં. અથવા સમજવા છતાં પણ વિપરીત બુદ્ધિને લીધે એ પ્રમાણે ચાલ્યો નહીં.

રાવણને કથાકારોએ ખૂબ જ ખરાબ ચિતર્યો છે. એની અંદર દુર્ગુણો તથા દુરાચારનો ભંડાર ભર્યો હોય એવું માન્યું-મનાવ્યું છે. પરંતુ એનાં વિરાટ વ્યક્તિત્વનાં કેટલાંક પાસાંઓને તટસ્થતાપૂર્વક સહાનુભૂતિસહિત સમજવા જેવા છે. એ મહાન પંડિત હતો. કુશળ શાસક, રાજનીતિજ્ઞ, યોદ્ધો. શંકરનો એકનિષ્ઠ મહાન ભક્ત ને ઉપાસક. સીતાસમી સન્નારીના હરણના અસાધારણ અક્ષમ્ય અપરાધ આગળ એના ગુણો ગૌણ બની ગયા. ઢંકાઇ કે ભૂલાઇ ગયા.

રામાયણની કથામાં એને અધમાધમ કહેવામાં આવ્યો છે. પરંતુ સીતાના હરણ જેવી અન્ય અધમતા પ્રત્યે અંગૂલિનિર્દેશ નથી કરાયો. સીતાના હરણ પછી પણ એણે એને અશોકવાટિકામાં રાખી. એના પર બળજબરીપૂર્વક આક્રમણ નથી કર્યું. સીતાને પોતાની પટરાણી બનવા માટે વિચારવાનું જ કહ્યું છે. અધમ પુરુષ એવી ધીરજ ના રાખી શકે. કામનાવાસનાની પૂર્તિનો માટે માનવ ગમે તેવા નાનામોટા શાપને પણ ભૂલી જાય છે. રાવણે એવું વિસ્મરણ કરીને કુકર્મ નથી

કર્યું. એ એના વ્યક્તિત્વની સારી બાજુ છે. એના તરફ અધિકાંશ માનવોનું ધ્યાન નથી જતું. એ સીતાનો શિરચ્છેદ કરવા તૈયાર થાય છે, પરંતુ છોકરીઓના અપહરણ કરનારા આધુનિક કાળના ગુંડાઓ અથવા આક્રમકોની જેમ તલવાર, પિસ્તોલ કે બંદુકની અણીએ સીતા પર બળાત્કાર નથી કરતો. આપણે એની વ્યર્થ વધારે પડતી વકીલાત નથી કરતા પરંતુ એને થોડીક જુદી જાતની ન્યાયપૂર્ણ દ્રષ્ટિથી મૂલવીએ છીએ.

કુકર્મપરાયણ માનવોમાં પણ એકાદ-બે સારી વસ્તુઓ હોઇ શકે છે. એમને અવલોકવાથી હાનિને બદલે લાભ જ થાય છે.

*

## ૮. રામનો રથ

રામચરિતમાનસના રસજ્ઞ સ્વનામધન્ય કુશળ કળાકાર કવિ પ્રસંગોપાત્ત અવસરને અનુરૂપ વિચારકણિકાઓ રજૂ કરે છે. અત્રિમુનિના આશ્રમમાં અનસૂયા પાસે સીતાને પતિવ્રતા સ્ત્રીઓ વિશે ઉપદેશ અપાવે છે; શબરી તથા રામના સંવાદ વખતે નવધા ભક્તિને વર્ણવે છે; રામના માટે યોગ્ય કોઇ રહેવાનું સ્થાન બતાવો એવી જિજ્ઞાસાના જવાબમાં ભગવાનને વસવા લાયક સુયોગ્ય સ્થાન કેવું હોઇ શકે તેની મહર્ષિ વાલ્મીકિને નિમિત્ત બનાવીને ચર્ચાવિચારણા કરે છે; અને એવી રીતે રામ તથા રાવણના યુદ્ધ વખતે રથની સુંદર મૌલિક વિચારધારાનો પરિચય કરાવે છે. એ વિચારધારા કવિની પોતાની છે તોપણ કવિતામાં એવી અદભૂત રીતે વણાઇ ગઇ છે કે વાત નહીં. એ સર્વથા સ્વાભાવિક લાગે છે.

કવિ કહે છે કે રાવણને રથ પર અને રઘુવીરને રથ વિનાના જોઇને વિભીષણે પુછ્યું કે તમે રથ, કવચ તથા પદત્રાણ વિના વીર રાવણને કેવી રીતે જીતશો ? રામે તરત જ જણાવ્યું કે યુદ્ધમાં વિજય અપાવનારો રથ જુદો જ હોય છે.

"એ રથનાં શૌર્ય તથા ધૈર્ય પૈંડા છે. સત્ય અને શીલની મજબૂત ધજાપતાકા છે. બળ, વિવેક, દમ તથા પરોપકાર ચાર ઘોડા છે. તે ક્ષમા, દયા, સમતારૂપી દોરીથી જોડેલાં છે."

ईस भजनु सारथी सुजाना। बिरति चर्म संतोष कृपाना ॥
दान परसु बुधि सक्ति प्रचंड़ा। बर बिग्यान कठिन कोदंडा ॥

"ઇશ્વરનું ભજન ચતુર સારથિ છે. વૈરાગ્ય ઢાલ, સંતોષ તલવાર, દાન ફરશી, બુદ્ધિ પ્રચંડ શક્તિ અને શ્રેષ્ઠ વિજ્ઞાન કઠીન ધનુષ્ય."

"નિર્મળ અચળ મન ભાથા સમાન; શમયમનિયમ જુદાં જુદાં બાણ. બ્રાહ્મણ તથા ગુરુનું પૂજન અભેદ્ય કવચ. એના વિના વિજયનો કોઇ બીજો ઉપાય નથી."

"જેની પાસે એવા સુદ્રઢ રથ હોય તે વીર સંસારરૂપી મહાદુર્જય શત્રુને પણ જીતી શકે છે."

**महा अजय संसार रिपु जीति सकइ सो बीर।**

**जाकें अस रथ होइ दृढ़ सुनहु सखा मतिधीर ॥**

રામના શબ્દો સાંભળીને વિભીષણને હર્ષ થયો. એણે રામનાં ચરણ પકડીને જણાવ્યું કે તમે કૃપાળુ હોવાથી મને એ બહાને ઉપદેશ આપ્યો.

આપણે એ જ ઉદગારો કવિને લાગુ પાડીને કહીશુ કે તમે પોતે જ રામને નિમિત્ત બનાવીને એમના નામે એ બહાને ઉપદેશ આપ્યો.

કવિની કળાની વિશેષતા હોય છે. કથા, કવિતા અને ઉપદેશ અથવા કથયિતવ્ય - ત્રણે એવાં એકરૂપ બની જાય છે કે એમની અંદર કશી કૃત્રિમતા દેખાતી નથી. કવિતા એમને લીધે શુષ્ક લાગવાને બદલે વધારે રસમય ભાસે છે કે શક્તિશાળી લાગે છે.

*

## ૯. સીતાની અગ્નિપરીક્ષા

સીતા રામના પવિત્ર પ્રેમની પ્રતિમા. શીલ, સંયમ, શુદ્ધિનું સાકાર સ્વરૂપ.

અશોકવાટિકામાં પોતાના પ્રાણપ્યારા હૃદયાભિરામ રામથી દિવસો સુધી દુર રહીને એ આકરી અગ્નિપરીક્ષામાંથી પસાર થયેલી. હવે એને પોતાની શીલવૃતિને સાચી ઠરાવતા કોઇ બીજી સ્થૂળ આકરી અગ્નિપરીક્ષાની આવશ્યકતા હતી ? જરા પણ નહોતી. એવી સર્વોત્તમ સ્નેહમૂર્તિ સન્નારીની અગ્નિપરીક્ષા કરવામાં આવે, અને એ પણ એના જીવન આરાધ્ય, જીવનના સારસર્વસ્વ જેવા રામ દ્વારા, એ કલ્પના જ કેટલી બધી કરુણ લાગે છે ? છતાં પણ એ એક હકીકત છે. રાવણના નાશ પછી સીતાને લંકાની અશોકવાટિકામાંથી મુક્ત કરીને રામ પાસે લાવવામાં આવી ત્યારે રામે જ એની અગ્નિપરીક્ષાનો પ્રસ્તાવ મૂક્યો.

સીતાની અગ્નિપરીક્ષાનો વિચાર કવિને એટલો બધો આહલાદક નથી લાગતો એટલે એમણે સ્પષ્ટીકરણ કર્યું છે કે પ્રથમ પાવકમાં રાખેલા સીતાના મૂળ સ્વરૂપને ભગવાન હવે પ્રકટ કરવા માંગતા હતા, પરંતુ એ સ્પષ્ટીકરણ સંતોષકારક નથી લાગતું.

રામના આદેશાનુસાર લક્ષ્મણે અગ્નિજ્વાળા સળગાવી. સીતાએ મનોમન વિચાર્યું કે જો મારા હૃદયમાં મન, વચન, કર્મથી રઘુવીર વિના બીજી ગતિ ના હોય તો સર્વના મનની ગતિને જાણનારા અગ્નિદેવ, તમે મારા માટે ચંદનસમાન શીતળ બનો.

સીતાએ પાવકમાં પ્રવેશ કર્યો. અગ્નિદેવે એનો હાથ પકડી, એને માટે ચંદન સમાન શીતળ બનીને, એને બહાર કાઢીને રામને અર્પણ કરી.

સીતાને રામ સિવાય બીજી કોઇ ગતિ નહોતી; એનું મન રામ સિવાય બીજે ક્યાંય નહોતું; એના હૃદયમાં રામ સિવાય બીજા કોઇને માટે સ્વપ્ને પણ સ્થાન નહોતું; મનવચનકર્મથી એ એકમાત્ર રામને જ ભજી રહેલી; એની સુખદ પ્રતીતિ એ પ્રસંગ પરથી થઇ શકી. સંસારની સામાન્ય સ્ત્રી એવી અદભૂત નિષ્ઠા, પવિત્રતા તથા પ્રીતિથી સંપન્ન ના હોઇ શકે. અને એવી સ્નેહમૂર્તિ સીતાને હૃદયમાં ને રોમેરોમમાં ધારી, મનવચનકર્મથી ભજનારા રસમૂર્તિ રામ પણ કેટલાં ? રામાયણના રામ અને સીતા એક હતાં. એકમેકને અનુકૂળ, એકમેકને માટે જ જીવનારા, શ્વાસોશ્વાસ લેનારાં. એટલે તો રામના પ્રસ્તાવથી સીતાને લેશ પણ માઠું ના લાગ્યું. એણે એનો વિરોધ કરવાનું વિચાર્યું પણ નહીં. એણે લક્ષ્મણને પાવક પ્રગટાવવા જણાવ્યું.

સીતાની અગ્નિપરીક્ષાની એ કથાને સાંભળીને પ્રશ્ન ઉદભવે છે કે સીતાની પવિત્રતાની કોઇયે શંકા કરેલી ? એની અગ્નિપરીક્ષાની કોઇયે માંગણી કરેલી ? વિશાળ વાનરસેનામાંથી કે લંકાના નિવાસીઓમાંથી કોઇને એની વિશુદ્ધિ અથવા નિષ્ઠા માટે શંકા હતી ? એવી કોઇ શંકા રજૂ કરાયેલી ? અગ્નિપરીક્ષાનો વિચાર એકમાત્ર રામને જ ઉદભવેલો. એ વિચાર આદર્શ અને અનુમોદનીય હતો ? રામ શું સીતાને સાશંક નજરે નિહાળતા ? નિહાળી શકતા ? સીતાની જન્મજાત સ્વભાવગત શુદ્ધિથી, સંનિષ્ઠાથી, સ્નેહવૃત્તિથી સુપરિચિત નહોતા ? અગ્નિપરીક્ષા દ્વારા એમણે ક્યો વિશેષ લૌકિક પારલૌકિક હેતુ સિદ્ધ કરવાનો હતો ? ઊલટું, એક અનુચિત આધારરહિત શંકાને જગાવવાનું નિમિત્ત ઊભું કરવાનું નહોતું ? સમાજને માટે એક અનુકરણીય પ્રથાને પ્રારંભવાની નહોતી ? તો પછી એમણે એવો વિચાર કેમ કર્યો ?

સીતાની જગ્યાએ બીજી કોઇ સામાન્ય સ્ત્રી હોત તો તરત જ જણાવી શકી હોત કે હું વરસો સુધી અશોકવાટિકામાં રહી છું તેમ તમે વનમાં વસ્યા તથા વિહર્યા છો. એક બાજુ મારી અગ્નિપરીક્ષા થાય તો બીજી બાજુ તમારી. તમારે માટે પણ અગ્નિજ્વાળા સળગાવો. જગત આપણા બંનેની નિષ્ઠા, પ્રીતિ તથા પવિત્રતાને ભલે જાણે. પરંતુ સીતાને એવો વિચાર સ્વપ્ને પણ નથી આવ્યો. એ ભારતીય સંસ્કૃતિની આદર્શ, સર્વોત્તમ સન્નારીનું પ્રતિનિધિત્વ કરે છે. એનું દ્રષ્ટિબિંદુ જુદું છે. પ્રત્યેક સ્થળે, પ્રત્યેક પરિસ્થિતિમાં, એને પોતાના પ્રિય પતિ રામની ઇચ્છાને અનુસરવામાં જ આનંદ આવે છે. એમાં જ જીવનનું સાચું સાર્થક્ય સમાયેલું લાગે છે.

સીતાની અગ્નિપરીક્ષાનું અનુકરણ સમાજમાં કોણ કરવાનું હતું ? અને પોતાની તૈયારીથી કરે તોપણ શું નુકસાન થવાનું હતું ?

*

## ૧૦. દશરથનું પુનરાગમન

રામચરિતમાનસના કવિએ દશરથના પુનરાગમનનો વિશેષ પ્રસંગ આલેખ્યો છે. રાવણના મૃત્યુ પછી સીતાની અગ્નિપરીક્ષા કરવામાં આવી. તે પછી દેવોએ રામની સ્તુતિ કરી. બ્રહ્માએ પણ એમની આગવી રીતે સ્તુતિ કરી ત્યારે ત્યાં દશરથ આવ્યાં. રામને નિહાળીને એમની આંખમાં પ્રેમાશ્રુ પ્રકટ્યાં. રામે એમને લક્ષ્મણ સાથે વંદન કર્યું. દશરથે એમને આશીર્વાદ આપ્યા.

કવિ શિવના શ્રીમુખે પાર્વતીને કહેવડાવે છે કે દશરથે પોતાના મનને ભેદબુદ્ધિમાં જોડેલું હોવાથી મુક્તિ મેળવી ન હતી. સગુણની ઉપાસના કરનારા ભક્તો મોક્ષને ગ્રહણ કરતા નથી. રામ એમને પોતાની ભક્તિ આપે છે.

सगुनोपासक मोच्छ न लेहीं। तिन्ह कहुँ राम भगति निज देहीं ॥
बार बार करि प्रभुहि प्रनामा। दसरथ हरषि गए सुरधामा ॥

"પ્રભુને પૂજ્યભાવે વારંવાર પ્રણામ કરી દશરથ પ્રસન્નતાપૂર્વક દેવલોકમાં ગયા."

એ પ્રસંગનો ઉલ્લેખ સવિશેષ તો એટલા માટે કરવા જેવો છે કે રામચરિતમાનસ અન્ય પુરોગામી ગ્રંથોની જેમ મૃત્યુ પછીના દિવ્ય જીવનમાં ને દેવલોક જેવો દૈવી લોકવિશેષમાં માને છે. દશરથ પોતાના મૃત્યુના સુદીર્ઘ સમય પછી દેવલોકમાંથી આવીને રામ સમક્ષ પ્રકટ થયા. રામે લક્ષ્મણ સાથે એમના આશીર્વાદ મેળવ્યા એ ઉલ્લેખ દર્શાવે છે કે એવા અલૌકિક આત્માઓ અન્યત્ર, અન્ય સ્વરૂપે રહીને પણ, પોતાનાં પ્રિયજનોને પેખતા, મદદ પહોંચાડતા અને આશીર્વાદ આપતા હોય છે.

*

## ૧૧. પુષ્પક વિમાન

લંકાના અતિભીષણ સંગ્રામમાં રામે ઐતિહાસિક વિજય પ્રાપ્ય કર્યો અને વિભીષણને લંકેશ બનાવ્યો. એ પછી વિભીષણને આદેશ આપ્યો એટલે વિભીષણે પુષ્પક વિમાનમાં મણિ, ઘરેણાં અને વસ્ત્રોને લઇને વ્યોમમાંથી વરસાવ્યા.

રામચરિતમાનસમાં લખ્યું છે કે રીંછો તથા વાનરોએ કપડાં તથા ઘરેણાંને ધારણ કર્યાં. એમને દેખીને રામ ભાવવિભોર બનીને હસવા લાગ્યા.

भालु कपिन्ह पट भूषन पाए। पहिरि पहिरि रघुपति पहिं आए ॥
नाना जिनस देखि सब कीसा। पुनि पुनि हँसत कोसलाधीसा ॥


ઉપર્યુક્ત વર્ણન સ્પષ્ટ રીતે સુચવે છે કે રીંછો તથા વાનરો પશુઓને બદલે માનવો જ હતા. ભાલુ તથા વાનર માનવોની જાતિ જ હતી. પશુઓ કપડાં તથા ઘરેણાંને પહેરતાં નથી; મનુષ્યો જ

પહેરે છે. વિમાનમાંથી વસ્ત્રો ને ઘરેણાંને પશુઓને માટે વરસાવવાની કલ્પના પણ કોઇ કરતું નથી. તેવી પ્રવૃતિ અને વૃતિ અજ્ઞાનમૂલક કહેવાય છે ને મૂર્ખતામાં ખપે છે. કપડાં અને ઘરેણાં માનવોને માટે જ વરસાવવામાં આવે છે.

લંકામાંથી રામે સીતા લક્ષ્મણ અને અન્ય સહયોગીઓ સાથે અયોધ્યા પહોંચવા માટે પુષ્પક વિમાનમાં બેસી પ્રયાણ કર્યું. એ ઉલ્લેખ બતાવે છે કે રામાયણકાળમાં સેતુ રચનાની જેમ રાવણના દિવ્ય ગગનગામી રથ અને વિમાનના નિર્માણની વિદ્યા હસ્તગત હતી. પ્રજા ભૌતિક વિકાસના ક્ષેત્રમાં પણ આશ્ચર્યકારક રીતે આગળ વધેલી અને સુસમૃદ્ધ બનેલી.

* * *

**About the Author**



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ – ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી વિરહાતુર બની 'મા' ના દર્શન માટે પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહીંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ઉપનિષદ, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્ ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં(In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A Hermit in the Himalayas)

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ જીવન અને કાર્ય -▪ મા સર્વેશ્વરી એક પરિચય -

**ગદ્યકાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ દર્પણ ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સ્વાતિબિંદુ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite

**ગીતો** હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ ▪ પૂજા

**ભજનો** અભીપ્સા ▪ અર્પણ ▪ અંતરનો અનુરાગ ▪ આલાપ ▪ આરતી ▪ પ્રસાદ ▪ પ્રેમાલાપ ▪ સ્વર્ગીય સૂર ▪ સંતવાણી ▪ સાંઈ સંગીત ▪ તુલસીદલ

**પદ્યાનુવાદ** ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર)▪ **રામચરિતમાનસ** ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન

**મહાકાવ્યો** રામાયણ દર્શન ▪ કૃષ્ણ રુક્મિણી ▪ ગાંધી ગૌરવ ▪રસામૃત (રામકૃષ્ણ)

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા ▪ શ્રીરામ કથામૃત

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્ત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર)▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ)

**પ્રવચનો** અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ

**પ્રસંગો** ધૂપસુગંધ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**પ્રવાસ** તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ

**વાર્તાઓ** રોશની

**નાટક** રામનું હૃદય

*

**For more information**
**on the Life and works**
**of**
## Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**